એક્સપ્રેસ વર્ષ-15 । અંક-111 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ Ahmedabad RNI No.GUJGUJ/2011/40654






“ માનસિક સ્વાસ્થ્ય એ આપણી એકંદર સુખાકારીનો એક મૂળભૂત ભાગ છે. ચાલો આપણે સૌ સાથે મળીને એવું વાતાવરણ ઊભું કરીએ જ્યાં માનસિક સ્વાસ્થ્ય વિશેની ચર્ચાઓ સામાન્ય બને. ”

-શ્રી નરેન્દ્ર મોદી,
માનનીય વડાપ્રધાન

# ટેલિ માનસ

## ભારતનો રાષ્ટ્રીય ટેલિ માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની એક પહેલ

## શું તમે કોઈ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યા છો?

ટેલીમાનસ સાથે ગમે ત્યારે, ગમે ત્યાં મદદ મેળવો.
સમગ્ર ભારતમાં 20+ ભાષાઓમાં 24/7 ઉપલબ્ધ.

## આ ચિંતાઓ માટે અમને કૉલ કરો:

- ઉદાસી, ચિંતા અથવા તણાવ
- ઊંઘની સમસ્યાઓ
- પરીક્ષાનો તણાવ
- કુટુંબ સંબંધિત સમસ્યાઓ
- આત્મહત્યા સંબંધિત વિચારો
- નશાની સંબંધિત સમસ્યાઓ
- સંબંધોમાં પરેશાની
- યાદશક્તિ સાથે જોડતા મુદ્દા
- પૈસાની ચિંતા અથવા અન્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ

“ છેલ્લા 3 વર્ષમાં અમે 3 મિલિયનથી વધુ કોલ્સને સહાય કરી છે. ”

## ટેલી માનસને કોલ કરો :

24/7

# 14416

ટ્રોલ ફ્રી નંબર

ટેલી માનસ એપ ડાઉનલોડ કરો અને સ્વ-સંભાળ સામગ્રી અને સુખાકારી પ્રેક્ટિસ મોડ્યુલ્સનું અન્વેષણ કરો.



CBC 17193/13/0006/2526

- 10 પ્રાદેશિક ભાષાઓ + અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ.
- અપંગ વપરાશકર્તાઓ માટે સુલભતા સુવિધાઓ.

તમારા પ્રશ્નો, માહિતી અને સમર્થન માટે 'અસ્મી' ચેટબોટને મળો.

અહીં સ્કેન કરો

ટેલી માનસ વિશે વધુ જાણવા અને એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે!

## ૨૨ કિલો ગાંજાનો જથ્થો રેલવેએ ઝડપ્યો, કોઈમ્બતુર-જયપુર સ્પેશિયલ ટ્રેનમાં પોલીસ તપાસ

# વડોદરા રેલવે સ્ટેશને ટ્રેનમાંથી લાખોનો ગાંજો ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 02

દક્ષિણ ભારતથી ગુજરાતમાં આવતી લાંબા અંતરની ટ્રેનો હવે નશાના સોદાગરો માટે સુરક્ષિત માર્ગ બની રહી હોય તેવું જણાય છે. વડોદરા રેલવે સ્ટેશન પર આરપીએફ અને રેલવે પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને કોઈમ્બતુર-જયપુર સ્પેશિયલ ટ્રેનમાંથી બિનવારસી હાલતમાં પડેલો ૨૨ કિલો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત અંદાજે ૧૧ લાખ રૂપિયા આંકવામાં આવી છે. ટ્રેનના શૌચાલય પાસે અત્યંત ચાલાકીપૂર્વક મુકવામાં આવેલા આ કોથળાએ રેલવે સુરક્ષા દળોની સતર્કતાને કારણે નશાના આ કારોબારનો પર્દાફાશ કર્યો છે.

ઘટનાની વિગત મુજબ, કોઈમ્બતુરથી જયપુર જતી સ્પેશિયલ ટ્રેનના બી-૧૨ કોચમાં ફરજ બજાવતા રેલવે કર્મચારીને શૌચાલય પાસે એક લાવારિસ પ્લાસ્ટિકની થેલી અને ટ્રોલી બેગ જોવા મળી હતી. આ સામાન કોનો છે તે અંગે મુસાફરોની પૃચ્છા કરવામાં આવતા કોઈએ દાવો કર્યો નહોતો. આથી તાત્કાલિક ધોરણે આરપીએફને જાણ કરવામાં આવી હતી. મેસેજ મળતા જ જ્યારે ટ્રેન વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૬ પર આવી પહોંચી, ત્યારે પોલીસ કાફલાએ કોચમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.



### FSL તપાસમાં નશીલા પદાર્થની પુષ્ટિ

પોલીસે તપાસ દરમિયાન બાથરૂમ પાસે પડેલા એક મીણીયા કોથળા અને આસમાની રંગની ટ્રોલી બેગને કબજે લીધી હતી. પ્રાથમિક તપાસમાં ટ્રોલી બેગ ખાલી જણાઈ હતી, પરંતુ મીણીયા કોથળામાં ખાખી રંગની સેલોટેપથી વિંટાળેલા ૧૧ પેકેટો મળી આવ્યા હતા. શંકાસ્પદ જથ્થો હોવાથી પોલીસે એફએસએલ (FSL) ના નિષ્ણાતોની મદદ લીધી હતી. એફએસએલના રિપોર્ટમાં આ જથ્થો વનસ્પતિજન્ય નશીલો પદાર્થ એટલે કે ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી. પોલીસે ૨૨ કિલો વજન ધરાવતા આ ૧૧ પેકેટોને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અજાણ્યા શખ્સો સામે ગુનો અને તપાસ

રેલવે પોલીસે આ મામલે અજાણ્યા શખ્સો વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ જથ્થો કયા સ્ટેશનથી ટ્રેનમાં ચડાવવામાં આવ્યો હતો અને તેને ગુજરાતમાં કયા સ્થળે ઉતારવાનો હતો. સીસીટીવી ફૂટેજની મદદથી શંકાસ્પદ હિલચાલ ધરાવતા વ્યક્તિઓની ઓળખ કરવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે પેડલરો પોલીસથી બચવા માટે સામાન બિનવારસી હાલતમાં મૂકી દેતા હોય છે અને નિર્ધારિત સ્ટેશન આવતા જ તેને ઉઠાવી લેતા હોય છે.

### રેલવે માર્ગે નશાની હેરાફેરીમાં વધારો

છેલ્લા કેટલાક સમયથી ઓડિશા અને દક્ષિણ ભારતના રાજ્યોમાંથી ટ્રેન મારફતે ગાંજાની હેરાફેરીના કિસ્સાઓ વધ્યા છે. વડોદરા રેલવે સ્ટેશન એક મહત્વનું જંકશન હોવાથી અહીં અવારનવાર આવા જથ્થા પકડાતા રહે છે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને પણ અપીલ કરવામાં આવી છે કે જો ટ્રેનમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે બિનવારસી સામાન જોવા મળે તો તુરંત હેલ્પલાઈન નંબર પર જાણ કરવી.

વડોદરામાં પકડાયેલો આ ૧૧ લાખનો ગાંજો સૂચવે છે કે નશાના સોદાગરો હજુ પણ સક્રિય છે. જોકે, પોલીસની સતર્કતાને કારણે આટલો મોટો જથ્થો બજારમાં પહોંચતા પહેલા જ પકડાઈ ગયો છે. હવે જોવાનું એ રહે છે કે આ રેકેટના મૂળ સુધી પોલીસ ક્યારે પહોંચે છે.

## ધમકી આપનારાઓ હવે બચશે નહીં બોમ્બ ધમકીનો સોર્સ મળ્યો



રાજકોટ | ગુજરાત રાજ્યભરની શાળાઓ, અદાલતો અને સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓના સતત વધી રહેલા બનાવો વચ્ચે પોલીસ તંત્રને મોટી સફળતા મળી છે. ઈન્ચાર્જ ડીજીપી ડો. કે.એલ.એન. રાવે રાજકોટ ખાતે યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં મહત્વનું નિવેદન આપતા જણાવ્યું છે કે, આ ધમકીઓ આપનાર બોમ્બ ધમકીનો સોર્સ મળ્યો છે અને ટૂંક સમયમાં જ આ બાબતે મોટો ખુલાસો કરવામાં આવશે. છેલ્લા ઘણા સમયથી અજાણ્યા ઈમેઈલ્સ અને ફેક કોલ્સ દ્વારા ફેલાવવામાં આવતા ભયના વાતાવરણ વચ્ચે આ સમાચાર રાજ્ય માટે રાહતરૂપ સાબિત થયા છે. ડીજીપી રાવે જણાવ્યું કે આ બાબત અત્યંત સંવેદનશીલ છે કારણ કે ધમકી આપનારાઓ પોતાની ઓળખ છુપાવવા માટે વિદેશ સ્થિત વીપીએન (VPN) નો ઉપયોગ કરી રહ્યા છે. સેન્ટર ફોર એક્સલેન્સ અને ક્રાઈમ બ્રાંચની ઉચ્ચ સ્તરીય ટીમો આ બાબતે દિવસ-રાત કાર્યરત છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ સોર્સ દેશની બહારના હોવાની પ્રબળ શક્યતા છે.

## દાંડિયાબજારમાં 'રફતારનો કહેર' વડોદરામાં અકસ્માતનો કહેર વધ્યો, બેફામ બાઈક સવાર CCTVમાં કેદ

(એજન્સી) વડોદરા । તા. 02

સંસ્કારી નગરી વડોદરાના માર્ગો જાણે લોહિયાળ બની રહ્યા હોય તેમ એક પછી એક ગંભીર અકસ્માતોની ઘટનાઓ સામે આવી રહી છે. આજે શહેરના મધ્યમાં આવેલા ભરચક દાંડિયાબજાર વિસ્તારમાં લકડી પુલ પાસે વડોદરામાં અકસ્માતનો કહેર જોવા મળ્યો હતો. એક પુરપાટ ઝડપે આવતા બાઈક ચાલકે મોપેડ સવાર બે યુવતીઓને અડફેટે લેતા બંને ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ ઘટનાએ શહેરની કથળતી ટ્રાફિક વ્યવસ્થા અને વાહન ચાલકોમાં રહેલા કાયદાના ડરના અભાવને ફરી એકવાર છતો કર્યો છે.

અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતાની સાથે જ બંને યુવતીઓ હવામાં ફંગોળાઈને રસ્તા પર પટકાઈ હતી. અકસ્માત સર્જ્યા બાદ બેફામ બાઈક સવારની બેદરકારી અહીં જ ન અટકી, માનવતા નેવે મૂકીને તે ઈજાગ્રસ્તોની મદદ કરવાના બદલે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિકો અને રાહદારીઓએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં બંને યુવતીઓને ૧૦૮ મારફતે સયાજી હોસ્પિટલ (SSG) ખસેડી હતી, જ્યાં તેમની હાલત અત્યારે નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં જોઈ શકાય છે કે બાઈક ચાલક કોઈ પણ જાતના નિયમોના પાલન વગર ભયજનક ઝડપે વાહન હંકારી રહ્યો હતો. બે યુવતીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હોવા છતાં ફરાર થઈ ગયેલા ચાલક પ્રત્યે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે ફૂટેજના આધારે બાઈક નંબર મેળવીને ગુનેગારની ઓળખ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલો

વડોદરાના ભરચક વિસ્તારોમાં પણ જો વાહનો આટલી ઝડપે ચાલતા હોય, તો ટ્રાફિક પોલીસ શું કરી રહી છે તેવો પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્પીડ લિમિટના નિયમો અને પેટ્રોલિંગના અભાવે નિર્દોષ લોકોનો જીવ જોખમમાં મુકાઈ રહ્યો છે.



## સિસ્ટમની લાપરવાહી સામે જનતાનો રોષ કરચિયા રેલવે ફાટક પર હોબાળો

(એજન્સી) કરચિયા/વડોદરા । તા. 02

વડોદરા નજીક આવેલા કરચિયા ગામ પાસે રેલવે ફાટક (લેવલ ક્રોસિંગ-241) પર રેલવે તંત્રની કથિત લાપરવાહી સામે સ્થાનિકોનો રોષ ફાટી નીકળ્યો છે. લાંબા સમયથી ચાલી આવતી ફાટક બંધ રહેવાની સમસ્યાને લઈને ગઈકાલે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને કરચિયા રેલવે ફાટક પર હોબાળો મચાવ્યો હતો. પરિસ્થિતિ વણસતી જોઈ રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ના જવાનોએ સ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો, પરંતુ ગ્રામજનોએ હવે આરપારની લડાઈના મૂડમાં છે.

ગ્રામજનોનો ગંભીર આક્ષેપ છે કે રેલવે સેક્શન ક્લિયર હોવા છતાં ગેટમેન દ્વારા એક-એક કલાક સુધી ફાટક ખોલવામાં આવતી નથી. હાલમાં ધોરણ 10 અને 12 ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે, ત્યારે વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર પહોંચવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કરચિયા ઉપરાંત દશરથ, રણોલી, બાજવા, આજોડ અને કોયલી જેવા આસપાસના ગામોના આશરે 5000 થી વધુ લોકો આ માર્ગ પર નિર્ભર છે. આ ટ્રાફિક જામને કારણે વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ પરેશાન થઈ રહ્યા છે. અગાઉના વિરોધ પ્રદર્શન બાદ ડેપ્યુટી કલેક્ટરે ડીઆરએમ (DRM) ને લેખિતમાં સૂચના આપી હતી કે ફાટક 20 મિનિટથી વધુ બંધ રાખવી નહીં.

## સહકારી રાજકારણમાં ગરમાવો બરોડા ડેરીની ચૂંટણીમાં જંગ જામશે

(એજન્સી) વડોદરા । તા. 02

બરોડા ડેરીની આગામી ચૂંટણીને લઈને સહકારી રાજકારણમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થતા જ ડેરીના પ્રમુખ દીનુ મામા સહિત કુલ 6 ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. હવે બાકી રહેલી બેઠકો પર જ ખરાખરીનો ખેલ ખેલાશે, જેના કારણે બરોડા ડેરીની ચૂંટણીમાં જંગ વધુ રોમાંચક બન્યો છે. આગામી 18 માર્ચના રોજ યોજાનારી આ ચૂંટણી માટે અત્યારથી જ રાજકીય ગણગણાટ શરૂ થઈ ગયો છે.

ચૂંટણી અધિકારી દ્વારા હાથ ધરવામાં આવેલી ફોર્મ ચકાસણી બાદ માન્ય ઉમેદવારી પત્રોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં નસવાડી બેઠક પરથી ઉપપ્રમુખ જી.બી. સોલંકી અગાઉ જ બિનહરીફ જાહેર થયા હતા. આજે ડેરીના વર્તમાન પ્રમુખ દીનુ મામા પણ ફરી એકવાર બિનહરીફ વિજેતા બન્યા છે. આ ઉપરાંત સંખેડા બેઠક પર ક્રિપાલસિંહ મહારાઉલ, બોડેલી બેઠક પર રમેશભાઈ બારીયા, વાઘોડિયામાં રાજુભાઈ અલવા અને છોટાઉદેપુર બેઠક પર સંગ્રામસિંહ રાઠવાની સામેના ફોર્મ રદ થતા 6 બેઠક બિનહરીફ જાહેર કરવામાં આવી છે.

બરોડા ડેરીની કુલ બેઠકોમાંથી હવે માત્ર સાત બેઠકો એવી છે જ્યાં ઉમેદવારો વચ્ચે સીધો મુકાબલો થશે. વિરોધ પક્ષો અને અપક્ષ ઉમેદવારી કરનારાઓ વચ્ચે આ 7 બેઠકો પર રસાકસી જોવા મળશે. જોકે, ચૂંટણીનું અંતિમ અને સ્પષ્ટ ચિત્ર આગામી 7મી માર્ચે ફોર્મ ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ જ સામે આવશે. સત્તાધારી પેનલના મોટાભાગના ડિરેક્ટર્સ રીપીટ થતા તેમનું પલ્લું હાલમાં ભારે જણાઈ રહ્યું છે.

### સહકારી માળખામાં સત્તાનો સંઘર્ષ

બરોડા ડેરીની આ ચૂંટણી વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના પશુપાલકો માટે અત્યંત મહત્વની છે. જે બેઠકો પર ચૂંટણી યોજાવાની છે ત્યાં ઉમેદવારોએ અત્યારથી જ પાયાનું કામ શરૂ કરી દીધું છે. સત્તા ટકાવી રાખવા માટે દીનુ મામાની પેનલ અને પરિવર્તન ઈચ્છતા જૂથો વચ્ચે આગામી દિવસોમાં સોગઠાબાજી તેજ બનશે તે નક્કી છે.

## ઊનામાં પત્નીની હત્યા ગૃહકલેશમાં પતિએ લોખંડના દસ્તાના ઘા ઝીંક્યા



ઊના | ઊના પંથકના સીમર ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં નજીવા ગૃહકલેશમાં પતિએ જ પોતાની પત્નીની કરપીણ હત્યા કરી નાખી છે. વાડી વિસ્તારમાં રહેતા જગદીશ ઉર્ફે જગાભાઈ ડાભીએ પોતાની ૪૫ વર્ષીય પત્ની લક્ષ્મીબેન સાથે ઉગ્ર બોલાચાલી બાદ આવેશમાં આવી જઈ લોખંડના દસ્તા વડે આડેધડ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ગંભીર ઈજાઓ થવાથી લક્ષ્મીબેનનું મોત નીપજ્યું છે, જેના કારણે ઊનામાં પત્નીની હત્યાનો મામલો સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. મીડિયા અહેવાલ મુજબ, જગદીશ અને લક્ષ્મીબેન વચ્ચે કોઈ અગમ્ય કારણોસર ઝઘડો થયો હતો. વાત એટલી વણસી ગઈ કે જગદીશે ઘરમાં પડેલો લોખંડનો દસ્તો ઉપાડી લક્ષ્મીબેનના માથામાં અને શરીરના અન્ય ભાગોએ અનેક ઘા માર્યા હતા. લોહીલુહાણ હાલતમાં લક્ષ્મીબેનને સીમર હોસ્પિટલે ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ સાંભળતા જ હોસ્પિટલ પહોંચેલા તેમના બે પુત્રો કેતન અને દિનેશ ભાંગી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.

# સાંધીએર નૃસિંહ ભગવાન મંદિરે પૂજા બાદ જ પ્રગટે છે હોળી

(એજન્સી) સુરત । તા. 02

સમગ્ર દેશમાં જ્યારે હોળીકા દહન માટે શાસ્ત્રોક્ત મુહૂર્તની રાહ જોવામાં આવે છે, ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાંધીએર ગામે એક અનોખી અને સદીઓ જૂની પરંપરા આજે પણ જીવંત છે. આ ગામમાં હોળી પ્રગટાવતા પહેલા ગ્રામજનો ભગવાન વિષ્ણુના ચોથા અવતાર એવા નૃસિંહ ભગવાનના શરણે જાય છે. સદીઓથી ચાલી આવતી પરંપરા મુજબ, જ્યાં સુધી નૃસિંહ ભગવાનના મંદિરમાં વિધિવત પૂજા-અર્ચના અને આરતી પૂર્ણ ન થાય, ત્યાં સુધી ગામમાં હોળી પ્રગટાવવામાં આવતી નથી. આ આસ્થા પાછળ ભક્ત પ્રહલાદની રક્ષાની પૌરાણિક કથા જોડાયેલી છે.સાંધીએર ગામમાં આવેલું નૃસિંહ ભગવાનનું મંદિર ૫૦૦ વર્ષથી વધુ પ્રાચીન હોવાનું મનાય છે. આ મંદિરની સૌથી મોટી વિશેષતા અહીં સ્થાપિત ભગવાન નૃસિંહની મૂર્તિ છે. સામાન્ય રીતે મંદિરોમાં ભગવાન નૃસિંહનું રૌદ્ર અને ઉગ્ર સ્વરૂપ જોવા મળતું હોય છે, પરંતુ સાંધીએરમાં ભગવાન અત્યંત શાંત અને કરુણામય મુદ્રામાં બિરાજમાન છે. અહીં ભગવાન નૃસિંહના ખોળામાં ભક્ત પ્રહલાદ બેઠેલા દર્શાવવામાં આવ્યા છે. આવી પ્રતિમા સમગ્ર ભારતમાં ખૂબ જ ઓછી જગ્યાએ જોવા મળે છે, જે આ મંદિરને ભક્તો માટે વિશેષ શ્રદ્ધાનું કેન્દ્ર બનાવે છે. મંદિરના ટ્રસ્ટી ભરત પુરોહિતના જણાવ્યા અનુસાર, આ મંદિર આશરે ૧૫૦૦ વર્ષ જૂની ઐતિહાસિક 'વણઝારા વાવ'ની નજીક આવેલું છે. ગુજરાતમાં નૃસિંહ ભગવાનના ગણતરીના મંદિરો છે, જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના આ સાંધીએર મંદિરનો સમાવેશ થાય છે. આ મંદિર માત્ર સ્થાનિક લોકો માટે જ નહીં, પરંતુ રાજસ્થાનના અનેક સમાજો માટે પણ આસ્થાનું કેન્દ્ર છે, કારણ કે નૃસિંહ ભગવાન અનેક પરિવારોના કુળદેવતા છે. સમયના અભાવે જે લોકો રાજસ્થાન જઈ શકતા નથી, તેઓ હવે મોટી સંખ્યામાં સુરતના આ પ્રાચીન મંદિરે દર્શનાર્થે આવે છે. હિન્દુ ધર્મની લોકવાયકા મુજબ, હિરણ્યકશિપુની બહેન હોલિકા જ્યારે ભક્ત પ્રહલાદને જીવતા સળગાવવા માટે અગ્નિમાં બેઠી હતી, ત્યારે ભગવાન નૃસિંહે જ પ્રહલાદની રક્ષા કરી હતી. આ જ કારણ છે કે સાંધીએર ગામમાં હોળીના દિવસે આ મંદિરનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. ગામલોકો માને છે કે ભગવાનની પૂજા કર્યા બાદ જ હોળી પ્રગટાવવાથી ગામમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે છે. આધુનિક યુગમાં પણ ગામના યુવાનો અને વડીલો આ ધાર્મિક પરંપરાને અખંડ નિભાવી રહ્યા છે.

## પરંપરા બની પ્રોત્સાહક હોળીમાં ધાણી-ચણાનું મહત્વ અને વેપાર વધ્યો

સુરત | હોળી-ધુળેટીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સુરત સહિત દક્ષિણ ગુજરાતના બજારોમાં રંગ-ગુલાલની સાથે ધાણી-ચણાની સુગંધ પ્રસરી રહી છે. સદીઓથી ચાલી આવતી ધાર્મિક પરંપરાને કારણે હોળીમાં ધાણી-ચણાનું મહત્વ આજે પણ યથાવત છે, જેના કારણે સુરતના ફૂટપાથથી માંડીને મોટા મોલ સુધી ધાણીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ પરંપરા માત્ર આસ્થા પૂરતી સીમિત નથી, પરંતુ તે અનેક સીઝનલ અને નાના વેપારીઓ માટે આર્થિક ટેકો બનીને આવી છે. સુરતીઓ કોઈપણ તહેવારને અનોખા અંદાજમાં ઉજવવા માટે જાણીતા છે. ભલે આજે જમાનો ડિજિટલ બન્યો હોય અને પાર્ટી કલ્ચર વધ્યું હોય, પરંતુ હોળીના પવિત્ર અગ્નિમાં ધાણી-ચણા અર્પણ કરવાની પરંપરા યુવાનોમાં પણ લોકપ્રિય છે.

## ન્યાય માટે પીડિતાની આખરી ચીમકી પોલીસ ફરિયાદમાં વિલંબ અને આક્રોશ

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા શહેરમાં એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ન્યાય માટે પોલીસના દરવાજા ખટખટાવ્યા બાદ પણ નિરાશા સાંપડતા એક પીડિતાએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને આત્મહત્યાની પરવાનગી માંગી છે.

શારીરિક છેડતી અને વિશ્વાસઘાત જેવી ગંભીર અરજી બાદ પણ બે મહિના સુધી પોલીસ ફરિયાદમાં વિલંબ અને આક્રોશ જોવા મળતા યુવતીએ આ આત્યંતિક પગલું ભરવાની તૈયારી દર્શાવી છે. આ ઘટનાએ વડોદરા પોલીસની કાર્યક્ષમતા અને મહિલા સુરક્ષાના દાવાઓ સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

યુવતી જ્યારે ૧૬ વર્ષની હતી ત્યારે તેના જ્ઞાતિના એક યુવક સાથે તેની સગાઈ થઈ હતી. ૧૮ વર્ષની ઉંમર બાદ લગ્ન કરવાનું વચન અપાયું હતું. સગાઈના ગાળામાં યુવક અને તેના પરિવારજનો સાથે યુવતી ધાર્મિક સ્થળોએ પણ ગઈ હતી. જોકે, યુવતી પુખ્ત વયની થતા જ્યારે લગ્નની વાત આવી, ત્યારે યુવકના પરિવારે લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પીડિતાનો આક્ષેપ છે કે સગાઈ દરમિયાન યુવકે તેની સાથે જબરદસ્તી કરવાનો પ્રયાસ કર્યો હતો અને ઈનકાર કરતા મારઝૂડ કરી સમાજમાં ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. છેડતી અને લગ્નની છેતરપિંડીનો ભોગ બનેલી આ યુવતી ન્યાય માટે ભટકી રહી છે.

પીડિતાએ જણાવ્યું કે તેણે આ મામલે પોલીસમાં તમામ પુરાવાઓ સાથે અરજી આપી છે, તેમ છતાં બે મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં પોલીસે હજુ સુધી ગુનો દાખલ કર્યો નથી. કાયદાકીય મદદ ન મળતા અંતે કંટાળીને યુવતીએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. પત્રમાં તેણે આક્રમક રીતે લખ્યું છે કે, "જો મને ન્યાય ન મળતો હોય, તો મને ન્યાય માટે આત્મહત્યાની પરવાનગી માંગી છે તેમ સમજી મને મરવાની મંજૂરી આપો."


Ability to offer
first-to-market products with
novel control technologies,
built in-house, to leading OEMs
and secure significant market share.




Design and supply critical, control-intensive* Electronic Control Units to major vehicle and industrial OEMs in India, USA and Europe

Cumulatively sold more than 10 million^ control-intensive* products to automotive (2W, 3W) and genset market



SEDEMAC
SEDEMAC MECHATRONICS LIMITED
www.sedemac.com

^As of December 31, 2025 (Source: CRISIL Report)
*Control-intensive products include genset controllers, ISG ECU, ISG + EFI ECU, EFI ECU, and electric vehicle motor controllers

ICE Vehicles I Electric Vehicles I e-Bikes I Generators I Power Tools I Outdoor Powered Equipment

**SEDEMAC MECHATRONICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on February 25, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.sedemac.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Avendus Capital Private Limited and Axis Capital Limited at www.icicisecurities.com, www.avendus.com and www.axiscapital.co.in respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "**Risk Factors**" beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold in offshore transactions as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.

Adfactors 854/26

અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 03-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂ વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમારૂ સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે.

**કર્ક : ડ. હ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**સિંહ : મ. ટ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**તુલા : ર. ત.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મકર : ખ. જ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

## શણગાર

### ડાકોરમાં ભક્તિનો મહાસાગર : નવરંગ શણગારમાં શોભ્યા ઠાકોરજી



ડાકોર,નડિયાદ : ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ફાગણી પૂનમના મેળાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ સજ્જ બન્યું છે. ડાકોરમાં ફાગણી પૂનમના મહાપર્વે ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ રચાયો છે. રણછોડરાયજીના મંદિરમાં સેવકભાઈઓએ ઠાકોરજી સાથે નવરંગ ગુલાલથી હોળી રમી ભક્તોને ભક્તિના રંગે રંગ્યા હતા. પદયાત્રીઓના મનોરંજન માટે દિગ્ગજ કલાકારોના સાંસ્કૃતિક કાર્યક્રમો અને વહીવટી તંત્રની ફૂડ સેફ્ટીની સજ્જતા વચ્ચે લાખો ભક્તોએ 'જય રણછોડ'ના નાદ સાથે ડાકોરમાં ધામા નાખ્યા છે. રવિવારે રેન્જ આઈજી સાથે ખેડા જિલ્લા પોલીસ વડા પણ ડાકોર પહોંચ્યા હતા. તેમની સાથે ડીવાયએસપી, એલસીબી સહિત જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના પીઆઈ અને મોટી સંખ્યામાં પોલીસકર્મીઓએ પણ ડાકોરના ઠાકોરના આશીર્વાદ લીધા હતા. દર્શન બાદ અધિકારીઓએ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ડાકોરના ઠાકોરજી રવિવારે નવરંગે રંગાયા હતા. સવારે શણગાર ભોગ સમયે સેવકભાઈઓએ ભગવાન સાથે રંગોળી રમી હતી, જેના રંગે દર્શનાર્થીઓ પણ તરબોળ થયા હતા. રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ અને ખેડા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં કલાકારોએ 'દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ છે'

---

### મહાયાત્રા દરમિયાન ચોમેર જય જય આદિનાથનો નાદ ગૂંજયો

# પાલિતાણામાં50હજારથીવધુયાત્રિકોએ શેત્રુંજયની 6 ગાઉની પરિક્રમા પૂર્ણ કરી

(એજન્સી) પાલિતાણા | તા.02

જૈનોના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાલીતાણાના શાશ્વત તીર્થ શેત્રુંજય ગિરિવર ઉપર છ ગાઉની પરિક્રમાનો આજે ફાગણ સુદ તેરસ ને રવિવારે સવારે ૪ કલાકે વિધિવત રીતે જય જય શ્રી આદિનાથના ગગનભેદી જયઘોષ સાથે પાલીતાણા તળેટીથી પ્રારંભ થયો હતો.યાત્રા દરમિયાન ફોરેસ્ટર, સિકયુરીટી, પોલીસ બંદોબસ્ત અને એસ.ટી. તંત્ર દ્વારા આદપુર સિદ્ધવડ આવવા જવા માટે વિશેષ બસ ટ્રીપની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.જ્યાં કાંકરે કાંકરે અનંત આત્માઓ મોક્ષ પામ્યા છે તેવા શાશ્વત ગીરીરાજ શેત્રુંજયની આજની આ છ ગાઉની યાત્રામાં દેશ વિદેશમાંથી અંદાજે ૫૦ હજારથી વધુ આબાલવૃધ્ધ શ્રાવક,શ્રાવિકાઓ, સાધુ ભગવંતો તેમજ સાધ્વીજી ભગવંતો વગેરેએ બહોળી સંખ્યામાં જોડાઈને પુણ્યનું ભાથુ બાંધ્યુ હતુ. સિદ્ધવડ ખાતે પાલમાં એક લાખ કરતા વધુ યાત્રિકો અને સ્થાનિકો આવ્યા હતા. છ ગાઉની યાત્રાની શરૂઆત શેત્રુંજય તીર્થની તળેટીએથી શરૂ થઈ હતી અને સિદ્ધવડ ખાતે પૂર્ણ થઈ જ્યા દર્શન-ચૈત્યવંદન કર્યા હતા.પાલભક્તિના મંડપના પ્રવેશ દ્વાર નજીક દરેક યાત્રિકોના જમણા પગનો અંગુઠો દૂધ અને પાણીથી ધોઈ, કુમકુમનું તિલક કરી સંઘ પૂજન કરવામાં આવ્યુ હતુ.આ વખતે ૪૭ પાલમાં ૮૦ થી વધુ સંઘપૂજન કરાયા હતા. આ સ્થળે આ વર્ષે દેશભરના જૈન સંઘના ૯૮ વધુ પાલ ભક્તિના મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં સીઝનલ ફ્રુટથી લઈને અનેક ખાદ્ય વાનગીઓ પીરસવામાં આવી હતી.

**કચ્છી સમાજે શનિવારે મહાયાત્રા કરી |** અચલગચ્છના કચ્છી સમાજ દ્વારા શનિવારે પરંપરાગત રીતે ફાગણ સુદ તેરસની મહાયાત્રા કરી હતી. તેઓ માટે સિધ્ધવડ ખાતે એક પાલની વ્યવસ્થા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે કચ્છી સમાજના અંદાજે ચારેક હજાર જેટલા શ્રાવક શ્રાવિકાઓએ ભાવ અને ભકિતમય માહોલમાં શેત્રુંજયની મહાયાત્રા કરી હતી.

**તપસ્વીઓ માટે ઉકાળેલા પાણીનો પણ પ્રબંધ કરાયો |** પાલિતાણાના સિધ્ધવડ ખાતે તપસ્વીઓ માટે એકાસણા, બિયાસણા અને આયંબીલની વ્યવસ્થા તેમજ શેત્રુંજય પર્વતથી આદપુર પાલ સૂધી ઠેર-ઠેર ઉકાળેલા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ ઉપરાંત સારવાર કેન્દ્ર દ્વારા અનેક જરૂરીયાતમંદ યાત્રિકોને મેડીકલ ટ્રીટમેન્ટ પણ અપાઈ હતી. તેમજ આકસ્મિક સંજોગોને પહોચી વળવા માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની વ્યવસ્થા પણ તંત્રવાહકો દ્વારા કરવામાં આવી છે.

---

### કોરોના સ્વાઈન ફ્લૂનો એક પણ કેસ નહી

## શિયાળામાં દરરોજ સરેરાશ શરદી, ઉધરસ અને તાવના 32 કેસ

ભાવનગર : શિયાળાની વિદાય અને ઉનાળાનો પ્રારંભની સ્થિતિમાં હાલ શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય પર થઈ રહી છે. આ વચ્ચે શિયાળ દરમિયાન ઋતુગત બિમારીના નોંધપાત્ર કેસો હોસ્પિટલમાં જોવા મળી છે. શિયાળાની ઋતુ દરમિયાન ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં દરરોજ સરેરાશ ૩૨ શરદી-ઉધરસ અને તાવના દર્દીઓ નોંધાયા છે. જોકે સ્વાઈન ફ્લૂ અને કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શિયાળાની ઋતુ દરમિયાન ભાવનગર શહેરમાં ઋતુગત બિમારીઓનું પ્રમાણ નોંધપાત્ર જોવા મળ્યું છે. ૧લી નવેમ્બર-૨૦૨૫ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીના આશરે સાડા ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન શહેરની સર ટી.હોસ્પિટલમાં શરદી-ઉધરસ અને તાવના દરરોજ સરેરાશ ૩૨ કેસ નોંધાયા છે. હાલ શિયાળાની વિદાય અને ઉનાળાના પ્રારંભના સમયગાળામાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે જેની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે. આ વચ્ચે શિયાળા દરમિયાન ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં તાવ તથા શરદી-ઉધરસના દર્દીઓનો ઘસારો નોંધપાત્ર રહ્યો છે. છેલ્લા સાડા ત્રણ મહિનામાં હોસ્પિટલમાં તાવ અને શરદી-ઉધરસના મળી કુલ ૩૬૩૫ દર્દીઓ નોંધાયા છે. જેમાં ૧૪૯૬ શરદી-ઉધરસ અને ૨૧૩૯ તાવના દર્દીઓનો સમાવેશ થાય છે. સર ટી. હોસ્પિટલના આંકડાઓ પ્રમાણે શિયાળામાં શરદી-ઉધરસના સૌથી વધારે ડિસેમ્બર-૨૦૨૫માં ૪૭૦ દર્દીઓ નોંધાયા હતા. જ્યારે તાવના સૌથી વધારે ૬૧૮ દર્દીઓ જાન્યુઆરી-૨૦૨૬માં નોંધાયા હતા.

---

### 60 વર્ષની વૃદ્ધ

## ભંગાર રાખવાના પ્રશ્ને બે પાડોશીઓ વચ્ચે તકરાર વૃદ્ધ મહિલાનું બે પાડોશીઓએ હુમલો કરી નાક ભાંગી નાખ્યું

જામનગર : જામનગરમાં ઘાચી વાડ વિસ્તારમાં રહેતી 60 વર્ષની વૃદ્ધ મહિલા ઉપર તેના પાડોશમાં રહેતા ભંગારના વિક્રેતા બે શખ્સોએ શેરીમાં ભંગાર રાખવાના પ્રશ્ને તકરાર કરી નાક ભાંગી નાખ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. જામનગરમાં ઘાચીવાડ આંબલી શેરીમાં રહેતા નસીમાંબેન હનીફભાઈ નામના 60 વર્ષના વૃદ્ધ મહિલાએ પોતાના ઉપર લોખંડના પાઈપ વડે નાક ઉપર પ્રહાર કરી નાક ભાંગી નાખવા અંગે પોતાના પાડોશમાં જ રહેતા ફહીમ મકવાણા અને હુસેનભાઈ મકવાણા સામે સીટી એ.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જ્યારે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી નસીમાબેનના પાડોશમાં રહેતા બે શખ્સો કે જેઓ ભંગારનો વેપાર કરે છે, તેઓએ નશીમાબેનના ઘર પાસે ભંગાર રાખ્યો હોવાથી તે ઉપાડી લેવાનું કહેતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા, અને આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

### જાહેરમાં જુગાર રમી રહેલા ત્રણ શખ્સો પકડાયા

(એજન્સી) જામનગર | તા.02

જિલ્લાના જામજોધપુરમાં રામવાડી વિસ્તારમાં ગઈકાલે રાત્રે પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને ત્રણ જુગારીઓની અટકાયત કરી લીધી છે. જામજોધપુર પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડયો હતો, અને જાહેરમાં જુગાર રમી રહેલા રસિકભાઈ ઉર્ફે કાળુભાઈ ગિરધરભાઈ કડીવાર, કિશોર ઉર્ફે સુદામા ગોવિંદભાઈ કારેણા, અને કેતન ઉર્ફે મીઠાભાઈ કાંતિલાલ ઘોડાસરાને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી રૂપિયા 25,300ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

### મોપેડમાં દારૂની હેરાફરી કરાતો હતો

## મહેમદાવાદ તાલુકાના જરાવત ગામેથી વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

નડિયાદ : ખેડા એલ.સી.બીએ મહેમદાવાદ તાલુકાના જરાવત ગામે દરોડો પાડીને મોપેડની ડીકીમાં છુપાવીને વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરને ઝડપી પાડયો હતો. પોલીસે વિદેશી દારૂ, રોકડ અને મોપેડ સહિત કુલ રૂ.૩૨,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.ખેડા એલ.સી.બી.ની ટીમ શનિવારે સાંજે મહેમદાવાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, જરાવત ગામના ભીમનાથપુરા વિસ્તારમાં એક શખ્સ નંબર વગરના બ્લુ કલરના ટી.વી.એસ. જ્યુપિટરની ડેકીમાં વિદેશી દારૂ રાખી તેનું વેચાણ કરી રહ્યો છે. જેથી બાતમીવાળી જગ્યાએ પોલીસે રેડ પાડતા કિરીટભાઈ ઉર્ફે દશરથ રૂપસિંહ શનાભાઈ ડાભી (રહે. જરાવત, ભીમનાથપુરા)ને મોપેડ સાથે ઝડપી પાડી ડેકીની તપાસ કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન નંગ ૩૬ કિંમત રૂપિયા ૭,૨૦૦ની તેમજ જ્યુપિટર મોપેડ કિંમત રૂ. ૨૫,૦૦૦ અને રોકડ રકમ ૨૦૦ મળી કુલ રૂ.૩૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

---

### સાયબર ઠગ ટોળકી સામે ગુનો દાખલ

## લોન માફીની લાલચ આપી નડિયાદના આધેડ સાથે 3.64 લાખની છેતરપિંડી




નડિયાદ : નડિયાદ શહેરમાં સાયબર ક્રાઈમનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં લોન માફીની લાલચ આપી એક આધેડ સાથે રૂ.૩,૬૪,૯૬૧ની છેતરપિંડી કરવામાં આવી હતી. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદના જોગેશ્વરી સોસાયટી વિસ્તારમાં રહેતા અને હોસ્પિટલની કેન્ટીનમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા રાજેશભાઈએ નવેમ્બર ૨૦૨૫માં ફેસબુક પર 'લોન માફી' માટેની એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં દાવો કરવામાં આવ્યો હતો કે, 'મુક્તિ અભિયાન' હેઠળ કોઈપણ પ્રકારની લોનનો ૬૦થી ૮૦ ટકા હિસ્સો માફ કરી આપવામાં આવશે. રાજેશભાઈએ આ લાલચમાં આવીને જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યો હતો. જેથી શરૂઆતમાં ઠગ ટોળકીએ અરજી કરવાની ફી, અરજી ટાઈપ કરવાનો ચાર્જ તેમજ અરજી ઈમેલ કરવાનો ચાર્જ જેવા જુદા જુદા ચાર્જ પેટે રકમની માંગણી કરી હતી. જોકે, ત્યારબાદ ગઠિયાઓએ અસલી રૂપ ધારણ કર્યું હતું. તેમણે રાજેશભાઈને ડરાવવાનું શરૂ કર્યું કે, જો તેઓ વધુ નાણાં નહીં ભરે તો તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવશે. પોલીસ કાર્યવાહીના ડરથી ગભરાઈ ગયેલા રાજેશભાઈએ કટકે-કટકે મોટી રકમ ગૂગલ પે દ્વારા ટ્રાન્સફર કરી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૧૧ ડિસેમ્બર ૨૦૨૫થી ૨૯-૧-૨૬ દરમિયાન આરોપીઓએ અલગ-અલગ કારણોસર અનેકવાર નાણાં મંગાવ્યા હતા. જેથી રાજેશભાઈ સરવૈયાએ વધુ પૈસા આપવાની ના પાડતા ગઠિયાઓએ તમે લોન અરજી રદ કરવાની અરજી કરી છે, જેથી તમારી સામે પોલીસ ફરિયાદ થઈ છે, તેમજ લોન અરજી રદ કરવાની અરજી માટે ચાર્જ ભરવું પડશે તેમ કહી અવારનવાર રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી કુલ રૂ.૩,૬૪,૯૬૧ની છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શાહ નવાજ ચૌધરી, વસીમ અક્રમ, સૌરભ અને સૌરભ, ઈશાન મિલ્ક સપ્લાયર્સ, શૂર, સુનિલ મેડમ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

---

### મહુવાના ભાદ્રોડ નજીક સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો

## દુધના ટેન્કરમાં છૂપાવીને લવાઈ રહેલી દારૂની 466 પેટી ઝડપાઈ

(એજન્સી) મહુવા | તા.02

સ્ટેટ મોનિટરિંગ સેલે મહુવાના ભાદ્રોડ નજીક દુધના ટેન્કરમાં છૂપાવીને લઈ જવાઈ રહેલા વિદેશી દારૂના મસમોટા જથ્થાને ઝડપી લીધો છે. સ્ટેટ મોનિટરિંગ સેલે પંજાબના પટિયાલાથી ટેન્કરમાં છૂપાવીને લવાઈ રહેલી દારૂ-બિયરની કુલ ૧૬,૪૧૬ બોટલ સહિત કુલ રૂ.૧ કરોડથી વધારેના મુદ્દામાલ સાથે ડ્રાઈવને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. પંજાબના પટિયાલાથી દુધના ટેન્કરમાં વિદેશી દારૂનો જથ્થો છૂપાવીને મહુવા તરફ આવતો હોવાની ભાવનગર જિલ્લાના મહુવા વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલી સ્ટેટ મોનિટરિંગ સેલની એક ટીમને મળેલી બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંસ સેલની ટીમે મહુવા નજીકના ભાદ્રોડ ગામ પાસે હાઈ-વે પર આવેલા બુટિયાના નાળા પાસે વૉચ ગોઠવી હતી અને બુટીયાના નાળા પાસે જીજે-૦૨-ઝેડ-૮૨૩૨ નંબરનું દુધનું ટેન્કર આવતા તેને અટકાવી તલાશી લેતા દુધના ટેન્કરમાં છૂપાવેલી ૪૬૬ પેટીઓમાંથી રૂ.૭૮,૨૦,૧૮૪ની કિંમતની વિદેશી દારૂ અને બીયરની કુલ ૧૬,૪૧૬ બોટલ સાથે ટેન્કરના ડ્રાઈવર હનુમાનરાવ માંગીલાલ બિશ્નોઈ (રહે.રાજસ્થાન)ને ટેન્કર અને મોબાઈલ સહિત કુલ રૂ.૧.૦૩ કરોડના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. પોલીસની પુછપરછમાં દારૂનો આ જથ્થો તે પંજાબના પટિયાલાથી ભરીને લાવ્યો હતો અને ભરત દેવાસી (રહે. રાજસ્થાન)એ મોકલાવ્યો હોવાની કબૂલાત આપી હતી. હાલ પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી આ દારૂનો જથ્થો કોને મોકલવામાં આવી રહ્યો હતો તે દિશામાં તપાસ હાથ કરી આ મામલે મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે બુટલેગરો અવનવ કીમિયાઓ અજમાવતા રહે છે. સ્ટેટ મોનિટરિંગ સેલે આજે મહુવાના ભાદ્રોડ નજીકથી ઝડપેલા દારૂનો જથ્થો દુધના ટેન્કર નીચે ચોરખાનું બનાવીને તેમાં છૂપાવ્યો હતો.



### ડેરી રોડ પર રીક્ષા પલટી ખાઈ જતા યુવાનનું મોત

ભાવનગર : ભાવનગર શહેરના ડેરી રોડ જીવન દીપ હોસ્પિટલ પાસે રીક્ષા પલટી ખાઈ જતા રીક્ષામાં સવાર યુવાનને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નિપજ્યું હતું. શહેરના કુંભારવાડા અક્ષર પાર્ક ખારિયા હનુમાનજી મંદિર પાસે રહેતા રોહિતભાઈ નાથુભાઈ ચૌહાણના ભાઈ મહેશભાઈ નાથુભાઈ ચૌહાણ અને બે માણસો આરટીઓ સર્કલથી રીક્ષા નંબર જીજે ૦૪ એયુ ૮૪૫૪ બંધાવી યુનિવસટીમાં ભરાઈ મજૂરી કરવા માટે જતા હતા. ત્યારે ડેરી રોડ જીવનદીપ હોસ્પિટલ નજીક રીક્ષા ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી પલટી ખવરાવી દેતા રીક્ષામાં સવાર ત્રણ લોકોને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં મહેશભાઈનું મોત નીપજ્યું હતું.

### ખંભાતમાં લાંચિયા પીએસઆઈ પર એસીબી ત્રાટકી

## લાલ દરવાજા પોલીસ ચોકીના PSI રૂ. 30 હજારની લાંચ લેતા ઝડપાયા

આણંદ : આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં ભ્રષ્ટાચાર વિરોધી શાખા (એસીબી)એ મોટી કાર્યવાહી કરતા લાલ દરવાજા પોલીસ ચોકીના પોલીસ સબ ઈન્સ્પેક્ટરને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડયા છે. અશાંતધારાની બે અરજી માટે પીએસઆઈએ અરજદાર પાસે લાંચની માંગણી કરી હતી, જે મામલે એસીબીએ છટકું ગોઠવી પીએસઆઈને દબોચી લેતા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.ખંભાત લાલ દરવાજા પોલીસ ચોકીમાં ફરજ બજાવતા પીએસઆઈ પંકજ પરસોત્તમભાઈ પટેલ સામે લાંચ લેવાના ગંભીર આરોપ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. સમગ્ર વિગત મુજબ, એક અરજદાર પાસેથી અશાંતધારા હેઠળની બે અલગ-અલગ અરજી માટે પીએસઆઈ પંકજ પટેલે બે અરજીના રૂપિયા ૨૦-૨૦ હજારની લાંચ માંગી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. દરમિયાન પીએસઆઈ અને અરજદાર વચ્ચે થયેલી રકઝકના અંતે રૂપિયા ૩૦,૦૦૦માં સોદો નક્કી થયો હતો. એસીબીની ટીમ દ્વારા ગોઠવવામાં આવેલા છટકા દરમિયાન, જ્યારે પીએસઆઈ પંકજ પટેલ રૂ. ૩૦,૦૦૦ની લાંચ લેતા એસીબીએ તેમને રંગેહાથ ઝડપી પાડયા હતા.

---

### વાણીયાવડ વિસ્તારમાં નવી પાઈપલાઈન નાખવામાં આવી છતાં પાણી ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ

# મહુધાતાલુકાનાઅલીણાગામેપીવાના પાણીની મુશ્કેલી, ગૃહિણીઓ પરેશાન

(એજન્સી) નડિયાદ | તા.02

મહુધા તાલુકાના અલીણા ગામમાં વાણીયાવાડ વિસ્તારમાં પાણીની મુશ્કેલી નિવારવા માટે નવી પાઈપલાઈન નાખવામાં આવી છે. આમ છતાં આ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણી ન આવતું હોવાની બુમ ઉઠવા પામી છે. હજુ તો ગરમી શરૂઆત થઈ છે, ત્યારે સ્થાનિક રહીશોને પાણી મેળવવા માટે વલખાં મારવાં પડતા હોય ભારે આક્રોશ વ્યાપ્યો છે.મહુધા તાલુકાના અલીણા ગામમાં નવી પોસ્ટ પાસે આવેલા વાણીયાવાડ વિસ્તારમાં બે વર્ષ અગાઉ પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે રૂ. ૨.૫૦ લાખ જેટલો ખર્ચ કરી પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી હતી. આમ છતાં આ વિસ્તારમાં પુરતા પ્રમાણમાં પ્રેસરથી પાણી આવતું નથી. આ સમગ્ર વિસ્તારમાં પાણી ભરવા માટે ઘેર ઘેર ફરજિયાત પણે મોટર મુકવી પડે છે.જેના કારણે વીજ બીલ વધારે આવે છે.જે અંગે અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે છતાં પણ પંચાયતના સત્તાધિશો દ્વારા સમસ્યાના ઉકેલ લાવવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. નીચાણવાળા વિસ્તારમાં લોકો નળ ખુલ્લા રાખતા હોય પાણીનો વેડફાટ થઈ રહ્યો છે બીજી બાજુ ઉંચાણવાળા વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચતું ન હોય લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. આમ પાણી ન આવતું હોય ગૃહિણીઓને કપડા,વાસણ તેમજ નહાવા ધોવા માટે પાણી મેળવવા વલખાં મારવાં પડે છે. ત્યારે ગ્રામ પંચાયતના સત્તાધીશો વાણીયાવડ વિસ્તારમાં પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરે તેવી સ્થાનિક રહીસોમાંથી માંગણી ઊઠવા પામી છે.



### ભયાનકતાના દ્રશ્યો-ડ્રાઇવરની ધરપકડ

## ગોલા વિક્રેતા પર હુમલો કરી ફેક્ચર કરવાનો બદલો ફેક્ચર કરીને જ લેવાયો

(એજન્સી) જામનગર | તા.02

જામનગરના પંચેશ્વર ટાવર વિસ્તારના થોડા સમય પહેલાં એક ગોલાના ધંધાર્થી પર હુમલો કરાયો હતો, અને તેના હાથ પગ ભાંગી નાખી ફેક્ચર કરાયા હતા, જે હુમલાખોર યુવાન ઉપર ગઈકાલે વળતો હુમલો કરાયો છે, અને ગોલાવાળાના ભાઈ અને તેના બે ભાણેજે છરી-લોખંડના પાઈપ, ધોકા વડે હુમલો કરી હાથ પગ ભાંગી નાખી બદલો વાળ્યો છે. જે ત્રણેય હુમલાખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.જામનગરમાં માતૃ આશિષ સોસાયટી શેરી નંબર-2 માં રહેતા રોનક સુનિલભાઈ સોલંકી નામના ચાની હોટલના સંચાલકના પુત્રએ પોતાના ઉપર લોખંડના પાઈપ, છરી અને ધોકા વડે હુમલો કરી લોહી લુહાણ કરી નાખવા અંગે ઉપરાંત હાથ પગ ભાંગી નાખી ફ્રેક્ચર કરી નાખવા અંગે નિમેશ પરમાર, રવિ બારૈયા અને દિલીપ ઢાપા સામે ફરિયાદ નોંધાવી છે. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે, અને તેને ફ્રેક્ચર થયા હોવાથી સારવાર અપાઇ છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી રોનક સોલંકી કે જેને થોડા સમય પહેલા પંચેશ્વર ટાવર વિસ્તારમાં ગોલાનો વેપાર કરતા ભરતભાઈ ઉર્ફે ભલાભાઈ ઢાપા સાથે તકરાર થઈ હતી, અને તેને માર મારી હાથ પગ ભાંગી નાખ્યા હતા. જેની લાંબો સમય સારવાર ચાલી હતી, અને તે મામલે ભરત ઢાપા દ્વારા રોનક સોલંકી સામે અગાઉ પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી.

## ભારત કેનેડા દ્વિપક્ષીય સંબંધોમાં નવી ઉર્જાનો સંચાર થયો

# મુકેશ અંબાણીના નિવાસે કેનેડાના PMનું ભવ્ય અને શાહી સ્વાગત

(એજન્સી) મુંબઇ | તા.02

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને નીતા અંબાણીએ તેમના મુંબઈ સ્થિત નિવાસસ્થાને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અને તેમના પત્ની ડાયના ફોક્સ કાર્નીનું અત્યંત ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા કેનેડાના નેતા માટે યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં ભારતની સમૃદ્ધ કલાત્મક પરંપરાઓ, શાસ્ત્રીય નૃત્ય અને લોકસંગીતના માધ્યમથી બંને દેશો વચ્ચેની મૈત્રી અને સાંસ્કૃતિક આદાનપ્રદાનના દર્શન થયા હતા. આ મુલાકાત માત્ર એક શિષ્ટાચાર ન બની રહેતા, ભારત અને કેનેડાના ગાઢ થતા સંબંધોનું પ્રતીક બની રહી છે.અંબાણી પરિવાર દ્વારા આયોજિત આ મિલન સમારોહમાં ભારતની પ્રાચીન વિરાસતને આધુનિકતા સાથે વણી લેવામાં આવી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ પ્રસંગે નીતા અંબાણી અને મુકેશ અંબાણીએ વડાપ્રધાન કાર્ની દંપતીને ભારતીય કલા જગતની વિવિધ ઝલક બતાવી હતી. લોકસંગીતના સૂર અને શાસ્ત્રીય નૃત્યની મુદ્રાઓએ કેનેડિયન પ્રતિનિધિ મંડળને મંત્રમુગ્ધ કરી દીધું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે સોશિયલ મીડિયા પર આ પળોને વાગોળતા જણાવ્યું હતું કે, આ આયોજન વિરાસત પ્રત્યેના સમાન આદર અને મિત્રતાના ભાવને મજબૂત


સાંસ્કૃતિક વિરાસત અને રાજદ્વારી મંત્રણા પર વિશેષ ભાર મૂકાયો

કરવા માટે કરવામાં આવ્યું હતું.મુંબઈની મુલાકાત પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન માર્ક કાર્ની રવિવારે સાંજે દેશની રાજધાની પહોંચ્યા હતા. સોમવારે હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માર્ક કાર્ની વચ્ચે પ્રતિનિધિ મંડળ સ્તરની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ અગાઉ, ભારતના વિદેશ મંત્રીએ પણ કેનેડાના વડાપ્રધાન સાથે મુલાકાત કરીને બંને દેશો વચ્ચેના ભાવિ ભાગીદારીના રોડમેપ અંગે ચર્ચા કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ મુલાકાત ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીમાં એક નવો અધ્યાય ઉમેરશે તેવી અપેક્ષા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૨૭ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી ભારતની મુલાકાતે આવેલા કાર્નીની આ પ્રથમ સત્તાવાર મુલાકાત છે. ૨૦૨૫ માં કેનાનાસ્કીસ અને જોહાનિસબર્ગમાં થયેલી બેઠકો બાદ, હવે બંને નેતાઓએ વેપાર, રોકાણ, ઉર્જા, કિંમતી ખનિજો, કૃષિ અને શિક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગની સમીક્ષા કરી હતી. ખાસ કરીને સંશોધન અને નવીનતા ક્ષેત્રે બંને દેશો એકબીજાની પૂરક શક્તિ બનવા માટે સહમત થયા છે.

સત્તાવાર વાટાઘાટો ઉપરાંત, વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન કાર્ની ભારત-કેનેડા સીઈઓ ફોરમમાં પણ સહભાગી થશે. આ મંચ પર બંને દેશોના ટોચના ઉદ્યોગપતિઓ સાથે સીધો સંવાદ કરવામાં આવશે, જેનો મુખ્ય હેતુ દ્વિપક્ષીય વેપારને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો છે. વિદેશ મંત્રાલયના નિવેદન અનુસાર, આ મુલાકાત ભારત-કેનેડાના સંબંધોને સામાન્ય બનાવવાની દિશામાં એક નિર્ણાયક વળાંક સાબિત થશે.

## ભારતનો મેન્યુફેક્ચરિંગ PMI ફેબ્રુઆરીમાં 56.9 ની ચાર મહિનાની ઉચ્ચ સપાટીએ પહોંચ્યો

નવી દિલ્હી: ભારતીય ઉત્પાદન ક્ષેત્રની ગતિવિધિઓમાં ફેબ્રુઆરી મહિના દરમિયાન જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. એચએસબીસી (HSBC) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના ડેટા અનુસાર, મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) જાન્યુઆરીના 55.4 થી વધીને ફેબ્રુઆરીમાં 56.9 ની ચાર મહિનાની ઉચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. જોકે, આ પ્રોત્સાહક આંકડાઓની વચ્ચે એક ચિંતાજનક પાસું એ પણ સામે આવ્યું છે કે નવા નિકાસ ઓર્ડરની વૃદ્ધિની ગતિ 17 મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે. આ આંકડા સૂચવે છે કે ભારતીય ઉત્પાદન ક્ષેત્રનું સ્વાસ્થ્ય મજબૂત છે, પરંતુ વૈશ્વિક બજારમાં માંગ થોડી ધીમી પડી રહી છે. સર્વેક્ષણ મુજબ, ભારતીય માલસામાનની ઘરેલું માંગમાં થયેલા નોંધપાત્ર સુધારાએ નવા ઓર્ડરની પ્રક્રિયાને વેગ આપ્યો છે. આ કારણોસર છેલ્લા ચાર મહિનામાં ઉત્પાદન વોલ્યુમમાં સૌથી મોટો વિસ્તાર જોવા મળ્યો છે. માલ ઉત્પાદકોએ સંકેત આપ્યો છે કે માંગમાં તેજી, માર્કેટિંગ પહેલ અને ગ્રાહકોની વધતી જતી જરૂરિયાતોને કારણે નવા બિઝનેસમાં સતત વધારો થઈ રહ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વૃદ્ધિની આ ગતિ ઐતિહાસિક રીતે ઊંચી છે અને ગયા વર્ષના ઓક્ટોબર પછીની સૌથી



મજબૂત માનવામાં આવે છે.

ઉત્પાદન ક્ષેત્રે કાર્યક્ષમતામાં સુધારો, તંદુરસ્ત માંગ અને ટેકનોલોજીમાં રોકાણ જેવા પરિબળોએ સામૂહિક રીતે ઉત્પાદન વધારવામાં મદદ કરી છે. વધતા જતા વર્કલોડને પહોંચી વળવા માટે કંપનીઓએ ઈનપુટની ખરીદીમાં વધારો કર્યો છે, ઈન્વેન્ટરીમાં સુધારો કર્યો છે અને નવા સ્ટાફની ભરતી પણ કરી છે. મીડિયા અહેવાલ મુજબ, આ બધું જ ભાવિ માંગ પ્રત્યે ઉદ્યોગોના આત્મવિશ્વાસને દર્શાવે છે. એચએસબીસીના અહેવાલમાં જણાવાયું છે કે ફેબ્રુઆરીનો આંકડો ક્ષેત્રના સારા સ્વાસ્થ્ય અને મજબૂત વિસ્તરણને સુસંગત છે. બીજી તરફ, ફેબ્રુઆરીમાં વિદેશી વેચાણમાં વધારો ધીમો રહ્યો હતો. નિકાસના મોરચે વૃદ્ધિનો આ દર છેલ્લા 17 મહિનામાં સૌથી ધીમો નોંધાયો છે. જોકે, એશિયા, યુરોપ, મધ્ય પૂર્વ અને અમેરિકા જેવા બજારોમાંથી નિકાસ ઓર્ડર મળવાનું ચાલુ રહ્યું છે, પરંતુ તેની ગતિ લાંબા ગાળાની સરેરાશ તરફ સરકી રહી છે.

## News Brief

### અમેરિકા અને યુરોપના બદલાતા વ્યાપાર સંબંધો વચ્ચે ભારત વૈશ્વિક વૃદ્ધિનો નવો વિકલ્પ બન્યું

નવી દિલ્હી: એટલાન્ટિક પારના વ્યાપાર સંબંધોમાં આવી રહેલો બદલાવ વૈશ્વિક બિઝનેસ ગણતરીઓને નવો આકાર આપી રહ્યો છે, અને તેમાં ભારત સૌથી મોટું લાભાર્થી બનીને ઉભરી શકે તેમ છે. ખાસ કરીને લઘુ અને મધ્યમ ઉદ્યોગો (SME) ના ક્ષેત્રમાં ભારત માટે મોટી તકો સર્જાઈ રહી છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન વચ્ચેના રાજકીય વ્યાપાર કરાર, જે 'ટર્નબરી ફ્રેમવર્ક' તરીકે ઓળખાય છે, તે યુરોપિયન લઘુ ઉદ્યોગો માટે અમેરિકન બજારને આર્થિક રીતે પડકારજનક બનાવી રહ્યો છે, જેના કારણે આ કંપનીઓ હવે ભારતના વિશાળ બજાર તરફ નજર દોડાવી રહી છે.ટર્નબરી ફ્રેમવર્ક વાસ્તવમાં બે-સ્તરનું વ્યાપાર વાતાવરણ ઉભું કરી રહ્યું છે. મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ સ્થાનિક ઉત્પાદન અને ટેક્સ સ્ટ્રક્ચર દ્વારા પોતાને સુરક્ષિત કરી શકે છે, પરંતુ લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે અમેરિકામાં પાલન ખર્ચ (Compliance Cost) એટલો વધી ગયો છે કે ત્યાં નફો કરવો મુશ્કેલ બન્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ સ્થિતિમાં ભારત યુરોપિયન એસએમઈ માટે પ્રાથમિક પસંદગી બની શકે છે. ભારત ઓછા ફિક્સ્ડ પાલન ખર્ચ અને સેક્ટર-વિશિષ્ટ એન્ટ્રી પાથવેમાં સુગમતા પ્રદાન કરે છે, જે આ કંપનીઓ માટે આકર્ષક છે. વર્તમાન તણાવની અસર માત્ર કૃષિ અને ખાદ્ય ક્ષેત્ર પૂરતી સીમિત નથી. યુરોપિયન ઔદ્યોગિક મશીનરી, ઓટોમોટિવ ઘટકો, રસાયણો અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) સપ્લાય ચેઈન પણ વધતા ટેરિફ અને પાલન ખર્ચનો સામનો કરી રહી છે.

## વૈશ્વિક ટેલિકોમ ક્ષેત્રે ભારતનો ડંકો વાગ્યો છે

# સુનિલ ભારતી મિત્તલને પ્રતિષ્ઠિત GSMA લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત

નવી દિલ્હી: વૈશ્વિક ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન લાવવા બદલ ભારતી એન્ટરપ્રાઈઝના સ્થાપક અને ચેરમેન સુનિલ ભારતી મિત્તલને પ્રતિષ્ઠિત 'જીએસએમએ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' (GSMA Lifetime Achievement Award) થી



સન્માનિત કરવામાં આવ્યા છે. ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઈલ કોમ્યુનિકેશન એસોસિએશન દ્વારા એનાયત કરવામાં આવતો આ સર્વોચ્ચ પુરસ્કાર વિશ્વભરના ઓપરેટરો, સરકારો અને વ્યવસાયો વચ્ચે કનેક્ટિવિટી વધારવા માટેના મિત્તલના અથાગ યોગદાનની સ્વીકૃતિ છે. આ સન્માન જીએસએમએના ઈતિહાસમાં માત્ર ગણ્યાગાંઠ્યા ઉદ્યોગ સાહસિકોને જ પ્રાપ્ત થયું છે, જેમણે વૈશ્વિક સંચાર પ્રણાલી પર પોતાની અમીટ છાપ છોડી હોય. એરટેલ દ્વારા જારી કરવામાં આવેલી વિગતો અનુસાર, સ્પેનના બાર્સેલોનામાં આયોજિત 'મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસ' દરમિયાન આ ગૌરવશાળી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ ભવ્ય સમારોહમાં સ્પેનના રાજા મહામહિમ ફેલિપ છઠ્ઠા, સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ અને કેટલોનિયાના રાષ્ટ્રપતિ સાલ્વાડોર ઈલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સુનિલ મિત્તલને એક એવા સ્વપ્નદ્રષ્ટા તરીકે ઓળખવામાં આવે છે જેમણે ભારતી એરટેલને વિશ્વના અગ્રણી મોબાઈલ ઓપરેટરોમાં સ્થાન અપાવ્યું છે. વર્તમાનમાં આ કંપની ભારત અને આફ્રિકાના અડધા અબજથી વધુ ગ્રાહકોને સેવા આપી રહી છે અને વિશ્વના ટોચના ત્રણ મોબાઈલ ઓપરેટરોમાં સ્થાન ધરાવે છે.

સુનિલ મિત્તલે વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૮ દરમિયાન જીએસએમએના ચેરમેન તરીકે સેવા આપી હતી. તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે ડિજિટલ સમાવેશ અને અંતરિયાળ વિસ્તારોને કનેક્ટિવિટી સાથે જોડવા પર વિશેષ ભાર મૂક્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, મિત્તલને અગાઉ ૨૦૦૮ અને ૨૦૧૬ માં 'જીએસએમએ ચેરમેન એવોર્ડ' થી પણ નવાજવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૧૯ માં તેમની ચેરમેનશિપની સફળતા બદલ મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસમાં તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મળતા મિત્તલે આ સફળતાને ભારતની ટેલિકોમ યાત્રાને સમર્પિત કરી છે.

એવોર્ડ સ્વીકારતા સુનિલ ભારતી મિત્તલે જણાવ્યું હતું કે, "આ સન્માન માત્ર મારા વ્યક્તિગત સીમાચિહ્ન રૂપ નથી, પરંતુ તે ભારતની ટેલિકોમ યાત્રા, ભારતીની સામૂહિક ભાવના અને વૈશ્વિક મંચ પર ભારતીય કંપનીઓના ઉદયને અપાયેલી અંજલિ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ટેલિકોમ્યુનિકેશન એ એક એવી શક્તિ છે જે તકોનો વિસ્તાર કરે છે અને દરેક વ્યક્તિની હથેળીમાં આવશ્યક સેવાઓ પહોંચાડીને માનવીય ક્ષમતાઓના દ્વાર ખોલે છે. આધુનિક પ્રગતિના પ્રવેગક તરીકે ટેલિકોમ ક્ષેત્રના ઉત્ક્રાંતિમાં ભાગીદાર બનવું એ એક વિશેષાધિકાર છે.

## જેન સ્ટ્રીટ એપિસોડ બાદ સેબીએ ડેરિવેટિવ્ઝ માર્કેટ પર દેખરેખ સખત બનાવી

નવી દિલ્હી: ભારતીય શેરબજારના નિયમનકાર સેબી એ ડેરિવેટિવ્ઝ માર્કેટમાં વધતી જતી સટ્ટાખોરી અને જોખમોને જોતા દેખરેખ પ્રણાલીને વધુ સખત બનાવી છે. સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ જણાવ્યું હતું કે, 'જેન સ્ટ્રીટ' એપિસોડ બાદ નિયમનકારે તેના નિયમોના માળખા અને રિયલ-ટાઇમ મોનિટરિંગ સિસ્ટમને નોંધપાત્ર રીતે મજબૂત કરી છે. આ વ્યૂહાત્મક ફેરફારનો મુખ્ય હેતુ બજારમાં પારદર્શિતા લાવવાનો અને ખાસ કરીને રિટેલ રોકાણકારોને મોટા નુકસાનથી બચાવવાનો છે.

એક વિશેષ મુલાકાત દરમિયાન સેબી ચેરમેને સ્પષ્ટ કર્યું હતું કે નિયમનકાર વ્યક્તિગત કેસો પર ટિપ્પણી નથી કરતું, પરંતુ જેન સ્ટ્રીટ કેસના સંચાલનથી દેખરેખ પદ્ધતિમાં અનેક નવી શીખ મળી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, સેબીએ તેના સર્વેલન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કર્યું છે અને પોઝિશન લિમિટ્સ, ડેલ્ટા-આધારિત એક્સપોઝર ગણતરીઓ અને ડેરિવેટિવ્ઝ પ્રવૃત્તિની દેખરેખ માટેની પદ્ધતિઓમાં મહત્વના ફેરફાર કર્યા છે. આ નવા નિયમો બજારમાં થતી અસાધારણ હિલચાલ પર ત્વરિત નજર રાખવામાં મદદરૂપ થશે.તુહિન કાંત પાંડેએ બજારમાં હસ્તક્ષેપને 'સર્જનની છરી' સાથે સરખાવતા કહ્યું હતું કે, નિયમનકારી કાર્યવાહી હંમેશા ડેટા આધારિત અને લક્ષિત હોય છે. તેમણે નોંધ્યું હતું કે ઈન્ડેક્સ ઓપ્શન્સના સેગમેન્ટમાં, ખાસ કરીને એક્સપાયરી ડે ના દિવસે ઓછા પ્રીમિયમને કારણે રિટેલ રોકાણકારોમાં અતિશય જોખમ લેવાની વૃત્તિ વધી હતી. સેબીએ પ્રથમ આ ટ્રેન્ડના આંકડા પ્રકાશિત કર્યા હતા, જેમાં રિટેલ રોકાણકારોને થતું નુકસાન ઘણું મોટું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને ૨૦૨૪ ના અંતમાં અને ૨૦૨૫ ના મધ્યમાં તબક્કાવાર રીતે સુધારા લાગુ કરવામાં આવ્યા હતા.બજારની શુદ્ધતા જાળવવા માટે સેબીએ બેંકો અને અન્ય મધ્યસ્થી સંસ્થાઓ સાથે મળીને બિન-પ્રકાશિત ભાવ સંવેદનશીલ માહિતી (UPSI) ના પ્રસારને રોકવા માટે અંકુશ કડક બનાવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, સેબીએ ઈનસાઈડર ટ્રેડિંગના મામલામાં પણ કડક વલણ અપનાવ્યું છે અને ઘણી કોર્ટોએ સેબીના આદેશોને માન્ય રાખ્યા છે.

## અમદાવાદ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬ માટે ૧૫૦ દેશોમાંથી ૪૭૦૦ એન્ટ્રીઓ આવી

અમદાવાદ: ગુજરાતની સાંસ્કૃતિક રાજધાની અમદાવાદમાં આગામી ઓક્ટોબર ૨૦૨૬ માં યોજાનાર ૧૭માં 'અમદાવાદ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ' (AIFF) ને લઈને અત્યારથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આયોજકો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સબમિશન પ્રક્રિયા શરૂ થયાના પ્રથમ ત્રણ મહિનામાં જ ૧૫૦ થી વધુ દેશોમાંથી ૩,૭૦૦ થી વધુ એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ છે, જ્યારે કુલ એન્ટ્રીઓનો આંકડો ૪,૭૦૦ ને પાર પહોંચે તેવી શક્યતા છે. ઓગસ્ટના અંત સુધી ફિલ્મોની એન્ટ્રીઓ સ્વીકારવામાં આવશે. આ મહોત્સવમાં શોર્ટ ફિલ્મ્સ, ફિચર ફિલ્મ્સ, ડોક્યુમેન્ટરીઝ, મ્યુઝિક વીડિયો અને આ વખતે વિશેષ રૂપે એઆઈ (AI) આધારિત ફિલ્મોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.આ



ફેસ્ટિવલના સ્થાપક 'ઓમગુરુ' છે, જેઓ પોતે ૮૦ ટકા શારીરિક દિવ્યાંગતા ધરાવે છે. પોતાની મર્યાદાઓને માત આપીને તેઓએ લેખન, દિગ્દર્શન અને અભિનય ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી છે. તેમના બેનર હેઠળ બનેલી શોર્ટ ફિલ્મ 'માઈન્ડ ગેમ્સ' માં તેમણે વાર્તા, પટકથા અને દિગ્દર્શનમાં મહત્વનું પ્રદાન કર્યું છે. ઓમગુરુના મતે, સિનેમા એ સંસ્કૃતિઓ અને સમુદાયોને જોડતો એક મજબૂત સેતુ છે. ખાસ કરીને જ્યારે વૈશ્વિકીકરણ વાર્તા કહેવાની શૈલીને પ્રભાવિત કરી રહ્યું છે, ત્યારે પ્રાદેશિક અને સાંસ્કૃતિક મૂળ ધરાવતી ફિલ્મો અત્યંત આવશ્યક છે.અમદાવાદ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની સૌથી મોટી વિશેષતા તેનું કાર્યકારી મોડલ છે. આ ફેસ્ટિવલમાં ફિલ્મ સબમિશન માટે કોઈ એન્ટ્રી ફી રાખવામાં આવતી નથી. આ ઉપરાંત, જે ફિલ્મ સર્જકોની ફિલ્મો નોમિનેટ થાય છે, તેમની પાસેથી રહેવા-જમવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. તમામ સ્ક્રિનિંગ સામાન્ય જનતા માટે પણ ખુલ્લા રાખવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ મહોત્સવમાં ૭૬ થી વધુ શ્રેણીઓમાં એવોર્ડ આપવામાં આવે છે, જેમાં માત્ર કલાકારો જ નહીં પરંતુ એડિટર્સ, સિનેમેટોગ્રાફર્સ અને ટેકનિશિયન જેવા પડદા પાછળના કલાકારોનું પણ સન્માન કરાય છે. આ ફેસ્ટિવલ દિવ્યાંગો દ્વારા નિર્મિત અથવા તેમના જીવન પર આધારિત ફિલ્મોને વિશેષ મહત્વ આપે છે.

# નવી દિલ્હીમાં ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ નું ભવ્ય અને ઐતિહાસિક સમાપન

નવી દિલ્હી: ૧૦૦ થી વધુ દેશો અને ૨૦ આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિ મંડળોએ આ મહાકુંભમાં હાજરી આપી હતી, જેનો મુખ્ય એજન્ડા જવાબદાર અને સર્વસમાવેશક એઆઈ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવાનો હતો.આ સમિટ ભારત માટે આર્થિક દૃષ્ટિએ અત્યંત ફળદાયી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફાઉન્ડેશન મોડલ્સ, હાર્ડવેર અને એપ્લિકેશન ક્ષેત્રે ૨૦૦ અબજ ડોલરથી વધુના રોકાણની અપેક્ષા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આગામી સાત વર્ષમાં એઆઈ કેન્દ્રિત માળખાગત સુવિધાઓ માટે ૧૧૦ અબજ ડોલરના રોકાણની પ્રતિજ્ઞા લીધી છે. તો બીજી તરફ, અદાણી એન્ટરપ્રાઈઝિસે ૨૦૩૫ સુધીમાં ૧૦૦ અબજ ડોલરના રોકાણની યોજના જાહેર કરી છે. ટાટા ગ્રુપે પણ ઓપનએઆઈ (OpenAI) સાથે ભાગીદારી કરીને એઆઈ-રેડી ડેટા સેન્ટર્સ સ્થાપવાની મોટી જાહેરાત કરી છે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ ભારત માટે ખાસ ભેટની જાહેરાત કરી છે. તેમણે વિશાખાપટ્ટનમમાં ૧૫ અબજ ડોલરનું 'એઆઈ હબ' સ્થાપવાની અને ભારત-અમેરિકા વચ્ચે નવા સબસી કેબલ રૂટ્સના રોકાણની વિગતો આપી હતી. મીડિયા અહેવાલ મુજબ, ગૂગલ ૨ કરોડ સરકારી કર્મચારીઓને તાલીમ આપશે અને ૧.૧ કરોડ વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડશે. આ ઉપરાંત, વેન્ચર કેપિટલ ફર્મ્સ જનરલ કેટાલિસ્ટ અને લાઈટ્સપીડ વેન્ચર પાર્ટનર્સે અનુક્રમે ૫ અબજ અને ૧૦ અબજ ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ સમિટ માત્ર વ્યવસાયિક નહીં પણ સામાજિક રીતે પણ સફળ રહી છે. એઆઈ જવાબદારી અભિયાનમાં ૨૪ કલાકમાં ૨.૫ લાખથી વધુ પ્રતિજ્ઞાઓ પ્રાપ્ત થતા 'ગિનીસ વર્લ્ડ રેકોર્ડ' નોંધાયો હતો. ડિજિટલ તફાવત ઘટાડવા માટે 'ગ્લોબલ એઆઈ ઈમ્પેક્ટ કોમન્સ' શરૂ કરવામાં આવ્યું છે, જેમાં ૩૦ થી વધુ દેશોની ૮૦ થી વધુ સફળતાની વાર્તાઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન સાથે મળીને 'ઈક્વિટેબલ એઆઈ ટ્રાન્ઝિશન પ્લેબુક' અને ૨૨ દેશોના સમર્થન સાથે 'ચાર્ટર ફોર ધ ડેમોક્રેટિક ડિફ્યુઝન ઓફ એઆઈ' લોન્ચ કરવામાં આવ્યા હતા.

# મધ્ય પૂર્વમાં યુદ્ધના તણાવ વચ્ચે અબુ ધાબી અને દુબઈ શેરબજાર બે દિવસ માટે બંધ

અબુ ધાબી: મધ્ય પૂર્વમાં સતત વધી રહેલા ભૌગોલિક અને રાજકીય તણાવને ધ્યાનમાં રાખીને સંયુક્ત આરબ અમીરાત (UAE) ના મુખ્ય શેરબજારો - અબુ ધાબી અને દુબઈ - બે દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્થાનિક સમાચાર અહેવાલો મુજબ, સોમવાર ૨ માર્ચ અને મંગળવાર ૩ માર્ચના રોજ આ બંને શેરબજારોમાં કોઈ કામકાજ થશે નહીં. કેપિટલ માર્કેટ ઓથોરિટીએ જાહેરાત કરી છે કે અબુ ધાબી સિક્યોરિટીઝ એક્સચેન્જ અને દુબઈ ફાઈનાન્શિયલ માર્કેટ નિર્દિષ્ટ તારીખો પર બંધ રહેશે. આ નિર્ણય પ્રાદેશિક અસ્થિરતા વચ્ચે નાણાકીય બજારોની સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે લેવામાં આવ્યો છે.કેપિટલ માર્કેટ ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય તેના નિયમનકારી અને સુપરવાઈઝરી આદેશના ભાગરૂપે અને લાગુ પડતા કાયદાઓ મુજબ લેવામાં આવ્યો છે. સત્તામંડળ પ્રાદેશિક વિકાસ પર સતત અને ઝીણવટભરી નજર રાખી રહ્યું છે અને બદલાતી પરિસ્થિતિના આધારે જરૂરી વધારાના પગલાં લેવા માટે પણ સજ્જ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ પગલાનો મુખ્ય હેતુ અનિશ્ચિતતાના ગાળા દરમિયાન બજારમાં ગભરાટ ફેલાતો રોકવાનો અને રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનો છે. ઈરાન, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયેલ વચ્ચે વધતી જતી લશ્કરી અથડામણોને કારણે અખાતી પ્રદેશમાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે. વળતા હુમલાઓ અને સુરક્ષાની ઘટનાઓની શ્રેણીએ યુએઈ, બહેરીન, કુવૈત, કતાર અને ઓમાન સહિતના ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) ના દેશોને અસર કરી છે.

# મધ્ય પૂર્વમાં યુદ્ધના ભણકારા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં 10 ટકાનો તોતિંગ ઉછાળો

નવી દિલ્હી: ઈરાનના સર્વોચ્ચ નેતાના અવસાન બાદ ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા જતા સૈન્ય સંઘર્ષની સીધી અસર વૈશ્વિક તેલ બજાર પર જોવા મળી રહી છે. મધ્ય પૂર્વમાં વણસતી જતી પરિસ્થિતિને કારણે બ્રેન્ટ ક્રૂડની કિંમતોમાં અંદાજે 10 ટકાનો ઉછાળો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ 78.52 ડોલરની સપાટીએ પહોંચી ગયું છે. ભૌગોલિક અને રાજકીય જોખમો વધતા બજારમાં ગભરાટ ફેલાયો છે અને નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો સંઘર્ષ વધુ વણસશે તો તેલના ભાવ 120 ડોલરને પણ પાર કરી શકે છે. બજારના નિષ્ણાત અજય બગ્ગાએ મીડિયા અહેવાલ મુજબ જણાવ્યું છે કે, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ હવે સીધા સૈન્ય સંકેતોમાં ફેરવાઈ ગયો છે, જેની વૈશ્વિક અસરો ખૂબ મોટી હશે. સૌથી મહત્વનું પાસું ઉર્જા લોજિસ્ટિક્સ છે. વિશ્વના કુલ તેલ વપરાશનો પાંચમો ભાગ, એટલે કે અંદાજે 20 થી 22 મિલિયન બેરલ પ્રતિ દિવસ, હોર્મુઝની સામુદ્રધુની માંથી પસાર થાય છે. જો આ માર્ગમાં થોડો પણ વિક્ષેપ પડે તો ઈન્સ્યોરન્સ પ્રીમિયમ, નૂર ખર્ચ અને ક્રૂડના ભાવમાં આસમાની ઉછાળો નિશ્ચિત છે.ભારત જેવા તેલની આયાત પર નિર્ભર દેશો માટે આ પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. ક્રૂડ ઓઈલના ભાવમાં દર 10 ડોલરનો વધારો ભારતની ચાલુ ખાતાની ખાધ (Current Account Deficit) માં જીડીપીના 0.4 થી 0.5 ટકા જેટલો વધારો કરે છે. આ ઉપરાંત, સામાન્ય જનતા પર મોંઘવારીનો બોજ પણ વધશે. ભારત માટે આ માત્ર ભૌગોલિક રાજકીય ઘટના નથી, પરંતુ એક મોટો મેક્રો ઈકોનોમિક પડકાર છે. ઉડ્ડયન, કેમિકલ્સ, ઓટો અને પેઈન્ટ્સ જેવા ક્ષેત્રો પર આની સૌથી વધુ પ્રતિકૂળ અસર થવાની શક્યતા છે.

## વિશ્વસનીયતામાં મોટો વધારો થયો

# ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૭.૮ ટકા નોંધાયા બાદ અર્થતંત્રમાં ભારે તેજી

નવી દિલ્હી: ભારતીય અર્થતંત્રે ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૫ ના ત્રિમાસિક ગાળામાં ૭.૮ ટકાનો મજબૂત જીડીપી (GDP) ગ્રોથ નોંધાવીને પોતાની આર્થિક ગતિ જાળવી રાખી છે. અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓએ આ વૃદ્ધિને ટકાઉ આર્થિક વેગના સંકેત તરીકે ગણાવ્યો છે. ૨૦૨૨-૨૩ ના નવા બેઝ યર (આધાર વર્ષ) મુજબ, બીજા ક્વાર્ટરના ૮.૪ ટકાની સરખામણીએ વૃદ્ધિમાં થોડો ઘટાડો થયો હોવા છતાં, આ આંકડા અપેક્ષા કરતા ઘણા વધુ સારા રહ્યા છે. નિષ્ણાતોના મતે, નવી જીડીપી શ્રેણીથી આર્થિક ડેટાની વિશ્વસનીયતામાં વધારો થયો છે જે ભવિષ્યના આયોજન માટે અત્યંત મહત્વનું છે. મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરના જણાવ્યા અનુસાર, ૭.૮ ટકાની વૃદ્ધિ મુખ્યત્વે કૃષિ અને બિન-ઉત્પાદન ઔદ્યોગિક ક્ષેત્રો જેવા કે ખાણકામ, વીજળી અને બાંધકામ દ્વારા સંચાલિત હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ઉત્પાદન ક્ષેત્રના ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) માં સતત પાંચમા ક્વાર્ટરમાં બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી છે, જે ઔદ્યોગિક ક્ષેત્રની મજબૂતી દર્શાવે છે. ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દર ૭.૬ ટકા રહેવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષના ૭.૧ ટકા કરતા નોંધપાત્ર સુધારો દર્શાવે છે.

PHDCCI ના પ્રમુખ રાજીવ જુનેજાએ જણાવ્યું હતું કે, નવા અંદાજો મુજબ ૨૦૨૫-૨૬ માં રિયલ જીડીપી ૩૨૨.૫૮ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાની ધારણા છે. જીડીપીના સુધારેલા માળખાથી રાષ્ટ્રીય હિસાબના આંકડાઓની વિશ્વસનીયતા વધશે. આ અપડેટેડ પદ્ધતિ નીતિ ઘડવૈયાઓ, વ્યવસાયો અને રોકાણકારોને વિવિધ ક્ષેત્રોમાં આર્થિક ગતિવિધિઓનું વધુ સચોટ ચિત્ર પ્રદાન કરશે. ખાસ કરીને ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-૨૩ ના બેઝ યરમાં થયેલો ફેરફાર અર્થતંત્રના બદલાતા માળખાને પ્રતિબિંબિત કરે છે.જીએસટી (GST) ફાઈલિંગ અને કોર્પોરેટ નાણાકીય ડેટાના ઉપયોગથી બાંધકામ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું માપન વધુ સચોટ બન્યું છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે બજારની વાસ્તવિક સ્થિતિને અનુરૂપ ડેટા મળવાથી ડેવલપર્સ અને રોકાણકારો વધુ આત્મવિશ્વાસ સાથે આયોજન કરી શકશે.

## ફિનટેક ક્રાંતિ અને નાણાકીય સશક્તિકરણને નવો વેગ | રોહિત શર્મા અને ભારતપે વિજેતા મુલાકાત યોજાઈ

# ભારતપે સુપર ઓવર અભિયાન હેઠળ વિજેતા વેપારીઓને રોહિત શર્માને મળવાની તક મળી

બેંગલુરુ: ભારતની સૌથી વિશ્વસનીય ફિનટેક કંપનીઓમાં સ્થાન ધરાવતી અને દેશભરના ૧.૭ કરોડથી વધુ વેપારીઓની પેમેન્ટ પાર્ટનર 'ભારતપે' દ્વારા તેના 'સુપર ઓવર' અભિયાનના વિજેતાઓ માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્ણાટકની રાજધાની બેંગલુરુ ખાતે યોજાયેલા આ વિશિષ્ટ સમારોહમાં સ્પર્ધાના વિજેતા વેપારીઓ અને ગ્રાહકોને કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર અને ભારતીય ક્રિકેટ ટીમના સુકાની રોહિત શર્માને મળવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમ માત્ર પુરસ્કાર વિતરણ પૂરતો મર્યાદિત ન રહેતા, વેપારી સમુદાયના વિશ્વાસ અને વફાદારીને બિરદાવવાનું એક માધ્યમ બન્યો હતો.

ભારતપે સુપર ઓવર અભિયાનમાં સમગ્ર ભારતમાંથી વેપારીઓ અને ગ્રાહકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ યોજના હેઠળ ગ્રાહકો અને



વેપારીઓએ દરેક ભારતપે ક્યુઆર કોડ અને યુપીઆઈ વ્યવહાર પર 'ઝિલિયન કોઈન્સ' મેળવ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ સમગ્ર પ્રક્રિયા ભારતપે શીલ્ડની મજબૂત સુરક્ષા હેઠળ પાર પાડવામાં આવી હતી. મેટ્રો શહેરોથી લઈને નાના નગરો સુધી આ અભિયાનને જે અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે, તે ભારતીય ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે ભારતપે પરના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે.

આ મુલાકાત દરમિયાન વિજેતાઓ સાથે વાતચીત કરતા રોહિત શર્માએ જણાવ્યું હતું કે, "રમત હોય કે જીવન, તમે એવા લોકો અને સંસ્થાઓ સાથે આગળ વધો છો જેમાં તમે વિશ્વાસ રાખો છો. મેં સમય જતાં ભારતપેને વિકસતી જોઈ છે, જેમ મેં મારી કારકિર્દીના વિવિધ તબક્કાઓ કંડાર્યા છે. આ ભાગીદારી અત્યંત ખાસ છે કારણ કે આ બ્રાન્ડ હંમેશા તેના યુઝર્સને પ્રાથમિકતા આપવામાં માને છે, અને આ જ અભિગમ હું મારી રમત અને મેદાનની બહારની જવાબદારીઓમાં પણ રાખું છું." આ પ્રસંગે ભારતપેના સીઈઓ નલિન નેગી અને માર્કેટિંગ હેડ શિલ્પી કપૂર પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારતપેના સીઈઓ નલિન નેગીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ અભિયાન સાતત્યપૂર્ણ પ્રદર્શન અને ભાગીદારીની ભાવનાની ઉજવણી કરવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું. રમતગમત અને ઉદ્યોગસાહસિકતા એમ બંને ક્ષેત્રે આ મૂલ્યો ખૂબ જ મહત્વના છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધીના આ સૌથી મોટા અભિયાનને મળેલ પ્રચંડ પ્રતિસાદ એ વેપારીઓ અને ભાગીદારોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. કંપનીનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના નાના-મોટા વેપારીઓને તેમના ક્રિકેટિંગ આઈકોનની નજીક લાવવાની સાથે સમુદાય સાથેના જોડાણને વધુ મજબૂત બનાવવાનો હતો.ભારતપે સુપર ઓવરની સફળતાએ ફિનટેક બ્રાન્ડ તરીકે કંપનીની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે. કંપની હવે માત્ર વ્યવહારો પૂરતી સીમિત નથી, પરંતુ તે ભારતના ડિજિટલ પેમેન્ટ ક્રાંતિના કેન્દ્રમાં રહેલા વેપારીઓ અને ગ્રાહકો સાથે વાસ્તવિક અને કાયમી સંબંધો બનાવી રહી છે. આ કાર્યક્રમ બાદ વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેઓએ નાણાકીય વૃદ્ધિ માટે મળેલા આ પ્રોત્સાહક અનુભવને બિરદાવ્યો હતો.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-15**

# ગ્રામ્ય વિસ્તારો ડિજિટલ છેતરપિંડીના સોફ્ટ અને સેફ ટાર્ગેટ

ભારતમાં ઘણા સમયથી ડિજિટલ ઈન્ડિયા મિશન હાથ ધરવામાં આવેલું છે. તેના પગલે સ્થિતિ એવી થઈ છે કે, હાલમાં કરોડો લોકો સતત ઈન્ટરનેટ અને ઓનલાઈન માધ્યમોનો ઉપયોગ કરતા થઈ ગયા છે. અહેવાલો જણાવે છે કે, દેશમાં ૯૦ કરોડ કરતા વધારે લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતા થઈ ગયા છે. તેના કારણે કરોડો રૂપિયાનું દરરોજ ડિજિટલ પેમેન્ટ થાય છે. દરરોજ અબજો રૂપિયાની ઓનલાઈન લેવડદેવડ થઈ રહી છે. જાણકારોના મતે તેના કારણે જ ભારત રિયલ ટાઈમ પેમેન્ટ માર્કેટ તરીકે મોટાપાયે વિકસિત થયું છે. ખાસ કરીને ૨૦૧૭થી ૨૦૨૩ વચ્ચે રિટેલ ડિજિટલ પેમેન્ટમાં ૫૧ ટકા જેટલો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં ડિજિટલ પેમેન્ટનું દેશની જીડીપીમાં ૪.૫ ટકા યોગદાન હતું. જાણકારો માને છે કે, આ વર્ષના અંત સુધીમાં આ આંકડો ૨૦ ટકા સુધી પહોંચવાની શક્યતાઓ છે. ડિજિટલ ક્રાંતિ અને સુવિધાની સાથે સાથે સાઈબર ક્રાઈમની શક્યતાઓ પણ એટલા જ પ્રમાણમાં વધી છે.ચિંતાજનક બાબત એ છે કે, વર્તમાન સમયમાં સાઈબર ક્રાઈમ અને છેતરપિંડીના અઢળક કેસ સામે આવી રહ્યા છે. સમગ્ર દેશમાં ડિજિટલ ક્રાંતિ થઈ હોવાનો આનંદ કરાઈ રહ્યો છે, વિકાસ થયાના ઢોલ પીટાઈ રહ્યા છે પણ સાથે સાથે ગુનાખોરી વધી છે અને ડિજિટલ પડકારો પણ એટલા જ વધ્યા છે. ટેક્નોલોજીના દુરુપયોગનું પ્રમાણ મોટાપાયે વધ્યું છે અને આ ગુનાખોરી ઉપર લગામ લગાવવાનું સુરક્ષા એજન્સીઓ માટે મુશ્કેલ બની રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા જ થોડા સમય પહેલાં જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે, ૨૦૨૧થી અત્યાર સુધીમાં સાઈબર ગુનાખોરીમાં ૪૦૦ ટકાનો અધધ વધારો થયો છે. તેમાંય ગ્રામ્ય વિસ્તારો અને નાના શહેરો ડિજિટલ છેતરપિંડીના મોટા કેન્દ્ર બની રહ્યા છે. ઘણા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સાઈબર સુરક્ષા નબળી હોવાના કારણે ત્યાં આ પ્રકારના ગુનામાં વ્યાપક વધારો થયો છે. જાણકારો માને છે કે, જે રીતે ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ ક્રાંતિના પગલે સામાજિક અને ટેકનિકલ પરિવર્તન આવ્યું છે તેના કારણે સ્થિતિ બદલાઈ છે. લોકો ઓનલાઈન માધ્યમોનો વધારે ઉપયોગ કરતા થયા છે અને તેના કારણે સાઈબર ગુનાખોરી પણ વધી છે. અહેવાલો પ્રમાણે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ જેવા રાજ્યોમાં સસ્તા સ્માર્ટફોન અને સસ્તી ઈન્ટરનેટ સેવાઓના કારણે ડિજિટલ કામગીરી વધી છે પણ લોકોમાં આ ડિજિટલ વિશ્વની સમજ વધી નથી. તેના કારણે જ આ વિસ્તારના લોકો સટ્ટાબાજી, ઓનલાઈન રમતો અને મનોરંજન તરીકે રજૂ કરવામાં આવતી વિવિધ ગેમ્સમાં ફસાઈ જાય છે. આવા લોકો સાઈબર ગુનેગારો માટે સરળ શિકાર હોય છે. તેના કારણે જ છેલ્લાં બે-ત્રણ વર્ષોમાં ભારતમાં ઓનલાઈન છેતરપિંડાના કારણે ભારતીયોને ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડયું છે. થોડા સમય પહેલાં જ આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૫માં જ ભારતીયોને સાઈબર ગુનાખોરીને કારણે ૧૯,૮૧૩ કરોડ રૂપિયા ગુમાવવા પડયા હતા. આ દરમિયાન ૨૧ લાખથી વધારે સાઈબર છેતરપિંડીની ફરિયાદો દેશભરમાં દાખલ કરવામાં આવી હતી. તેની પહેલાની વાત કરીએ તો ૨૦૨૪માં સાઈબર છેતરપિંડીની ૧૯ લાખ ફરિયાદો સામે આવી હતી. આ ગુનાઓમાં લોકોના ૨૨,૮૪૯ કરોડ રૂપિયા લુંટી લેવાયા હોવાની માહિતી સામે આવી હતી. ઉલ્લેખનીય છે કે, મોટાભાગે હવે ઘણા બધા કામ મોબાઈલ ઉપર અને ઈન્ટરનેટ ઉપર કરી શકાય તેમ છે. તેના કારણે સાઈબર ગુનેગારો માત્ર કોઈપણ વ્યક્તિ દ્વારા ગફલત કરવામાં આવે તેની જ રાહ જોવામાં આવે છે. લોકો અજાણતા એકાદ ભુલ કરી બેસે અને તેમના ખાતા ખાલી કરી દેવાય છે. લોકો પાસે મોબાઈલના ઉપયોગોની પૂરતી સમજ નથી અને તેના કારણે તેઓ વધારે નુકસાન ભોગવી રહ્યા છે. લોકોને ડિજિટલ આર્થિક ઉપયોગો અંગે યોગ્ય રીતે જાગ્રત કરવાની વધારે જરૂર છે. સાઈબર ગુનેગારો દ્વારા લોકોને છેતરવા માટે વિવિધ પેંતરા અપનાવવામાં આવે છે. સ્થિતિ એટલી ગંભીર થઈ ગઈ છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા પણ સરકારોને ડિજિટલ ગુનાખોરી ડામવા માટે યોગ્ય પગલાં લેવાની તાકીદ કરવામાં આવી છે. સરકાર દ્વારા આ દિશામાં નક્કર કામ કરાતું હોય તેવું લાગતું નથી. ઉલ્લેખનીય છે કે, એડવાન્સ ટેક્નોલોજી અને સરકારના કહેવાતા સબળ પ્રયાસ છતાં લોકો સાથે કરોડોના સાઈબર ફ્રોડ થાય છે. તેમના ખાતાઓ અને કાર્ડમાંથી લાખોની રકમની તફડંચી થઈ જાય છે. તેમની સાથે છેતરપિંડી થઈ જાય છે. ભારતમાં તો આ સ્થિતિ અંત્યત ખરાબ છે.

# હોળી નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા તથા સિંહાસને ગુલાબના ફુલો અને રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર કરાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

સાળંગપુર તા.૨ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણા થી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.02-03-2026ને સોમવારના રોજ હોળી નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા તથા ગુલાબના ફુલો અને રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર કરાયો હતો. સવારે 05:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. દાદાને વૃન્દાવનમા તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા તથા દાદાના સિંહાસને ગુલાબનાં ફુલોનો સાથે રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.દાદાને રંગો અને પીચકારીઓ ધરાવવામાં આવી હતી. તેમજ મંદિર તથા પરિસરમાં રંગબેરંગી ફૂલો અને કાપડનો ઉપયોગ કરી વિશેષ શુશોભન કરવામાં આવ્યું છે. જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી. હોળી-ધુળેટી પર્વ નિમિત્તે 03 માર્ચે 2026ના રોજ એટલે કે, પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો (ગુલાબી, લાલ, પીળો, નારંગી) દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. રંગોત્સવની પૂર્વ તૈયારીઓ અંતર્ગત અનેક ભક્તો સેવામાં જોડાયેલ છે.

# માહે-ફેબ્રુઆરી-૨૦૨૬ના માસ દરમ્યાન એસટી વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨. એસ.ટી. નિગમ જૂનાગઢ વિભાગ દ્વારા માહે-ફેબ્રુઆરી-૨૦૨૬ના માસ દરમ્યાન એસટી વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી જે મુજબ મુસાફરો પાસે થી રૂ,848 લઈ ટીકીટ ન આપેલ કુલ ૦૪ કંડકટરોને પકડવામા આવેલ છે. જેની સામે નિગમના ધારા ધોરણ મુજબ ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે, તથા મુસાફરો દ્વારા ટીકીટ લેવામા આવેલ નથી તેવા ૨૦ મુસાફરોને પકડવામા આવેલ છે. જેમના સામે સ્થળ ઉપર દંડ રૂ,7742 વસુલાત કરી દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે, તેમજ વિભાગના કુલ ૦૯ ડેપો ખાતે ધુમ્રપાન તેમજ બસ અને બસ સ્ટેશનમાં પાન માવો ખાઈને પિચકારી મારતા /ગંદકી ફેલાવતા કુલ લોકો ૧૮૦ પકડાયેલા જેની સામે કેસ કરી રૂપિયા ૩૯૮૫ નો દંડ વસુલવામાં આવેલ છે તેમ શ્રી વી.બી ડાંગર, વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. નિગમ,જૂનાગઢની યાદીમાં જણાવેલ છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જૂનાગઢ વિભાગ દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૬ માસ દરમિયાન શિસ્ત અને નિયમોના ચુસ્ત પાલન માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત એસટી તંત્રએ ટિકિટ ચોરી, ગંદકી અને નિયમભંગ કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરી છે.

# નીરોણા ખાતે રાષ્ટ્રીય HPV( હ્યુમન પેપિલોમાવાયરસ) રસીકરણ કાર્યક્રમ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ ના નિરોણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય HPV( હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ ગામના સરપંચશ્રી નરોતમભાઈ આહીર(એન ટી આહીર)ના હસ્તે કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે મેડિકલ ઓફિસર, MPHS, FHS,FHW,સ્ટાફ નર્સ, આરોગ્ય કર્મચારીઓ તથા આશાબહેનો અને ગ્રામ પંચાયતના સદસ્યો હાજર રહ્યા હતા. રસીકરણ પૂર્વે લાભાર્થી કિશોરીઓની નોંધણી કરી જરૂરી વાઈટલ ચેક કરવામાં આવ્યા બાદ HPV રસી આપવામાં આવી હતી તથા રસીકરણ બાદ નિર્ધારિત સમય સુધી મોનીટરીંગ કરવામાં આવ્યું હતું.વેકસીન લીધેલ કિશોરી ને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા કાર્યક્રમ દરમિયાન HPV રસીના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ

# જાફરાબાદ તાલુકાના ભટવદર ગામ નજીક પસાર થતો નેશનલ હાઈવે ઉપર ગમખ્વાર અકસ્માત સર્જાયો ઘટના સ્થળે બે લોકો ના કમકમાટીભર્યાં મોત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ભટવદર ગામ નજીક પસાર થતા ભાવનગર નેશનલ હાઈવે પર એક ટ્રક અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત બે ના મોત ભાવનગર નેશનલ હાઈવે બન્યો ગોઝારો



અહીં પર માટીના પાળાને કારણે અનેક નિર્દોષ લોકો મૃત્યુ પામે છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૫ થી ૨૦ લોકો મૃત્યુ પામ્યા છે જાફરાબાદના નાગેશ્રી ગામના બાઈક સવાર રમેશભાઈ સાખટનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત..મનુભાઈ સાખટ ની રાજુલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા ડોક્ટરે મૃત જાહેર કરેલ છેલ્લા છ વર્ષથી બોક્સ કન્વર્ટ બંને સાઈડ માટીના પાળા હોવાથી લોકોને રોંગ સાઈડ ચાલુ પડે છે સામેથી આવતા વાહન ચાલકો સામે નિર્દોષ લોકો ને મોત નો ભોગ બને છે નેશનલ ઓથોરિટી ના અધિકારીઓ ની ઘોર બેદરકારીના કારણે છેલ્લા છ વર્ષથી બોક્સ કન્વર્ટ નું કામ કેમ શરૂ કરવામાં આવ્યું નથીજાફરાબાદના કાગવદર ભટવદર બાલાની વાવ મીઠાપુર નાગેશ્રી ના લોકોમાં ભારે રોષ સ્થાનિક સરપંચો દ્વારા હાઈવે બંધ કરવાની ચીમકી.

# રાજુલા ખાતે સરકાર શ્રી દ્વારા ૧૨ કરોડના ખર્ચે નવા રસ્તાઓ નુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા શહેરમાં રૂ. ૧૨ કરોડના ખર્ચે આધુનિક રોડ પ્રોજેક્ટના ખાતમૂહુર્ત તેમજ અમરેલી જિલ્લા ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોના સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ રાજુલા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર સર્કલ પર યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અતુલભાઈ કાનાણી (અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ) તથા રાજુલા ધારાસભ્ય તેમજ જિલ્લા ભાજપના મહામંત્રી મયુરભાઈ મંજરિયા, જીગ્નેશભાઈ પટેલ સહિત અનેક આગેવાનો, હોદ્દેદારો, ચૂંટાયેલા તાલુકા-શહેર પ્રતિનિધિઓ, સરપંચો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા ખાતમૂહુર્ત વિગતો



નવનિર્મિત રાજુલા-હિંડોરણા રોડ (બાયપાસ સુધી) રાજુલા-ભેરાઈ રોડ બંને માર્ગો રૂ. ૧૨ કરોડના ખર્ચે મંજૂર થતા તેનું વિધિવત ખાતમૂહુર્ત કરવામાં આવ્યું.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણી અંતર્ગત એક અઠવાડીયા સુધી વિવિધ કાર્યક્રમોનો પ્રારંભ



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨, દર વર્ષે ૮મી માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. ત્યારે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણી ઉપલક્ષ્યે એક અઠવાડીયા સુધી એટલે કે તા.૨ માર્ચથી ૯ માર્ચ સુધી દરરોજ મહિલા જાગૃતિ મહિલા ઉત્કર્ષ સહિતનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. ઉજવણી સપ્તાહને પ્રારંભ કરાવતી વેળાએ યુનિ.નાં કૂલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે ઉપસ્થિત બહેનોને સંબોધતા જણાવ્યુ હતુ કે સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને ધ્યાનમાં લઈ મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ તેઓ કુરિવાજો તથા રૂઢિઓ માંથી બહાર આવે તે માટેનું આયોજન કરવામાં આવે છે. આજે વિજ્ઞાન, ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે. મહીલાઓ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધી રહી છે. સ્ત્રીઓ શક્તિનું સ્વરૂપ છે. સ્ત્રીઓ તેમના સમગ્ર જીવન દરમ્યાન પોતાના પરીવાર માટે ખૂબ જ સંઘર્ષ કરે છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓના ઉત્થાન માટે લોકો પ્રયત્નશીલ બન્યા છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં અભ્યાસ કરતી બાળાઓ, શોધકાર્ય સાથે સંકળાયેલ શોધ સ્કોલર્સ, યુનિ.નો ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફની બહેનોને એક અઠવાડીયા દરમ્યાન આયોજીત થનાર કાર્યક્રમો લાભપ્રદ બની રહેશે. ઉજવણી સપ્તાહનાં પ્રથમ દિવસે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો. દક્ષાબેન ચૌહાણે સાંપ્રત સમયે મહિલાઓની નાણાકીય સ્વતંત્રતા વિષયે સમજણ આપતા જણાવ્યુ હતુ.

# દેશલપરના કીંતન ઠક્કરની શિવ આરાધનાએ સૌને મંત્રમુગ્ધ કર્યાં

જગદીશ દવે દેશલપર (ગુંતલી)

કચ્છની ધરતી હંમેશા શ્રદ્ધા અને ભક્તિ માટે જાણીતી છે. આ પવિત્ર ધરા પર અત્યારે એક નાનકડા બાળકની શિવભક્તિ સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે આકર્ષણનું કેન્દ્ર બની છે. દેશલપર (ગુંતલી) ગામના કીંતન ઠક્કર નામના નાનકડા બાળકની શિવ આરાધના કરતી તસવીરોએ લોકોમાં ભક્તિનો સંચાર કર્યો છે. જે ઉંમરે બાળકો રમતગમતમાં વ્યસ્ત હોય છે, તે ઉંમરે કીંતન પૂરી શ્રદ્ધા સાથે ભગવાન ભોળાનાથની પૂજા-અર્ચનામાં મગ્ન જોવા મળે છે. જગદીશ દવે દ્વારા કંડારેલી આ



તસવીર બાળકના શુદ્ધ મન અને ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને આબેહૂબ રજૂ કરે છે.કીંતન ઠક્કરની ભક્તિ જોઈને આસપાસના લોકો પણ આશ્ચર્યચકિત છે. બાળકની આ આરાધના દર્શાવે છે કે આપણા સમાજમાં આજે પણ ધાર્મિક સંસ્કારોનું સિંચન પાયાના સ્તરે થઈ રહ્યું છે.

# ગિરનાર અભ્યારણ્યમાં વન્યપ્રાણીઓ માટે ૫૬ વોટર પોઈન્ટ જીવંત કરાયા





કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્ય ખૂબ જ વિપુલ પ્રમાણમાં જૈવ-વિવિધતા ધરાવે છે. અહીં નિલગાય, સાબર, ચિત્તલ, સસલા અને ભુંડ જેવા તૃણાહારી પ્રાણીઓ તેમજ સિંહ અને દિપડા જેવા માંસાહારી વન્યપ્રાણીઓ કુદરતી રીતે મુક્તમને વિચરે છે. આમ તો આ વન્યપ્રાણીઓ માટે જંગલમાં વિપુલ પ્રમાણમાં ખોરાક ઉપલબ્ધ છે. પરંતુ અત્યારે ઉનાળાની આકરી ઋતુ ચાલુ થયેલ હોય. કુદરતી નાળા સુકાઈ જાય છે. આવી કાળઝાળ ગરમીમાં મૂંગા વન્યપ્રાણીઓને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વન વિભાગ દ્વારા અલગ અલગ જગ્યાએ કૃત્રિમ વોટર પોઈન્ટ બનાવવામાં આવેલા છે. અભ્યારણ્યમાં કુલ ૫૬ વોટર પોઈન્ટ આવેલા છે. જેમાંથી ગ્રીન એનર્જીનો ઉપયોગ કરીને ૨૦ વોટર પોઈન્ટ સોલારથી અને ૮ વોટર પોઈન્ટ પવનચક્કીથી ચલાવવામાં આવે છે. આ ઉપરાંત બાકીના ૨૮ વોટર પોઈન્ટ ટેન્કર મારફતે ભરવામાં આવે છે. આ વ્યવસ્થા સુચારુ રૂપે ચાલતી રહે તે માટે દરેક રાઉન્ડ દીઠ ૨ માણસોને ખાસ આ વોટર પોઈન્ટની સાફ સફાઈ તેમજ વોટર પોઈન્ટ ભરવાની કામગીરી સોંપવામાં આવેલ છે. વોટર પોઈન્ટ ખાલી થતાં જ તેને ફરીથી ભરવામાં આવે છે.વન્યપ્રાણીઓને પીવાના પાણીની શોધમાં જંગલની બહાર ન જવું પડે તે જૂનાગઢ વન વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

# નખત્રાણાના જુનાવાસમાં હોળી પર્વની ભવ્ય અને પરંપરાગત ઉજવણી



મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છ જિલ્લાના નખત્રાણા પંથકમાં આજે હોળીના પાવન પર્વની અત્યંત ઉત્સાહ અને પરંપરાગત આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને નખત્રાણાના જુનાવાસ વિસ્તારમાં આવેલા પૌરાણિક પંચવટી હનુમાનજી મંદિર ચોક મધ્યે હોળીકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પવિત્ર સ્થળે હોળી પ્રગટાવવા પૂર્વે મોટી સંખ્યામાં ભક્તો અને ગ્રામજનો એકત્રિત થયા હતા. હોળીના દ્રશ્યોએ સમગ્ર વાતાવરણને શ્રદ્ધામય બનાવી દીધું હતું.

### લુણાવાડા ડેપો મેનેજરની ગંભીર બેદરકારીના પગલે.....

# લુણાવાડા એસટી ડેપો ના ડેપો મેનેજરને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ (સસ્પેન્ડ) કરવામાં આવ્યા

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ફરજ દરમિયાન મધ્યસ્થ કચેરીની સૂચનાઓ મુજબ રોજરોજ તેમના એકમ ખાતે ના વાહનો પૈકી કુલ ત્રણ વાહનો ફરજિયાત પણે ચકાસવાની સૂચનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે ત્યારે જે સૂચનાઓને અનુલક્ષીને વિભાગીય યાંત્રિક ઈજનેર ગોધરા દ્વારા ડેપો મેનેજર લુણાવાડા ના ડેપો ખાતેના કુલ 10 વાહનોની અચાનક જ ચકાસણી હાથ ધરવામાં આવી હતી ત્યારે વાહનોની આ સરપ્રાઈઝ ચકાસણી દરમિયાન ગંભીર પ્રકારની અનિયમિતતા સપાટી પર આવવા પામી હતી. વિભાગીય કચેરી ગોધરા ખાતેથી આપવામાં આવેલી સૂચનાઓ પ્રમાણે દર મહિને એકમ ખાતેના બધા જ વાહનોના દૈનિક



મેન્ટેનન્સ, દર અઠવાડિયે થતુ મેન્ટેનન્સ તેમજ પિરિયોડિકલ મેન્ટેનન્સ પ્રમાણે અને યાંત્રિક ખાતાના વાહન ચકાસણી પત્રકો યાંત્રિક ૦૧, યાંત્રિક ૦૨, સેફ્ટી, ઈલેક્ટ્રીક વગેરેની ચકાસણી કર્યા બાબતના પ્રમાણપત્રો મોકલી આપવાની સૂચનાઓ પણ અમલમાં મૂકવાની હોય તે સૂચનાઓના અનુસંધાનમાં લુણાવાડા ડેપો મેનેજર દ્વારા તારીખ ૦૫/૦૨/૨૦૨૬ ના રોજ સૂચનાઓ કર્યા મુજબના જે તે પ્રમાણપત્રો વિભાગીય કચેરીને મોકલવામાં પણ આવ્યા હતા પરંતુ લાગતા વળગતા તંત્રના સત્તાધિશ દ્વારા વાહનોની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવતા તેમાં ભારે અનિયમિતતા જોવા મળવા પામી હતી ત્યારે લુણાવાડા ડેપો મેનેજર દ્વારા આપવામાં આવેલા જે તે પ્રમાણપત્રો માત્રને માત્ર વહીવટ ને ગેરમાર્ગે દોરવા માટે જ મોકલવામાં આવ્યા હોય તેવું જણાઈ આવવા પામેલ હોવાની વિગતો ચર્ચાતી સાંભળવા મળી રહી છે. તદ ઉપરાંત લુણાવાડા ડેપો સંચાલિત વાહન નંબર જી.જે.૧૮ ઝેડ ટી ૧૭૫૦ નંબરની એસટી બસનો મુસાફરોને બસમાં ચડવા ઉતરવા માટેનો પેસેન્જર દરવાજો તારીખ ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ખુલી જવા પામતા અકસ્માત સર્જાવા પામ્યો હતો અને આ બનેલી ઘટનામાં ડીએમઈ શ્રી ગોધરા દ્વારા ઘટના સ્થળની મુલાકાત કરતા એસટી બસના પેસેન્જર દરવાજાના મુખ્ય લોકની કવર પ્લેટ તૂટીફૂટી હાલતમાં જોવા મળી હતી.

### રાજુલા ખાતે જીએચસીએલ ફાઉન્ડેશન નું

# જળ સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય બદર કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલના વરદહસ્તે સન્માનમાં કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી ઑ જાફરાબાદ

રાજુલા માં સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) ના ભાગરૂપે જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી કરવા બદલ જીએચસીએલ ફાઉન્ડેશનને ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા વિશેષ સન્માન એનાયત કરવામાં આવ્યું છે. રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે આયોજિત 'જળ સંમેલન' કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટિલના વરદ હસ્તે ફાઉન્ડેશન ને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યું Sતું.GHCL ફાઉન્ડેશન દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે લાંબા સમયથી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. ફાઉન્ડેશન દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે



ભૂગર્ભ ટાંકાઓ નું નિર્માણ, સ્થાનિક તળાવોને ઊંડા કરવાની કામગીરી તેમજ જમીનમાં પાણીના સ્તર ઊંચા લાવવા માટે વરસાદી પાણીના રિચાર્જ સ્ટ્રક્ચર્સ જેવી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રકલ્પો દ્વારા દર વર્ષે અબજો લિટર વરસાદી પાણીનો સંગ્રહ અને જમીનમાં રિચાર્જ શક્ય બનશે. તળાવો ઊંડા થવાથી સ્થાનિક ખેડૂતોના કૂવા અને બોરના તળ ઊંચા આવ્યા છે, જેનાથી કૃષિ ઉત્પાદનમાં પણ સકારાત્મક ફેરફાર જોવા મળ્યો છે. સ્થાનિક લોકોને પાણી સંગ્રહની સમજ મળે તેવા વિશેષ હેતુથી ફાઉન્ડેશન દ્વારા ભૂગર્ભ ટાંકા ના ડેમો મૉડેલ નું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ જેની સહભાગી જનમેદનીએ મુલાકાત લીધી હતી.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટિલે જીએચસીએલ ફાઉન્ડેશન ના પ્રયાસોની સરાહના કરતા જણાવ્યું હતું કે, જળ સંરક્ષણ એ આજના સમયની માંગ છે અને જ્યારે કોર્પોરેટ સંસ્થાઓ આ પ્રકારે જનભાગીદારી સાથે આગળ આવે છે ત્યારે તેના પરિણામો ખૂબ જ સકારાત્મક મળે છે.સન્માન સ્વીકારતા જીએચસીએલ ફાઉન્ડેશન ના સી.એસ.આર હેડ શ્રી રમેશ મકવાણાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે અમારી સંસ્થા પર્યાવરણ અને સમાજ પ્રત્યે હંમેશા સંવેદનશીલ રહી છે.

## અમદાવાદ રેલવે મંડળમાં "સેવા સંકલ્પ" કાર્યક્રમનું આયોજન, અધિકારીઓ અને કર્મચારીઓએ લીધો જનસેવાનો સંકલ્પ

અમદાવાદ | કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા અપનાવવામાં આવેલા "સેવા સંકલ્પ" હેઠળ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ દ્વારા મંડળ કાર્યાલય, અમદાવાદમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ભારત સરકારની જનસેવા, પારદર્શિતા અને જવાબદારીની ભાવનાને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ શરૂઆત છે.

કાર્યક્રમમાં મંડળના સિનિયર અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો તથા "સેવા સંકલ્પ" ની ભાવનાને આત્મસાત કરતાં નાગરિક-કેન્દ્રિત, પારદર્શક અને જવાબદાર પ્રશાસન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાનો પુનઃરૂચ્ચાર કર્યો. આ અવસર પર કેબિનેટ સચિવાલય દ્વારા આપવામાં આવેલ દિશા-નિર્દેશોને અનુરૂપ કાર્યસંસ્કૃતિમાં કુશળતા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા પર ભાર મુકવામાં આવ્યો.

પોતાના સંબોધનમાં મંડળ રેલવે મેનેજરે જણાવ્યું કે ભારતીય રેલવે દેશની જીવનરેખા છે તથા યાત્રીઓ અને સામાન્ય નાગરિકોને સુરક્ષિત, ભરોસાપાત્ર અને ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને આહ્વાન કર્યું કે તેઓ જનહિતને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે તથા સેવા વિતરણ પ્રણાલીમાં સતત સુધારા કરતાં રહીને ઉત્કૃષ્ટતા પ્રત્યે અગ્રસર રહે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રેલવે સેવાઓની ગુણવત્તામાં સતત સુધારા સુનિશ્ચિત કરવા તથા યાત્રીઓને ઉત્તમ, સુરક્ષિત અને ભરોસાપાત્ર સેવાઓ પૂરી પાડવાની દિશામાં મંડળની પ્રતિબદ્ધતાને હજી વધુ સુદ્રઢ કરવાનો છે.

## DEMU ટ્રેનની ઉપલબ્ધતા અને મુસાફરોની સુવિધામાં સુધારો કરવા માટે NFRનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર





માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ઉત્તરપૂર્વ અને નજીકના પ્રદેશોમાં રેલ કનેક્ટિવિટી વધારવા, મુસાફરોની સુવિધામાં સુધારો કરવા અને ઓપરેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે. DEMU રેક્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ અને વૃદ્ધિ સહિતની તાજેતરની પહેલોની શ્રેણી, આ પ્રદેશને વ્યાપક સામાજિક-આર્થિક લાભો પહોંચાડવા માટે તૈયાર છે.એક મહત્વપૂર્ણ વિકાસમાં, ન્યૂ બોંગાઈગાંવ કેરેજ અને વેગન વર્કશોપ ખાતે નવા બનેલા DEMU શેડમાં લોડ બોક્સ પરીક્ષણ સુવિધા શરૂ કરવામાં આવી છે. વર્કશોપે જરૂરી ઈલેક્ટ્રિકલ ફેરફારો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે, જેમાં કેબલ એક્સટેન્શનની જોગવાઈ અને નવા શેડમાં લોડ બોક્સ પરીક્ષણ કરવા માટે વધારાના પેનલની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ આધુનિક વ્યવસ્થા પરીક્ષણ પ્રવૃત્તિઓ માટે સલામત અને વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરે છે.આ સુવિધા શરૂ થવા સાથે, DEMU રેક્સના ડ્રાઈવિંગ પાવર કાર (DPCs) નું પરીક્ષણ હવે એક જ શેડમાં કરવામાં આવશે, જે લોડ બોક્સ પરીક્ષણ માટે તેમને બીજા સ્થાને ખસેડવાની અગાઉની પ્રથાને દૂર કરશે. આનાથી બિનજરૂરી શન્ટિંગ કામગીરીમાં ઘટાડો થયો છે, ગતિવિધિમાં સમયનો બગાડ ઓછો થયો છે અને માનવશક્તિનો ઉપયોગ શ્રેષ્ઠ બન્યો છે. આ પહેલથી કાર્યપ્રવાહ નોંધપાત્ર રીતે સુવ્યવસ્થિત થયો છે, જેના પરિણામે DEMU રેક્સનું ટર્નઅરાઉન્ડ ઝડપી બન્યું છે અને કામગીરીની કાર્યક્ષમતામાં સુધારો થયો છે.સાથે જ, NFR એ વધતી જતી મુસાફરોની માંગને પહોંચી વળવા માટે DEMU રેક્સને વધારવા અને જાળવવા માટે સક્રિય પગલાં લીધા છે, ખાસ કરીને ટૂંકા અંતર અને ઉપનગરીય વિભાગોમાં. સુધારેલ જાળવણી ક્ષમતા અને પરીક્ષણ માળખાગત સુવિધા DEMU સેવાઓની વધુ ઉપલબ્ધતા, વધુ વિશ્વસનીયતા અને વધુ સારી સમયપાલન સુનિશ્ચિત કરશે.આ પહેલોના વ્યાપક ફાયદા રેલ્વે કામગીરીથી આગળ વધે છે. DEMU ઉપલબ્ધતામાં વધારો આસામ અને અન્ય ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં દૈનિક મુસાફરો, વિદ્યાર્થીઓ, નાના વેપારીઓ અને ઓફિસ જનારાઓને સીધો ટેકો આપે છે. સુધારેલ કનેક્ટિવિટી પ્રાદેશિક આર્થિક વિકાસમાં ફાળો આપે છે, બજારો, આરોગ્યસંભાળ અને શૈક્ષણિક સંસ્થાઓ સુધી સરળ પહોંચની સુવિધા આપે છે.

### 500 યુનિવર્સિટીઓ સુધી વિસ્તરણ કરવાનો લક્ષ્યાંક

## સેમિકોન 2.0 હેઠળ, ભારતે 4 વર્ષમાં 85,000 સેમિકન્ડક્ટર એન્જિનિયરોને તાલીમ આપી

અમદાવાદ | આસામથી ગુજરાત અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશભરની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સેમિકન્ડક્ટર ડિઝાઈનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે.ભારત સરકારના સેમિકન્ડક્ટર મિશન હેઠળ પ્રતિભા વિકાસને પ્રાથમિકતા આપતા, કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ, અને ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી, અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતે માત્ર 4 વર્ષમાં 85,000 એન્જિનિયરોને સેમિકન્ડક્ટર ડિઝાઈનમાં તાલીમ આપવાનો 10 વર્ષનો લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે.મંત્રીએ માહિતી આપી હતી કે દેશભરની 315 યુનિવર્સિટીઓમાં વિશ્વસ્તરીય ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) ટૂલ્સ કેડન્સ, સિનોપ્સી અને સિમેન્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ ટૂલ્સની મદદથી, વિદ્યાર્થીઓ વાસ્તવિક સેમિકન્ડક્ટર ચિપ્સ ડિઝાઈન કરી રહ્યા છે. આ ચિપ્સ મોહાલીમાં સેમિકન્ડક્ટર લેબોરેટરી (SCL) ખાતે ફેબ્રિકેટ અને પરીક્ષણ કરવામાં આવી રહી છે, જે વિદ્યાર્થીઓને ડિઝાઈનથી લઈને ઉત્પાદન અને માન્યતા સુધીની સમગ્ર પ્રક્રિયામાં વ્યવહારુ અનુભવ આપે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે, આસામથી ગુજરાત અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશભરની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સેમિકન્ડક્ટર ડિઝાઈનમાં સક્રિયપણે જોડાઈ રહ્યા છે. આ ભારતની તકનીકી ક્ષમતા અને આત્મનિર્ભરતા તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

## ઈરિડાએ ગિફ્ટ IFSC મારફતે ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાયનાન્સિંગને વધારવા પોલિસી સપોર્ટ આપવાની તરફેણ કરી

ગાંધીનગર | ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય (MNRE)ના સહયોગથી ઈન્ટરનેશનલ ફાયનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) દ્વારા યોજાયેલ રાઉન્ડટેબલ બેઠકમાં ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિમિટેડ (IREDA)ના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર (CMD) શ્રી પ્રદીપ કુમાર દાસે ભારતના રિન્યુએબલ એનર્જી (RE) ટ્રાન્ઝીશન માટે ઓફશોર મૂડીભંડોળ એકત્રિત કરવાની બાબત અંગે IREDAના દ્રષ્ટિકોણને રજૂ કર્યો હતો.આ સેશનની અધ્યક્ષતા IAS (સચિવ, MNRE) શ્રી સંતોષ કુમાર સારંગીએ કરી અને તેમાં નિકાસકારોના એક ખૂબ જાણીતા પેનલે ભાગ લીધો જેમાં IAS રિટાયર્ડ (ડિરેક્ટર જનરલ, ન્યુ ડેવલપમેન્ટ બેન્ક) શ્રી ડી.જે.પાંડિયન; IAS (સંયુક્ત સચિવ, MNRE) શ્રી જેવીએન સુબ્રમણ્યમ; શ્રી દીપેશ શાહ (એક્ઝિક્યુટીવ ડિરેક્ટર, IFSCA); શ્રી આશીષ ખન્ના (ડિરેક્ટર જનરલ, ઈન્ટરનેશનલ સોલર અલાયન્સ) અને રોકાણકારો, ફાયનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સ તથા અન્ય ખાસ હિતધારકોના સિનિયર રિપ્રેઝેન્ટેટીવનો સમાવેશ થાય છે.

## અદાણી ફાઉન્ડેશન અને એસીસીએ મહારાષ્ટ્રના ચાંદામાં મોબાઈલ હેલ્થ કેર યુનિટને લીલી ઝંડી આપી

ગાંધીનગર | વૈવિધ્યીકૃત અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો અને બિલ્ડિંગ મટિરિયલ્સ ક્ષેત્રે સૌથી ઝડપથી વિકસતી કંપની એસીસીએ અદાણી ફાઉન્ડેશન સાથે મળીને ચાંદામાં મોબાઈલ હેલ્થકેર યુનિટ (MHCU) ને લીલી ઝંડી આપીને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવી છે.આ મોબાઈલ હેલ્થકેર યુનિટ આ વિસ્તારના તમામ ૧૮ કાર્યરત ગામોમાં ગ્રામ્ય સ્તરે પ્રાથમિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલ દ્વારા સ્થાનિક સમુદાયના સભ્યોને પાયાની તબીબી સહાય, નિવારક સંભાળ અને સમયસર સારવારની સુવિધા સરળતાથી મળી રહેશે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.ચીફ પ્લાન્ટ મેનેજર ચાંદા, સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને સીએસઆર ટીમની ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવી મોબાઈલ હેલ્થકેર યુનિટને પ્રસ્થાન કરાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. સભાને સંબોધતા ચીફ પ્લાન્ટ મેનેજરે ગ્રામીણ સ્તરે સુલભ આરોગ્ય સુવિધાઓના મહત્વ પર ભાર મૂક્યો હતો અને સમજાવ્યું હતું કે કેવી રીતે મોબાઈલ હેલ્થકેર યુનિટ રહેવાસીઓને તેમના ઘરની નજીક જ જરૂરી તબીબી સારવાર મેળવવામાં મદદ કરશે.

## કોનકોર્ડ કંટ્રોલ સિસ્ટમ્સ લિમિટેડે ભારતીય રેલવે પાસેથી રૂ. 53.73 કરોડનો કવચ 4.0 ઓર્ડર મેળવ્યો

ગાંધીનગર | ભારતમાં એમ્બેડેડ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સના અગ્રણી ઉત્પાદક અને ક્રિટિકલ ઈલેક્ટ્રોનિક સોલ્યુશન કંપની કોનકોર્ડ કંટ્રોલ સિસ્ટમ્સ લિમિટેડ (BSE: CNCRD)એ જાહેર કર્યું છે કે તેની સહયોગી કંપની પ્રોગોટો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે ભારતીય રેલવે પાસેથી રૂ. 53.73 કરોડનો નોંધપાત્ર ઓર્ડર મેળવ્યો છે.આ ઓર્ડરમાં ઓન-બોર્ડ કવચ 4.0 ઉપકરણોના સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો સમાવેશ થાય છે, જે ભારતની સ્વદેશી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ છે. તે ટક્કર, વધુ પડતી સ્પીડ અને જોખમમાં સિગ્નલ પસાર થવાથી બચવા માટે વિકસિત કરાઈ છે. આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ રેલવેની સલામતી વધારવામાં કોનકોર્ડની ભૂમિકાને મજબૂત કરતાં 12 મહિનાની અંદર અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવશે.કોનકોર્ડ કંટ્રોલ સિસ્ટમ્સ લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર ગૌરવ લાથએ કહ્યું હતું કે, 'કવચ 4.0 એક સુરક્ષિત, વધુ વિશ્વસનીય રેલ નેટવર્ક વિકસિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

## એરબીએનબી 2026 એરબીએનબી કમ્યુનિટી ફંડ દ્વારા 8 ભારતીય નોનપ્રોફિટ્સને સહયોગ કરશે

ગાંધીનગર | એરબીએનબી આજે, એરબીએનબી કમ્યુનિટી ફંડના દાન મેળવનારની જાહેરાત કરે છે, જેમાં દેશભરની 8 નોનપ્રોફિટ ઓર્ગેનાઈઝેશન્સનો સમાવેશ થાય છે, જે સમગ્ર સમુદાયમાં અર્થપૂર્ણ બદલાવ લાવે છે.2020માં રજૂ થયેલું એરબીએનબી કમ્યુનિટી ફંડ એ એક 100 મિલિયન યુએસ ડોલરની પહેલ છે જે ખાસ સ્થાનિક સમુદાય અને તેની આસપાસ રહેતા લોકોને સહયોગ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ વર્ષે એરબીએનબી લગભગ 10 મિલિયન યુએસ ડોલરનું દાન વૈશ્વિક સ્તરે નોનપ્રોફિટ સંસ્થાઓને દાન કરશે, જેનાથી દુનિયાભરમાં કાર્યરત સંસ્થાઓને સમુદાય પર કામ કરવામાં મજબૂતી મળશે.એરબીએનબી એ તેમના સમુદાય સાથે ઊંડાણપૂર્વક જોડાયેલું છે અને દર વર્ષે અમે ગર્વથી યજમાન સમુદાય સાથે સહયોગ કરીએ છીએ, જેથી મહત્વપૂર્ણ મુદ્દાઓ અને દાન મેળવનારી ઘણી નોનપ્રોફિટ સંસ્થાઓને ઓળખી શકાય. વૈશ્વિક સ્તરે, હોસ્ટ એડવાઈઝરી બોર્ડના સભ્યોએ આ વર્ષના દાન માટે આર્થિક સશક્તિકરણ, સ્થિર તથા ગ્રામીણ પર્યટન, પર્યાવરણીય ટકાઉપણું ઉપરાંત દુરુપયોગ અને શોષણનો અંત લાવવા જેવા મુદ્દાઓને મુખ્ય ક્ષેત્રો તરીકે પસંદ કરવામાં મદદ કરી.

## જ્વેલરી જે તેની સફરને સન્માનિત કરે છે : કલ્યાણ જ્વેલર્સ સાથે મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર | આ મહિલા દિવસે, એ મહિલાઓને વધાવીએ, જે મજબૂતી, મહત્વાકાંક્ષા અને સ્પષ્ટ વ્યક્તિત્વ સાથે નેતૃત્વ કરે છે. કલ્યાણ જ્વેલર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી, આ જ્વેલરી એડિટ બોલ્ડ ડાયમંડ સ્ટેટમેન્ટ્સ અને વારસાથી પ્રેરિત ગોલ્ડ ડિઝાઈનને એકસાથે લાવે છે, જે આત્મવિશ્વાસ, સ્થિતિસ્થાપકતા અને આત્મવિશ્વાસથી સજ્જ સુંદરતાને પ્રતિબિંબિત કરે છે. તેનો દરેક પીસ શણગાર કરતાં વધુ છે, તે તેની યાત્રા, તેની પસંદગીઓ અને તે ગર્વથી પહેરે છે તે તાકાતની યાદગીરી છે.

હેરિટેજ બ્લૂમ ગોલ્ડ પેન્ડન્ટ

રિફાઈન્ડ ડ્યુઅલ-ટોન ડિઝાઈનથી સજ્જ, ચમકદાર યલો ગોલ્ડમાં સુંદર રીતે કોતરેલું એક ફ્લોરલ પેન્ડન્ટ. પાંખડીના પડ સાથેનું તેનું સ્વરૂપ વૃદ્ધિ, સ્થિતિસ્થાપકતા અને સ્થાયી લાલિત્યને ઉજાગર કરે છે, જે સમયની સાથે વિકસિત થતી પરંપરાઓનું પ્રતીક છે. વૈવિધ્યતા માટે વિચારપૂર્વક તૈયાર કરવામાં આવેલો, આ પીસ ભવ્યતાથી લઈને અર્થપૂર્ણ પ્રસંગો તરફ સહેલાઈથી આગળ વધે છે, જે તેને એવી સ્ત્રી માટે યોગ્ય બનાવે છે જે પોતાના મૂળને વળગી રહીને આત્મવિશ્વાસપૂર્વક પોતાની આગળની સફરનો માર્ગ કંડારે છે.

## ગુજરાત શહેરી વિકાસ મિશનને 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ' એવોર્ડ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના શહેરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની દિશામાં નોંધપાત્ર કામગીરી બદલ ગુજરાત શહેરી વિકાસ મિશન (GUDM)ને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' એનાયત થવાનો છે. ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન



દ્વારા ગુજરાતની 156 નગરપાલિકાઓમાં ગટર નેટવર્કની સફાઈ અને નિરીક્ષણ માટે સ્થાપિત અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટરની કામગીરીને માન્યતા આપવામાં આવી છે. ટેક્નોલોજીના સક્ષમ ઉપયોગથી મેન્ટેનન્સ વધુ સુવ્યવસ્થિત બન્યું છે અને પાણીના પુનઃઉપયોગથી લાખો લીટર પાણી બચાવવામાં સફળતા મળી છે.

## ફેબ્રુઆરી-2026માં રાજ્યની GST આવકમાં 19%નો ઉછાળો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ફેબ્રુઆરી-2026 દરમિયાન રાજ્યની જીએસટી આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. રાજ્યને જીએસટી હેઠળ કુલ 7,598 કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળાની 6,396 કરોડની આવકની સરખામણીએ 19 ટકા વધુ છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે આ સમયગાળામાં રાષ્ટ્રીય સ્તરે જીએસટી વૃદ્ધિ દર 8 ટકા રહ્યો છે.

## ધુળેટી નિમિત્તે રિવરફ્રન્ટના ગાર્ડન અને અટલ બ્રિજ સાંજે ૫ વાગ્યા સુધી બંધ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ધુળેટી તહેવારને ધ્યાનમાં રાખી સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા તા. ૦૪/૦૩/૨૦૨૬ના રોજ રિવરફ્રન્ટ હેઠળ આવેલા તમામ ગાર્ડન તેમજ અટલ બ્રિજને સાંજે ૫:૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રશાસન દ્વારા નાગરિકોને સૂચના આપવામાં આવી છે.

## બળધોઈ ગામે પેટા આરોગ્ય કેન્દ્ર અને નવા કોઝવેનું લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જસદણ તાલુકાના બળધોઈ ગામે ગ્રામજનોને આરોગ્ય અને આવાગમન સુવિધામાં મોટી રાહત મળે તે હેતુસર અંદાજિત 35 લાખના ખર્ચે નિર્મિત નવા પેટા આરોગ્ય કેન્દ્ર તેમજ આશરે 13 લાખના ખર્ચે બનાવાયેલા કોઝવેનું લોકાર્પણ



વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું. નવી આરોગ્ય સુવિધાથી ગ્રામજનોને પ્રાથમિક સારવાર હવે ગામની નજીક ઉપલબ્ધ બનશે, જ્યારે કોઝવેના નિર્માણથી ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન સુરક્ષિત અને અવરજવર યોગ્ય માર્ગ સુલભ બનશે.

## દુધરેજ ધામે નૂતન શીતલ ગૌશાળાનું લોકાર્પણ: સેવા, સંસ્કાર અને સંકલ્પનો સંદેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી વડવાળા મંદિર, દુધરેજ ધામ ખાતે નૂતન શીતલ ગૌશાળાના લોકાર્પણનો ભવ્ય ઉત્સવ ધાર્મિક આસ્થા અને સેવા ભાવનાના માહોલમાં યોજાયો. પ્રસંગે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિશ્વકર્માએ પોતાના સંબોધનમાં વર્ષોથી અહીં પ્રજ્વલિત સદાવ્રતની પરંપરાનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, "આ પવિત્ર સ્થાને આવતો કોઈપણ વ્યક્તિ ક્યારેય ભૂખ્યો કે તરસ્યો જતો નથી." સંત-મહંતોની વિશાળ ઉપસ્થિતિએ વડવાળાની ભૂમિને ચૈતન્યમય બનાવી હોવાનું તેમણે જણાવ્યું. તેમણે અન્નના સન્માન અંગે નાગરિકોને સંદેશ આપતા કહ્યું કે, અન્નનો એક દાણો પણ જીવનઅમૃત સમાન છે; ભોજનનો બગાડ ટાળવો એ જ સાચી પ્રભુસેવા છે.

## આટકોટ-ચિતલીયા રોડ અને નવા પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જસદણ તાલુકાના આટકોટ ખાતે આશરે 3.50 કરોડના ખર્ચે બનનારા આટકોટ-ચિતલીયા રોડ અને અંદાજે 40 લાખના ખર્ચે નિર્માણ પામનારા આધુનિક પશુ દવાખાનાના બાંધકામ કાર્યનું ખાતમુહૂર્ત વિસ્તારના ધારાસભ્ય તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી



કુંવરજીભાઈ બાવળીયાના વરદ હસ્તે સંપન્ન થયું. આ વિકાસ કાર્યો પૂર્ણ થયા બાદ સ્થાનિક નાગરિકોને સુવિધાસભર માર્ગ વ્યવસ્થા મળશે, જ્યારે પશુપાલક ભાઈ-બહેનોને આધુનિક અને સગવડયુક્ત પશુ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે. પ્રસંગે આટકોટ-વીરનગર તાલુકા પંચાયત વિસ્તારના આગેવાનો અને કાર્યકરો સાથે બેઠક યોજાઈ.

## નરોડા રોડથી રોશનબીબીની ચાલી સુધીનો માર્ગ હવે "સ્વ. સાગરભાઈ હરજીભાઈ દેસાઈ માર્ગ"

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કર્મઠ સમાજસેવક સ્વ. સાગરભાઈ હરજીભાઈ દેસાઈની સ્મૃતિને ચિરંજીવ બનાવવા ઉત્તર ઝોનના ઈન્ડિયા કોલોની વોર્ડમાં નરોડા રોડ શાળા નંબર-1થી ટી.પી.-12 ચાર રસ્તા માર્ગે રોશનબીબીની ચાલી સુધીના માર્ગનું નામકરણ કરવામાં આવ્યું છે. હવે આ માર્ગ "સ્વ. સાગરભાઈ હરજીભાઈ દેસાઈ માર્ગ" તરીકે ઓળખાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત નામાભિધાન કાર્યક્રમ મેયર પ્રતિભાબેન જૈનના વરદહસ્તે યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન સ્વ. દેસાઈના સમાજપ્રત્યેના યોગદાન, ધાર્મિક ભાવના અને શિક્ષણપ્રેમને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યા. પ્રસંગે હસમુખભાઈ પટેલ, કંચનબેન રાદડિયા સહિતના આગેવાનો, કોર્પોરેટરો અને મહાનગરપાલિકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નડાબેટથી એકતાનો શંખનાદ: સમસ્ત બ્રહ્મ સમાજે વિકાસ માટે સંગઠનનો સંકલ્પ લીધો

ગાંધીનગરસંવાદદાતાવિજયવીરયાદવ

બનાસકાંઠાના સરહદી પવિત્ર તીર્થસ્થળ નડાબેટ ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની રાજ્યકક્ષાની કારોબારી બેઠક ભવ્ય રીતે યોજાઈ, જેમાંએકતા, સંગઠનઅનેવિકાસના મંત્ર સાથે સમાજને નવી દિશા આપવાનો દ્રઢ સંકલ્પ લેવાયો. આ બેઠક માત્ર ઔપચારિક કાર્યક્રમ ન રહી, પરંતુ સમગ્ર બ્રહ્મ સમાજને



એક મંચ પર લાવી વિકાસયાત્રાનો માર્ગ નિર્ધારિત કરતો સંકલ્પ સમારોહ બની. સમાજના અગ્રણીઓ, જનપ્રતિનિધિઓ અને કાર્યકરોની ઉત્સાહી ઉપસ્થિતિએ કાર્યક્રમનેવિશેષગૌરવઆપ્યું.મુખ્યકન્વિનર ડૉ. યજ્ઞેશ દવેના માર્ગદર્શન અને અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ભાજપ પ્રદેશ મહામંત્રી તથા કચ્છ ધારાસભ્ય અનિરુદ્ધ દવે સહિતના આગેવાનો ઉપસ્થિતરહ્યા.

## ઉત્તર ઝોનમાં આરોગ્ય સુવિધાઓને વેગ: સરદારનગરમાં ખાતમુહૂર્ત, કુબેરનગરમાં અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદના ઉત્તર ઝોનમાં આરોગ્ય સુવિધાઓને વધુ સશક્ત બનાવતા બે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સરદારનગર વોર્ડમાં નવા અર્બન હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત તથા કુબેરનગર વોર્ડમાં નિર્મિત હેલ્થ સેન્ટરનું લોકાર્પણ મેયર પ્રતિભાબેન જૈનના હસ્તે કરવામાં આવ્યું. સરદારનગર ખાતે 3,069 ચોરસ મીટર વિસ્તારમાં બે માળનું આધુનિક હેલ્થ સેન્ટર ઊભું કરવામાં આવશે, જેમાં ઈમરજન્સી કોર્નર, ગાયનેક ઓપીડી, પીડિયાટ્રિક ઓપીડી, વેક્સિનેશન રૂમ, ફાર્મસી, લેબ સહિતની સર્વસુવિધાઓ ઉપલબ્ધ રહેશે. આ કેન્દ્ર કાર્યરત થતાં નાના ચિલોડા, નંદી ગ્રામ અને કોતરપુર વિસ્તારના રહેવાસીઓને પ્રાથમિક આરોગ્ય સેવાઓ નજીકમાં જ ઉપલબ્ધ થશે.

# ઉતરપ્રદેશમાં ગોકુળ,મથુરા અને વૃંદાવનની હોલી દેશ વિદેશમાં લોકપ્રિય

રંગ બરસે ભીગી ચુનર વાલી,
રંગ બરસે
હોલી હે..

બુરા ન માનો.. હોલી હે.. હોલી હે.. વીસ પચ્ચીસ વર્ષ પહેલા બરસાના ની લઠ માર હોલીની ઈચ્છા સસરાજી આગળ વ્યક્ત કરી ત્યારે તથાસ્તુ થતા જે આનંદ થયો હતો..શું વાત કરું.સસરાજી ની એક નાની અમથી બે શરત "રેફરી ને નુકશાન ન પહોંચવું જોઈએ" અને રેફરીની હાજરીમાં લઠમાર હોલી રમવાની મજા લૂંટો. બરસાના ની લઠમાર હોલી રમવાનો ચસ્કો આપણા ને તો એવો લાગ્યો હતો ને કે વર્ષ માં એક દિવસ સસરાજી ની હાજરી પતિદેવ પરનો ગુસ્સો વ્યાજ સાથે કાઢી નાખતા હતા.બુરા ન માનો હોલી હે..અમારા ભાવનગર માં તમાશાઓની નવાઈ નથી છે છટકલા ન થાય એવું બને જ નહી.રાજસ્થાન ના જયપુર ની તમાશા હોળી વિશે સાંભળ્યું ને ત્યારે લેખક ને નવું શું? જાણવાની ઈચ્છા થઈ. ગલી ઓમાં સજાવેલ ખુલાસ મંચ પર લોકો ત્યાંની પુષ્ટભૂમિ પર લખાયેલ લોકનાટક ના માધ્યમ થી નેતાઓ અને શાસક પ્રત્યે મજાક ના અંદાઝમાં ભડાશ કાઢે છે.આ પરંપરા જયપુર માં ૨૫૦વર્ષ જૂની તમાશા હોલી ના પર્વમા રસ્તા પર અને ચોક માં ગીતસંગીત અને પારંપરિક રાજસ્થાની લોકનૃત્ય અને એકબીજા પર રંગો ઉડાડીને ઉજવવામાં આવે છે.ગુજરાત ના સૌરાષ્ટ્ર પંથક માં "હોળી ધૂળેટી" ના અપરિણીત લોકોની ભરપૂર મજાક ઉડાવવામાં આવે છે.હાથ લારીમાં "કુંવારા" નું પૂતળું શણગારીને મૂકીને શેરી એ શેરીએ એના માટે પાત્ર શોધવા નીકળે છે.સૌરાષ્ટ્ર પંથક માં લોકોનો મુખ્ય શોખ "મેરેજ બ્યુરો" નવરા લોકોનો સમય "પંચાત" માં વધારે વીતે છે. કોનો દીકરો દીકરી પરણવા લાયક છે?શું ભણી છે?એની હિસ્ટ્રી,કેમેસ્ટી અને બાયોલોજી શું છે? ઓટલા પરિષદ અને બાંકડા બેઠક ની પંચાત નો મુખ્ય વિષય હોય છે.આ કારણોસર તો મેરેજ બ્યુરો થી લઈને મોલ સૌરાષ્ટ્ર માં ચાલતા નથી. છોકરા છોકરીઓના "મેરેજ" પણ નજીક ના સગા સબંધીઓમાં કરશે,કેમ? "જાણીતા ને ચાર લાફા" મતલબ કે ઓળખાણ માં કાન પકડીને ઉઠક બેઠક કરાવી શકાય સમજો. ખરેખર..ખોટું નથી બોલતું હું ભાવનગરી એટલે સમજું કે ભાવનગરી ગાંઠિયા બનાવવા એટલા તો સરળ નથી. ગમે કે ન ગમે.. પંચાત વગર ખાધું પચે નહી સમજો.બુરા ન માનો હોલી હૈ ..

ઉતર પ્રદેશ માં ગોકુળ,મથુરા અને વૃંદાવન ની હોલી દેશ વિદેશ થી લોકો રમવા આવે છે.ઉતર પ્રદેશ માં રંગો ની હોલી માં ભાંગ પણ પીવાનો રિવાજ છે એટલે ત્યાંનું હોલી નું વાતાવરણ અલગ ખાસ છે કોણ કોના પર રંગ ઉડાડે છે? ફૂલો અને રંગો ની હોલી ના પર્વ માં આખું વ્રજ ખોવાઈ જાય છે. વસંત પંચમી થી શરૂ થતો હોલી નો તહેવાર મહિનાઓ સુધી ચાલ્યા કરે છે. ઠેર ઠેર ઠાકોરજી અને રાધા રાની ના નામે હોલી ના રસિયા ગવૈયાઓ ગાઈ ગાઈ ને વાતવરણ માં આનંદ ઉત્સાહ પ્રસરાવી દે છે. ગોકુળ,વૃંદાવન અને મથુરા ની હોલી ની માફક વારાણસીની મસાણની હોલી ખૂબ ફેમસ છે.જે રીતે લોકોમાં હોલી ના તહેવાર નું આકર્ષણ રાજસ્થાન ના ઉદયપુર અને જયપુર,ઉતર પ્રદેશ ના વૃંદાવન,મથુરા અને ગોકુળ ની જેમજ વારાણસી ની મસાણી હોલી નું પણ વિશેષ છે. દર વર્ષે વારાણસી ના મણિકર્ણિકા ઘાટ પર મસાણી હોલી રંગ ના બદલે ભસ્મ થી ખેલાય છે સાધુ સંતો સાથે આમ નાગરિકો પણ સ્મશાનની ચિતા ભસ્મ થી હોલી રમે છે. જ્યારે ભગવાન ભોળાનાથ પાર્વતીજી સાથે વિવાહ કરીને વારાણસી પધાર્યા ત્યારે ફાગણ સુદ અગિયાર નો દિવસ હતો આ દિવસે લોકો એ ભગવાન ના આગમન ની ખુશીમાં ઉત્સાહ માં વિવિધ રંગો ની હોલી ધામધૂમ રમ્યા હતા.ભગવાન ભોળાનાથ ની જાન સાથે ભૂત,પ્રેત, પિશાચ, ડાકણ, વ્યંતર વગેરે બધા કાશી ની અંદર પ્રવેશવાના બદલે મણિકર્ણિકા ઘાટ ના સ્મશાન માં રોકાઈ ગયા.આ કારણોસર ફાગણ સુદ પૂનમના દિવસે ભગવાન શિવ એ મણિકર્ણિકા ઘાટ ના સ્મશાનમાં ભૂત ટોળીઓ વગેરે સાથે મસાણી હોલી એકબીજા પર ભસ્મ ફેંકી ને ખેલી હતી.આ પરથી એટલું સમજો કે ભગવાન ભોળાનાથ ને પણ સ્ટાફ માંગણી સાચવવી પડતી હોય છે.બુરા ન માનો હોલી..



બુરા ન માનો હોલી હે..

- રુપાલી દવે

ભારતની સંસ્કૃતિ એ તહેવારો અને ઉત્સવોની છે ભલે "હોલી હે" દરેક સ્ટેટ માં અલગ અલગ નામે ઓળખાય પણ હાર્દ તો"અસત્ય પર સત્યનો વિજય" બધા ભારતીય નો એકજ હોય છે.બિહાર માં ઉજવાતી "ફાગુઆ" હોલી માં એકબીજા પર માટી અને છાણ ફેંકી ને એકબીજા નાં કપડા ફાડી નાખવાનો રિવાજ છે.જ્યારે પશ્ચિમ બંગાળની હોલી એ "ડોલ જાત્રા","ડોલ પૂર્ણિમા" અને "ઝૂલા મહોત્સવ" નામે પ્રસિદ્ધ છે. ગુરુ રવિન્દ્રનાથ ટાગોર એ શાંતિ નિકેતન માં વસંત ઉત્સવની ઊજવવાની શરૂઆત થઈ હતી. શાંતિ નિકેતનના વિદ્યાર્થીઓ પરંપરાગત વસ્ત્રો પરિધાન કરીને રંગોત્સવ પર્વ મનાવે છે. રાધા કૃષ્ણની મૂર્તિ ને સુંદર શણગારમાં પાલખી માં પધરાવી ને લોકો મુખ્ય માર્ગ પર ઢોલ નગારા સાથે ગીત સંગીત અને નૃત્ય માં યાત્રા નીકળે છે. ભક્તિ ગીતો ના સુર માં સ્ત્રીઓ નૃત્ય કરે છે ને પુરુષો એના પર રંગો ઉડાડે છે. પશ્ચિમ બંગાળ ની માફક પંજાબ માં પણ હોલી નો તહેવાર "હોલ્લા મહોલ્લા" નામે ઓળખાય છે આ તહેવાર આનંદપુર માં છ દિવસ સુધી ઉજવાય છે નિહાંગો ઘોડા પર સવાર થઈને નિશાન સાહેબ લઈને તલવાર બાજી કરીને કરતબ દેખાડે છે.

આસામ માં "મનુહૂ બીહુ" ના નામે હોલી નો તહેવાર ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણ અને રાધાજી ના મંદિરો ને રંગબેરંગી ફૂલો અને રોશનીથી સજાવવા માં આવે છે. બિહુ સમુદાય ના લોકો પારંપરિક વેશભૂષા માં બોન ફાયરની આસપાસ ફરતા ફરતા લોકગીતો ગાતા ગાતા નૃત્ય કરતા હોય છે.આસામ માં હોલી ના પર્વ માં પીઠા, લારુ અને જાલેપાન જેવી વિશેષ વાનગીઓ બનવાનો રિવાજ છે.જ્યારે આસામ માં મનબુહુ નામે ઉજવાતો હોલી નો તહેવાર તમિલનાડુ માં કમન પંડિગાઈ કે કમન દહન ના નામે ઓળખાય છે. તમિલનાડુ અને કેરલ સ્ટેટ દક્ષિણ ભારતમાં આવેલા હોવા છતાંય કેરલ માં મંજુલ કુલી ના નામે હોલી નો પર્વ ઊજવાય છે. લોકો એકબીજા પર હળદર છાંટી ને નૃત્ય કરતા કરતા લોકગીતો ગાતા હોય છે. ખાસ કરીને કેરલના ગોસારીપુરમ માં આવેલ થિરુમાના કોંકણી મંદિર માં રંગોનો ઉત્સવ હોલી ઊજવવામાં આવતો હોય છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને એકબીજા થી નજીક ના સ્ટેટ હોવા છતાંય ગુજરાત માં રંગોનો તહેવાર હોળી ધૂળેટી એ મહારાષ્ટ્ર માં શિગમા અને રંગ પંચમી ના નામે ઓળખાય છે. બન્ને સ્ટેટ માં હોલી ના પર્વ નું નામ ભલે જુદાજુદા છે પણ પર્વ ઉજવવાના રીત રિવાજ માં ખાસ ફર્ક નથી.ગુજરાત માં હોળી દહન ના દિવસે લાકડા અને છાણા ના ડોમ વચ્ચે ધાન ભરેલું માટલું રાખવામાં આવતું હોય છે.જ્યારે મહારાષ્ટ્ર માં ઓડલ હોલિકા ની પ્રતિમા અસત્ય સામે સત્ય વિજયની કામના કરીને સ્થાપિત કરવામાં આવતી હોય છે.

હિમાચલ પ્રદેશ માં ફાગણ સુદ પૂનમના દિવસે હોળી નો તહેવાર આસ્થા ના પ્રતિક રૂપે ઉજવવામાં છે. આ પ્રદેશ માં હોળી નો પર્વ ૪૦ દિવસ સુધી ચાલે છે ભગવાન રઘુનાથજી ની મૂર્તિ ને રથ માં પધરાવી ને ભક્તો રથ ના દોરડા ખેંચી ને માર્ગ પરથી યાત્રા પસાર કરે છે. ભરત મિલાપ ના હેતું થી રથ અટકાવવામાં આવે છે એવી માન્યતા છે કે હનુમાનજી ના સ્વરૂપ માં ઉપસ્થિત વ્યક્તિ જેને સ્પર્શ કરે એના હાથ માં લાલ કલર આવે તો એ વ્યક્તિ ને ભાગ્ય શાળી માનવા માં આવે છે.ઉત્સવો એ આતંરિક આનંદ માટે જ હોય છે પરંતુ મર્યાદા બહાર નો આનંદ એ ઘણીવાર આફત નોતરે છે.જો પડોશણ ની ઈચ્છા હોળી હે..માં ન હોય તો સામેથી આફત નોતરી ઘરમાં હોળી ન પ્રગટાવશો..

બુરા ન માનો હોલી હૈ.

# 2027 ઈમરાન હાશ્મીના કરિયરનું સૌથી મોટું વર્ષ...!



## 'ગન માસ્ટર G9'માં સોલો એક્શન અવતાર દેખાશે; 'જન્નત 3' અને 'મર્ડર 4' પર પણ કામ શરૂ...

મુંબઈ | બોલિવૂડમાં પોતાની ઈમેજને સતત રીઈન્વેન્ટ કરી રહેલા ઈમરાન હાશ્મી આ દિવસોમાં ફિલ્મ 'ગન માસ્ટર G9' ને લઈને ચર્ચામાં છે. બોરીવલીમાં ચાલી રહેલા શૂટિંગ વચ્ચે ફિલ્મનું વાતાવરણ માત્ર એક્શન અને સ્ટાઈલ પૂરતું સીમિત નથી, પરંતુ સેટ પર અપનાવવામાં આવેલી એક ખાસ પરંપરાએ ઈન્ડસ્ટ્રીનું ધ્યાન ખેંચ્યું છે. ટ્રેડ સૂત્રોનું કહેવું છે કે 2027 ઈમરાનના કરિયરનું સૌથી વ્યસ્ત અને મહત્વપૂર્ણ વર્ષ સાબિત થઈ શકે છે, જ્યારે તે ઘણા મોટા પ્રોજેક્ટ્સ સાથે દર્શકો સામે હશે.

નિર્દેશક આદિત્ય દત્તે સેટ પર સર્વધર્મ પ્રાર્થનાની પરંપરા શરૂ કરી છે. આ અંગે તેમણે કહ્યું, 'મારી પહેલી ફિલ્મથી જ સેટ પર દિવસની શરૂઆત ગણેશ આરતીથી થતી હતી, પરંતુ 2013માં 'ટેબલ નંબર 21' દરમિયાન વિચાર આવ્યો કે શા માટે અન્ય ધર્મોની પ્રાર્થનાઓને પણ સામેલ ન કરવામાં આવે?'' આ ફિલ્મમાં જેનિલિયા ડિસૂઝા અને અપારશક્તિ ખુરાના પણ મહત્વના રોલમાં છે.

ઈમરાને છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની ઈમેજમાં જે બદલાવ કર્યો છે, તેનું મોટું ફળ તેમને 2027માં મળવા જઈ રહ્યું છે. આવતા વર્ષે ઈમરાન માત્ર સોલો લીડ જ નહીં પરંતુ મોટી ફ્રેન્ચાઈઝ ફિલ્મોનો પણ ભાગ હશે.

સૂત્રો અનુસાર, યશ રાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સમાં ઈમરાનના 'આતિશ' પાત્રને મળેલી પ્રતિક્રિયા પછી એક સ્ટેન્ડઅલોન ડાર્ક થ્રિલર પર વિચાર ચાલી રહ્યો છે. 'ટાઈગર 3'માં તેમના નેગેટિવ રોલને દર્શકોએ વખાણ્યો હતો, જેના પછી આ પાત્રની બેકસ્ટોરી પર કામ કરવાની ચર્ચા છે.

જ્યારે ઈમરાનની હિટ ફ્રેન્ચાઈઝ 'જન્નત'ના ત્રીજા ભાગ પર પેપર વર્ક શરૂ થવાના સમાચાર છે, જેમાં ઈમરાન ફરી એકવાર 'અર્જુન દીક્ષિત' તરીકે પાછા ફરી શકે છે. સૂત્રો જણાવે છે કે આ વખતે વાર્તા સટ્ટાબાજીની દુનિયાના નવા અને આધુનિક ડિજિટલ સ્વરૂપ (ક્રિપ્ટો/ડાર્ક વેબ) પર આધારિત હશે. તે જ સમયે, મહેશ ભટ્ટ સાથે 'મર્ડર' ફ્રેન્ચાઈઝને આગળ વધારવાની પણ ચર્ચા છે. 2027ના અંત સુધીમાં 'મર્ડર 4' દ્વારા ઈમરાન પોતાના જૂના મૂળ તરફ પાછા ફરી શકે છે. ઈમરાન એક OTT પર મિલિટરી એક્શન સિરીઝમાં પણ જોવા મળશે.

# વિજય-રશ્મિકાનું 4 માર્ચે હૈદરાબાદમાં ગ્રાન્ડ રિસેપ્શન : ઈન્વિટેશન કાર્ડ વિના નો-એન્ટ્રી

## પાર્ટીમાં ફિલ્મી સિતારાઓથી ચમકશે


STATEMENT FROM TEAM "VIROSH"

(એજન્સી) મુંબઈ તા.02

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ તાજેતરમાં પરિવાર અને નજીકના લોકોની હાજરીમાં લગ્ન કર્યા. હવે આ કપલ 4 માર્ચે હૈદરાબાદમાં ભવ્ય રિસેપ્શન આપવા જઈ રહ્યું છે.

રવિવારે જારી કરાયેલા એક ઓફિશિયલ એનાઉન્સમેન્ટ લેટરમાં વિજય અને રશ્મિકાએ જણાવ્યું કે વેડિંગ રિસેપ્શન ફક્ત આમંત્રણ દ્વારા જ યોજાશે. આ સેલિબ્રેશનને સમજી-વિચારીને એક ખાસ ગેધરિંગ તરીકે ક્યુરેટ કરવામાં આવ્યું છે, જેમાં તેલુગુ, હિન્દી, તમિલ, મલયાલમ અને કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સભ્યોની સાથે-સાથે પોલિટિકલ અને એડમિનિસ્ટ્રેટિવ સર્કલના કેટલાક ખાસ મહેમાનોનું સ્વાગત કરવામાં આવશે.

રિસેપ્શનમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી લઈને અન્ય ક્ષેત્રોની હાઈ-પ્રોફાઈલ પર્સનાલિટીઝ આવવાની હોવાથી, સ્થાનિક અધિકારીઓ સાથે વાતચીત કર્યા પછી કપલે સુરક્ષાના વધારાના ઇંતજામ કર્યા છે. તેમણે કન્ફર્મ કર્યું કે ગેસ્ટ લિસ્ટને વધુ સીમિત કરી દેવામાં આવ્યું છે અને વેન્યુમાં એન્ટ્રી ફક્ત તે જ મહેમાનોને મળશે જેમની પાસે વેલિડ ઓફિશિયલ ઈન્વિટેશન હશે, જેથી ભીડભાડ ન થાય અને વ્યવસ્થા જળવાઈ રહે.



વિજય અને રશ્મિકાએ ચાહકો અને સપોર્ટર્સ તરફથી મળેલા જબરદસ્ત પ્રેમ માટે દિલથી આભાર માન્યો.

તેમણે કહ્યું, "તમારી સેફ્ટી અને ખુશી અમારા માટે સૌથી મહત્વપૂર્ણ છે. તમારા પ્રેમ અને સપોર્ટ માટે અમે ખૂબ આભારી છીએ. અમે ઈચ્છીએ છીએ કે તમે અમારો સાથ આપો, જેથી આ સેલિબ્રેશન બધા માટે સુરક્ષિત અને યાદગાર રહે." વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના 26 ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં લગ્નના બંધનમાં બંધાઈ ગયા. બંનેના લગ્ન એક પ્રાઈવેટ સેરેમનીમાં ITC મમેન્ટોસ રિસોર્ટમાં થયા. લગ્ન બે અલગ પરંપરાઓથી સંપન્ન થયા. સવારે તેલુગુ રીતિ-રિવાજોથી લગ્ન થયા, જ્યારે સાંજે રશ્મિકાની કોડવા પરંપરા અનુસાર વિધિઓ કરવામાં આવી. રશ્મિકાએ લાલ સાડી અને સોનાના આભૂષણ પહેર્યા હતા.



# 'મંજુમ્મેલ બોયઝ'ના ડિરેક્ટર વિરુદ્ધ યૌન શોષણનો કેસ

## કોચીમાં મહિલાના આરોપ બાદ ચિદમ્બરમ એસ. પોડુવાલ સામે ફરિયાદ નોંધાઈ

(એજન્સી) મુંબઈ તા.02

સુપરહિટ મલયાલમ ફિલ્મ 'મંજુમ્મેલ બોયઝ'ના ડિરેક્ટર ચિદમ્બરમ એસ. પોડુવાલ વિરુદ્ધ કેરળમાં જાતીય સતામણીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. PTIના અહેવાલ મુજબ, અધિકારીઓએ સોમવારે જણાવ્યું કે કોચીની એર્નાકુલમ સાઉથ પોલીસે રવિવારે એક મહિલાની ફરિયાદના આધારે કેસ દાખલ કર્યો. આ ફરિયાદ 2022માં બનેલી કથિત ઘટના સાથે સંબંધિત છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપ છે કે તેણે એલામકુલમ સ્થિત મહિલાના એપાર્ટમેન્ટમાં બળજબરીથી પ્રવેશ કર્યો અને તેની સાથે જાતીય સતામણી કરી.

આ કેસ ભારતીય ન્યાય સંહિતાની કલમ 74 અને 75 હેઠળ નોંધવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેસ દાખલ કરતા પહેલા ફરિયાદીનું નિવેદન લેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે ફિલ્મ ડિરેક્ટરને પૂછપરછ માટે નોટિસ જારી કરવામાં આવશે. જોકે, ચિદમ્બરમે અત્યાર સુધી આ આરોપો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. કોણ છે ચિદમ્બરમ એસ. પોડુવાલ? ચિદમ્બરમ એસ. પોડુવાલ મલયાલમ ફિલ્મના દિગ્દર્શક અને લેખક છે. તેમણે 'જન.ઈ.મેન' (2021) અને 'મંજુમ્મેલ બોયઝ' (2024) ફિલ્મોનું નિર્દેશન કર્યું છે. ચિદમ્બરમને 'મંજુમ્મેલ બોયઝ'થી ખાસ ઓળખ મળી.

'મંજુમ્મેલ બોયઝ' 200 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરનારી પ્રથમ મલયાલમ ફિલ્મ બની હતી. તેણે 2018 (2023)ને પાછળ છોડીને સૌથી વધુ કમાણી કરનારી મલયાલમ ફિલ્મનો રેકોર્ડ બનાવ્યો. બાદમાં L2: એમ્પુરાન (2025)એ તેને પાછળ છોડી દીધી. હાલમાં આ ભારતમાં બીજી સૌથી વધુ કમાણી કરનારી મલયાલમ ફિલ્મ છે.

ફિલ્મે 55મા કેરળ સ્ટેટ ફિલ્મ એવોર્ડ્સમાં 10 પુરસ્કારો જીત્યા. જેમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર અને બેસ્ટ સ્ક્રીનપ્લે શામેલ છે. આ કેરળ સ્ટેટ ફિલ્મ એવોર્ડ્સમાં કોઈ એક ફિલ્મને મળેલા સૌથી વધુ પુરસ્કારો છે.

# ઈરાન પર હુમલા પર જાવેદ અખ્તરે પ્રતિક્રિયા આપી...

## આ વખતે અમેરિકા-ઇઝરાયલે હદ વટાવી દીધી છે

(એજન્સી) મુંબઈ તા.02

અમેરિકા અને ઇઝરાયેલ તરફથી ઈરાન વિરુદ્ધ કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહી પર ગીતકાર અને લેખક જાવેદ અખ્તરે પ્રતિક્રિયા આપી છે. તેમણે ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર નિશાન સાધ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વીટ કરતા તેમણે લખ્યું, "મને લાગે છે કે આ વખતે ટ્રમ્પ અને ઇઝરાયેલે હદથી વધુ પગલું ભર્યું છે. જો તેમને આ પ્રકારની હિંમત બતાવવા અને ઈરાકની જેમ ઈરાન સાથે પણ આવું કરવાની છૂટ મળી જાય છે, તો ચીનની દુનિયામાં પૂરી શાખ ખતમ થઈ જશે."

તેમણે આગળ લખ્યું, "નેતન્યાહુ અને ટ્રમ્પે, બાકીના દબંગ નેતાઓની જેમ, હાલતને એટલી આગળ વધારી દીધી છે કે બીજાઓ પાસે મજબૂરીમાં કડક અને સ્પષ્ટ નિર્ણય લેવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી."

જાવેદ અખ્તર ઉપરાંત, એક્ટ્રેસ એલનાઝ નૌરોજીએ પણ યુએસ-ઈરાન તણાવ અંગે પ્રતિક્રિયા આપી. ખામનેઈના મૃત્યુના સમાચાર પર, વેબ સિરીઝ 'સેક્રેડ ગેમ્સ'માં જોવા મળેલી એક્ટ્રેસે ખુશી વ્યક્ત કરી. એલનાઝ નૌરોજીએ શનિવારે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ શેર કરીને લખ્યું, "47 વર્ષથી જે સમાચારની રાહ જોઈ રહ્યા હતા, તે આવી ગયા.

ખામનેઈ મરી ગયો છે." એલનાઝે અન્ય એક સ્ટોરીમાં અલી ખામનેઈના મૃત્યુ સંબંધિત સમાચાર શેર કરતા આભાર લખ્યો અને ખુશીના ઈમોજી પણ પોસ્ટ કર્યા. એલનાઝ નૌરોજીએ ઈરાનમાં મહિલાઓના અધિકારો પર ખુલ્લેઆમ વાત કરી છે. ઓક્ટોબર 2022માં, તેણે ઈરાનની કહેવાતી 'મોરાલિટી પોલીસ' વિરુદ્ધ પ્રતીકાત્મક અને વિવાદાસ્પદ વિરોધ પ્રદર્શન કર્યું. તેણે ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે બુરખાથી લઈને અનેક સ્તરોના કપડાં ઉતારતી જોવા મળી હતી. આ પગલા દ્વારા તેણે એવો સંદેશ આપ્યો કે કોઈ મહિલાએ શું પહેરવું તેનો નિર્ણય તે પોતે જ કરે. એલનાઝે વીડિયોમાં બુરખાથી શરૂઆત કરીને એક પછી એક કપડાં ઉતાર્યા, જે એ વાતનું પ્રતીક હતું કે મહિલાઓ પર લાદવામાં આવેલી પાબંદીઓ હટવી જોઈએ. એલનાઝે વીડિયોમાં બુરખાથી શરૂઆત કરીને એક પછી એક કપડાં ઉતાર્યા, જે એ વાતનું પ્રતીક હતું કે મહિલાઓ પર લાદવામાં આવેલી પાબંદીઓ હટવી જોઈએ. સપ્ટેમ્બર 2022માં 22 વર્ષની મહસા અમીનીનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયા બાદ જ્યારે ઈરાનમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થયા.






# મૃણાલ ઠાકુરની ડકૈત ફિલ્મ ચોથી વાર પાછળ ઠેલાવામાં આવી...!

મુંબઈ: મૃણાલ ઠાકુર અને અદિવી સેશની ફિલ્મ 'ડકૈત' ચોથી વાર પાછળ ઠેલાઈ છે. હવે આ ફિલ્મ આગામી એપ્રિલ મહિનામાં રજૂ થશે અને તે ત્યારે અક્ષય કુમારની ફિલ્મ 'ભૂતબંગલા' સાથે ટકરાશે. આ ફિલ્મ મૂળ ગત ડિસેમ્બરમાં જ રીલિઝ થઈ જવાની હતી. પરંતુ, અદિવી શેઠની ઈજાને કારણે શૂટિંગ લંબાઈ જતાં તે માર્ચની ૧૯મી તારીખ પર ઠેલાઈ હતી. જોકે, આ દિવસે બે મોટી ફિલ્મો 'ધુરંધર પાર્ટ ટુ' અને 'ટોક્સિક' રજૂ થવાની હોવાથી ફિલ્મ વધુ એક સપ્તાહ માટે પાછળ ઠેલવામાં આવી હતી. હવે એ તારીખ પણ રદ કરીને એપ્રિલ મહિનાની ૧૦મી તારીખ નક્કી કરવામાં આવી છે.

ફિલ્મમાં અનુરાગ કશ્યપ, અતુલ કુલકર્ણી અને પ્રકાશ રાજ સહિતના કલાકારો છે. જોકે, કદાચ મેકર્સને પોતાની ફિલ્મની બોક્સ ઓફિસ પર કમાણીની ક્ષમતા પર ભરોસો નથી રહ્યો એટલે તેઓ વારંવાર ફિલ્મની રીલિઝ ડેટ બદલી રહ્યા છે.

# સોનલ દુબઈમાં, ઈશા ગુપ્તા અબુધાબીમાં ફસાઈ ગયાં

મુંબઈ: અમેરિકાએ ઈરાન પર હુમલો શરુ કરી દીધા બાદ ઈરાને વળતાં પગલાં તરીકે દુબઈ સહિતના અખાતી દેશોને નિશાન બનાવતાં ભારતથી અમેરિકા અને યુરોપ જવાના ફલાઈટ રુટ માટેનું મુખ્ય ટ્રાન્ઝિટ એરપોર્ટ સમાન દુબઈનું એરપોર્ટ બંધ થઈ ગયું છે. તેના કારણે હાલ દુબઈ સહિતના અખાતી દેશોમાં પહોંચેલા અનેક ભારતીય કલાકારો પણ અટવાઈ પડયા છે.

ઈમરાન હાશ્મી સાથે 'જન્નત' ફિલ્મમાં દેખાયેલી એક્ટ્રેસ સોનલ ચૌહાણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે ફલાઈટસ બંધ થતાં પોતે દુબઈમાં ફસાઈ ગઈ છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જ ભારત સરકારનાં મદદ માર્ગદર્શનની માંગ કરી હતી.

**દુબઈનો રહીશ માધવન અમેરિકામાં અટવાયો**

બીજી તરફ એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે પોતે અબુધાબીમાં અટવાઈ ગઈ છે પરંતુ અહીં તે બિલકૂલ સુરક્ષિત છે. ભારતીય એક્ટર આર. માધવન લાંબા સમયથી દુબઈમાં શિફ્ટ થઈ ગયો છે. જોકે, તેણે મીડિયાને જણાવ્યા અનુસાર હાલ તે અને તેનો પરિવાર અમેરિકા છે અને જ્યારે ફલાઈટ્સ શરુ થશે ત્યારે તેઓ દુબઈ પાછા ફરશે.

ભારતીય ફિલ્મ ક્રિટિક કમાલ આર ખાન પણ દુબઈમાં રહે છે. તેણે જણાવ્યું હતું કે આખી રાત ધડાકાના તથા સાયરોના અવાજને કારણે તે અને તેનો પરિવાર રાતે સૂઈ શક્યા ન હતા અને તેઓ ભયભીત થઈ ગયાં છે.

દરમિયાન બંગાળની હિરોઈન શુભશ્રી ગાંગુલી પણ દુબઈમાં અટવાઈ ગઈ છે.

તેના પતિ તથા તૃણમૂલ કોંગ્રેસના રાજ ચક્રબર્તીએ કહ્યું હતું કે તેમની પત્ની શુભશ્રી અને પુત્ર યુઆન પામ જુમૈરાની એક હોટલમાં છે. તેમની હોટલ પાસે જ વિસ્ફોટ થયો હતો. મેનેજમેન્ટએ કોઈને પણ બહાર નહીં નીકળવાની સલાહ આપી છે.

# સૌરવ ગાંગુલીની બાયોપિકમાં ગજરાજ રાવ દાલમિયાના રોલમાં



મુંબઈ: સૌરવ ગાંગુલીની બાયોપિકમાં ક્રિકેટ જગતના તે સમયના બીસીસીઆઈ પ્રમુખ જગમોહન દાલમિયાની ભૂમિકા માટે ગજરાજ રાવની પસંદગી કરાઈ હોવાનું જાણવા મળે છે.

ફિલ્મમાં સૌરવના પિતાની ભૂમિકા માટે બોમન ઈરાની તથા માતાની ભૂમિકા માટે અપરાજિતા આધ્યાને સિલેક્ટ કરાયા હોવાનું કહેવાય છે.

રાજકુમાર રાવ આ ફિલ્મમાં સૌરવ ગાંગુલીની મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. તેણે પોતાને આ પાત્રમાં ઢાળવા માટે મહેનત શરુ કરી દીધી છે. વિક્રમાદિત્ય મોટવાનેના દિગ્દર્શન હેઠળ બની રહેલી ફિલ્મનું શૂટિંગ આગામી તા. ૧૬મી માર્ચથી શરુ થવાનું હોવાની ચર્ચા છે. ફિલ્મનું શૂટિંગ કોલકત્તાના વિખ્યાત ઈડન ગાર્ડન સ્ટેડિયમ ઉપરાંત લંડનનાં ઐતિહાસિક લોર્ડસ સ્ટેડિયમ ખાતે પણ થશે. રાજ કુમાર રાવ સૌરવ ગાંગુલીના પરિવાર સાથે પણ કેટલોક સમય ગાળવાનો છે.

# શનાયા કપૂરની નવી ફિલ્મનું ટાઈટલ જેકોબ કાર્ડોસો નક્કી થયું

## અભય વર્મા શનાયાનો હિરો હશે : રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં ૧૯૮૭ના અરસાના ગોવાની વાત હશે



મુંબઈ: શનાયા કપૂરની નવી રોમાન્ટિક કોમેડી ફિલ્મનું ટાઈટલ 'જેકોબ કાર્ડોસો' નક્કી થયું છે. આ ફિલ્મમાં અભય વર્મા તેનો હિરો હશે. ફિલ્મમાં ૧૯૮૭નાં અરસાના ગોવાની વાત હશે. ફિલ્મનું શૂટિંગ ઓલરેડી પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે પોસ્ટ પ્રોડક્શનનું કામ શરુ થયું છે. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પણ ગોવામાં જ થયું છે. શુજાત સૌદાગરે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. ફિલ્મની રીલિઝ ડેટ હજુ નક્કી થઈ નથી. શનાયાની આ પહેલાંની 'આંખો કી ગુસ્તાખિયાં' તથા 'તુ યા મૈ' બંને ફિલ્મો નબળી સાબિત થઈ હતી. હવે તેની કારકિર્દીનો આધાર આ ફિલ્મ પર છે. બીજી તરફ 'મુંજ્યા'માં અભય વર્માનો રોલ વખણાયો હતો પરંતુ તે પછી તેની કારકિર્દી પણ ધાર્યા ટ્રેક પર આગળ વધી નથી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## સમયની કટોકટીમાં બાજી પલટાઈ ડી ગુકેશની આઘાતજનક હાર થઈ



(એજન્સી) પ્રાગ | તા. 02

વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ માટે પ્રાગ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલ અત્યંત મુશ્કેલ સાબિત થઈ રહ્યો છે. પાંચમા રાઉન્ડમાં પણ ભારતીય સ્ટારનું નસીબ બદલાયું ન હતું અને મજબૂત સ્થિતિમાં હોવા છતાં ગંભીર ભૂલને કારણે તેને નોદિરબેક અબ્દુસત્તોરોવ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ડી ગુકેશની આઘાતજનક હાર બાદ તે અત્યારે પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના ક્રમે ધકેલાઈ ગયો છે. આ પરાજય એટલા માટે વધુ પીડાદાયક છે કારણ કે ગુકેશે મિડલ ગેમમાં શાનદાર રમત બતાવી હતી અને તે વિજય તરફ આગળ વધી રહ્યો હોય તેમ લાગતું હતું.

કાળા મહોરાં સાથે નવી વ્યૂહરચના અપનાવતા ગુકેશે શરૂઆતથી જ સફેદ રાજા પર દબાણ બનાવ્યું હતું. કમ્પ્યુટર વિશ્લેષણ પણ દર્શાવતું હતું કે ગુકેશ તેની પ્રથમ જીત તરફ આગળ વધી રહ્યો છે. પરંતુ, રમત જ્યારે તેના અંતિમ તબક્કા તરફ વધી રહી હતી, ત્યારે ઘડિયાળના ટીક-ટીકે દબાણ વધાર્યું અને ગુકેશે એક મોટી ભૂલ (Blunder) કરી દીધી. અબ્દુસત્તોરોવ સામે ફરી પરાજય મેળવતા ગુકેશ માટે ટાટા સ્ટીલ માસ્ટર્સના કડવા અનુભવો ફરી તાજા થયા છે. માત્ર ગુકેશ જ નહીં, પરંતુ ડિફેન્ડિંગ ચેમ્પિયન અરવિંદ ચિત્તમ્બરમ પણ સ્પેનના ડેવિડ એન્ટોન ગુઈઝારો સામે હાર્યો હતો. આ સાથે જ ગુકેશ, અરવિંદ અને અમેરિકાના હાંસ નિમેન માત્ર ૧.૫ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં છેલ્લા ત્રણ સ્થાને છે.

## મેસીના મેજિકથી મિયામી મસ્ત લિયોનેલ મેસીનો જાદુ જોવા મળ્યો



ઓર્લેન્ડો/ચેન્નાઈ | મેજર લીગ સોકર (MLS) માં રવિવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ ફ્લોરિડા ડર્બીમાં ફરી એકવાર ફૂટબોલના મહાનાયક લિયોનેલ મેસીનો જલવો જોવા મળ્યો હતો. લિયોનેલ મેસીએ બે શાનદાર ગોલ ફટકારીને ઈન્ટર મિયામીને ઓર્લેન્ડો સિટી સામે ૪-૨ થી રોમાંચક વિજય અપાવ્યો હતો. આ જીત સાથે જ ઈન્ટર મિયામીએ તમામ સ્પર્ધાઓમાં તેના કટ્ટર હરીફ ઓર્લેન્ડો સામે તેના ઘરઆંગણે પ્રથમ જીત મેળવીને નવો ઈતિહાસ રચ્યો છે. લિયોનેલ મેસીનો જાદુ જોવા મળ્યો હોવાથી સ્ટેડિયમમાં હજારો પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. મેચની શરૂઆત ઈન્ટર મિયામી માટે સારી રહી ન હતી. પ્રથમ હાફમાં ઓર્લેન્ડો સિટીએ આક્રમક રમત બતાવતા માર્કો પાસાલીચ અને માર્ટિન ઓજેડાના ગોલની મદદથી ૩૦ મિનિટમાં ૨-૦ ની લીડ મેળવી લીધી હતી.

## લંડન ડર્બીમાં આર્સનલનું શાસન આર્સનલનો ટાઈટલ પર દબદબો વધ્યો



લંડન | પ્રીમિયર લીગ ૨૦૨૫-૨૬ની ટાઈટલ રેસમાં આર્સનલે રવિવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ લંડન ડર્બીમાં ચેલ્સિયાને ૨-૧ થી હરાવીને પોતાની સ્થિતિ વધુ મજબૂત કરી લીધી છે. આ જીત સાથે જ આર્સનલે પોઈન્ટ ટેબલમાં ૫ પોઈન્ટની મહત્વની લીડ મેળવી લીધી છે. નોર્થ લંડનના એમિરેટ્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં જ્યુરીયન ટિમ્બરના ૬૬મી મિનિટના શાનદાર હેડરે ગનર્સને કીમતી ૩ પોઈન્ટ અપાવ્યા હતા. ૨૦૦4 પછી પ્રથમ વખત પ્રીમિયર લીગ ટાઈટલ જીતવાનું આર્સનલનું સપનું હવે વધુ નજીક જણાતું હોવાથી આર્સનલનો ટાઈટલ પર દબદબો સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આર્સનલે આ સીઝનમાં સેટ-પીસ અને કોર્નર કિક્સ પર પોતાની મહારત ફરી એકવાર સાબિત કરી છે. ૨૧મી મિનિટે વિલિયમ સલિબાએ કોર્નર દ્વારા મળેલી તકને ગોલમાં ફેરવી આર્સનલને ૧-૦ થી લીડ અપાવી હતી.

ટી૨૦ વર્લ્ડ કપ સેમીફાઈનલ નક્કી થઈ ગઈ છે, વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ જીત સાથે ભારતનો દબદબો

# સેમસનનું તોફાન ભારત સેમીફાઈનલમાં સંજુ સેમસનનો શાનદાર દેખાવ



(એજન્સી) કોલકાતા | તા. 02

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના અત્યંત મહત્વના સુપર-૮ મુકાબલામાં ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝને હરાવીને સેમીફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે. આ ઐતિહાસિક વિજયના અસલી હીરો વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન રહ્યા છે. ઈડન ગાર્ડન્સના મેદાન પર રમાયેલા આ મેચમાં સંજુ સેમસનનો શાનદાર દેખાવ જોવા મળ્યો હતો, જેમાં તેણે માત્ર ૫૦ બોલમાં અણનમ ૯૭ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. લાંબા સમયથી ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલા સેમસને આ નિર્ણાયક મેચમાં ભારતની નૈયા પાર ઉતારી હતી.

મેચ બાદ મીડિયા અહેવાલ સાથે વાત કરતા સેમસને તેના ખરાબ સમય વિશે ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. તેણે જણાવ્યું કે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાં નિષ્ફળ ગયા બાદ તે ભારે દબાણમાં હતો. આ આઉટ-ઓફ-ફોર્મ સમયગાળામાંથી બહાર આવવા માટે તેણે સોશિયલ મીડિયા અને ફોનથી સંપૂર્ણપણે અંતર જાળવી લીધું હતું. સેમસને કહ્યું, "મેં મારી અંદર ડોકિયું કર્યું અને મારા બેઝિક્સ પર કામ કર્યું. લોકોની સલાહ સાંભળવાને બદલે મેં મારા આત્માનો અવાજ સાંભળ્યો." ટી૨૦ વર્લ્ડ કપ સેમીફાઈનલ સુધી પહોંચવા માટે સેમસનનું આ માનસિક પરિવર્તન ગેમ-ચેન્જર સાબિત થયું.

૧૯૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત નબળી રહી હતી અને ૪૧ રનમાં ૨ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ સેમસને સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા સાથે મળીને ઈનિંગને સંભાળી હતી. વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ જીત મેળવવા માટે તેણે આક્રમક બેટિંગ ચાલુ રાખી અને અંતિમ ઓવરોમાં હાર્દિક પંડ્યા સાથે મળીને ભારતને ૫ વિકેટે જીત અપાવી. જસપ્રિત બુમરાહે બોલિંગમાં ૨ વિકેટ ઝડપીને વિન્ડિઝના સ્કોરને મર્યાદિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

### ત્રિવેન્દ્રમથી સેમીફાઈનલ સુધીની સફર

સંજુ સેમસને ભાવુક થતા કહ્યું કે, કેરળના એક નાનકડા શહેર ત્રિવેન્દ્રમથી નીકળીને ભારત માટે વર્લ્ડ કપની મહત્વની મેચ જીતવી એ તેનું સપનું હતું. ભારતમાં કરોડો યુવાનો જે સપનું જુએ છે, તે આજે હકીકત બન્યું છે. ભારતીય ટીમ હવે નવી આશા સાથે સેમીફાઈનલમાં પ્રવેશશે, જ્યાં તમામની નજર ફરી એકવાર સંજુના બેટ પર રહેશે.

# યુદ્ધની જ્વાળામાં ખેલાડીઓ અલ્બેનિયામાં ફસાયેલા ભારતીય કુસ્તીબાજો

(એજન્સી) તિરાના/ચેન્નાઈ | તા. 02

પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે વણસેલી સ્થિતિની સીધી અસર હવે ભારતીય રમતજગત પર જોવા મળી રહી છે. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) રેન્કિંગ સિરીઝમાં ભાગ લઈને પરત ફરી રહેલા ભારતની કુસ્તી ટીમના ૧૬ સભ્યો હાલમાં અલ્બેનિયાની રાજધાની તિરાનામાં ફસાઈ ગયા છે. મધ્ય પૂર્વમાં હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે વિમાની સેવાઓ ખોરવાઈ જતા અલ્બેનિયામાં ફસાયેલા ભારતીય કુસ્તીબાજો અત્યારે વતન પરત ફરી શક્યા નથી. જોકે, રાહતની વાત એ છે કે તમામ ખેલાડીઓ સુરક્ષિત છે અને તેમને એરપોર્ટ નજીકની હોટલમાં રાખવામાં આવ્યા છે.

ભારતીય કુસ્તીબાજોની ટીમ દુબઈ થઈને ભારત આવવાની હતી, પરંતુ ત્યાં થયેલા હુમલા અને હવાઈ ક્ષેત્ર પરના પ્રતિબંધોને કારણે તેમની કનેક્ટિંગ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મહિલા ટીમના કોચ મનજીત રાણીએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, "અમે તિરાનામાં સુરક્ષિત છીએ અને ભારત સરકાર તેમજ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) અમારા સતત સંપર્કમાં છે." મધ્ય પૂર્વમાં યુદ્ધનું સંકટ ગમે ત્યારે વકરી શકે છે, તેવામાં ખેલાડીઓની સુરક્ષા અત્યારે સર્વોપરી બની છે. ભારતીય કુસ્તીબાજોએ આ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરતા એક ગોલ્ડ સહિત કુલ સાત મેડલ જીત્યા છે. સિલ્વર મેડલ વિજેતા નેહા સાંગવાનના પિતાએ જણાવ્યું કે, ખેલાડીઓ આજે દિલ્હી પહોંચવાના હતા, પરંતુ હવે નવા રૂટની શોધ કરવામાં આવી રહી છે. ચીફ કોચ વીરેન્દ્ર દહિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ફેડરેશન ટૂંક સમયમાં જ વૈકલ્પિક વ્યવસ્થા કરશે. પરંતુ ખેલાડીઓની વતન વાપસીમાં અવરોધ માત્ર કુસ્તીબાજો પૂરતો મર્યાદિત નથી; બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુ પણ દુબઈ એરપોર્ટ પર અટવાયેલા હોવાના સમાચાર છે.



ભારતની પુરુષ બાસ્કેટબોલ ટીમ પણ દોહા (કતાર) માં ફસાયેલી છે. લેબનોન સામેની તેમની મેચ મુલતવી રાખવામાં આવી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી આ સૈન્ય કાર્યવાહીને કારણે આંતરરાષ્ટ્રીય પરિવહન વ્યવસ્થા વેરવિખેર થઈ ગઈ છે. ભારત સરકાર હવે આ તમામ એથ્લેટ્સને સુરક્ષિત રીતે યુરોપ કે અન્ય માર્ગે ભારત લાવવા માટે રાજદ્વારી પ્રયાસો તેજ કરી રહી છે.

ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૬ પર જોખમ

યુદ્ધ વચ્ચે ખેલાડીઓની મુશ્કેલીમાં સતત વધારો

# દુબઈમાં ધડાકા અને યુદ્ધની આંચ પીવી સિંધુની સહભાગિતા અનિશ્ચિત



(એજન્સી) ચેન્નઈ/દુબઈ | તા. 02

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા સૈન્ય સંઘર્ષની માઠી અસર રમતજગત પર પડી રહી છે. ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ હાલમાં દુબઈમાં ફસાયેલી હોવાથી પ્રતિષ્ઠિત ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં પીવી સિંધુની સહભાગિતા અનિશ્ચિત બની છે. સિંધુ અને તેના કોચ ઈરવાનસ્યા આદિ પ્રતામા શનિવારથી દુબઈમાં અટવાયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેઓ જ્યાં રોકાયા હતા તેની નજીક જ એક વિસ્ફોટ થતા તેઓ આબાદ બચ્યા હતા, ત્યારબાદ તેમને તાત્કાલિક વધુ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

ગલ્ફ વિસ્તારમાં હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે ફ્લાઈટ્સ રદ થઈ રહી છે. મંગળવારે સિંધુનો મુકાબલો થાઈલેન્ડની સુપનિદા કાતેથોંગ સામે થવાનો છે, પરંતુ સમયસર પહોંચવું અત્યારે અશક્ય લાગી રહ્યું છે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) આ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ખેલાડીઓના વિલંબને ધ્યાનમાં રાખીને સ્પર્ધાના શેડ્યૂલમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યું છે. ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૬ માં અન્ય ભારતીય ખેલાડીઓ પણ લાંબા અને થકવી નાખનારા રૂટ દ્વારા પહોંચી રહ્યા છે. જ્યારે સિંધુ માટે પ્રશ્નાર્થ ચિહ્ન છે, ત્યારે લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી સુરક્ષિત રીતે બર્મિંગહામ પહોંચી ગયા છે. લક્ષ્યનો સામનો વિશ્વના નંબર ૧ ખેલાડી ચીનના શી યુ કી સામે થશે, જે અત્યંત કઠિન માનવામાં આવે છે. ઉન્નતિ હૂડા પણ આફ્રિકા થઈને મુસાફરી કરી રહી હોવાથી જેટ લેગનો સામનો કરી શકે છે.

## મેદાન પર ઘોડાઓની દોડ અને જીતનો ઉત્સાહ જિંદલ પોલો એસ્ટેટ કપ ફાઈનલ

ટીમ X નો શાનદાર વિજય નક્કી થયો છે, જિંદલ પેન્થર રનર્સ-અપ બન્યું છે



(એજન્સી) નોઈડા | તા. 02

નોઈડાના જિંદલ ફાર્મ ખાતે રમાયેલા પ્રતિષ્ઠિત જિંદલ પોલો એસ્ટેટ કપમાં રવિવારે રમાયેલી ફાઈનલ મેચ અત્યંત રોમાંચક સાબિત થઈ હતી. આ રસાકસીભર્યા મુકાબલામાં ટીમ X એ શાનદાર રમતનું પ્રદર્શન કરતા જિંદલ પેન્થરને 9.5-6 ના સ્કોરથી હરાવીને ટ્રોફી પર કબજો જમાવ્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન આક્રમક રમત બતાવનાર ટીમ X એ ફાઈનલમાં શરૂઆતથી જ પોતાની પકડ મજબૂત રાખી હતી. આ જીત સાથે જ ટીમ X એ ટુર્નામેન્ટમાં અગાઉ મળેલી હારનો બદલો પણ લઈ લીધો હતો. મેચની શરૂઆતથી જ ટીમ X ના ખેલાડી વેંકટેશ જિંદલે આક્રમક રમત બતાવી હતી. તેમણે કુલ પાંચ ગોલ કરીને પોતાની ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. તેમના આ શાનદાર પ્રદર્શન બદલ તેમને ચેમ્પિયનશિપ મેચના 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. બીજી તરફ, નવીન જિંદલે આખી ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીનું સન્માન મેળવ્યું હતું. ટીમ X નો શાનદાર વિજય ખેલાડીઓના સંયુક્ત પ્રયાસો અને ચોકસાઈભરી રમતનું પરિણામ હતું.

જિંદલ પેન્થર રનર્સ-અપ બન્યું હોવા છતાં તેમણે અંત સુધી હાર માની નહોતી. ભવાની કાલવી અને સિમરન શેરગિલના પ્રયાસો છતાં ટીમ X ના સિદ્ધાંત શર્મા અને ફિલ સેલરના ગોલ્સે સ્કોરનું અંતર જાળવી રાખ્યું હતું. અંતિમ ચક્કરમાં વેંકટેશ જિંદલે વધુ બે ગોલ ફટકારીને સ્કોરને 9.5 પર પહોંચાડ્યો હતો અને ટીમ X માટે ખિતાબ સુનિશ્ચિત કર્યો હતો. મેચ બાદ ફિલ સેલરે જણાવ્યું હતું કે, ટુર્નામેન્ટની શરૂઆતમાં જિંદલ પેન્થર સામે હાર્યા બાદ આ ફાઈનલ જીતવી તે ખૂબ જ સંતોષકારક છે. નોઈડાના શાનદાર મેદાન પર રમાયેલી આ જિંદલ પોલો એસ્ટેટ કપ ફાઈનલ પ્રેક્ષકો માટે પણ યાદગાર બની રહી હતી.

વિવાદ

જેસ મેકક્લેઈનનો પરાજય ભારે ચર્ચામાં, એટલાન્ટા ટ્રેક ક્લબની ભૂલથી પરિણામો બદલાયા

# અમેરિકા હાફ મેરેથોનમાં નેવિગેશનલ ભૂલથી સર્જાયો વિવાદ

(એજન્સી) મેક્સિકો સિટી | તા. 02

અમેરિકાની પ્રતિષ્ઠિત હાફ મેરેથોન ચેમ્પિયનશિપ રવિવારે એક મજાક બનીને રહી ગઈ હતી. રમત જગતમાં ભાગ્યે જ જોવા મળતી એક ઘટનામાં, ગાઈડ વાહનની ગંભીર ભૂલને કારણે અગ્રણી મહિલા દોડવીરો મુખ્ય રસ્તો ભટકી ગયા હતા. જ્યારે દોડ પૂર્ણ થવામાં માત્ર બે માઈલ બાકી હતા, ત્યારે નેવિગેશનલ વાહને ટોચની ત્રણ મહિલા દોડવીરોને ખોટા માર્ગ પર દોરી ગયા હતા. આ અરાજકતાનો ફાયદો ઉઠાવીને મોલી બોર્ન નામની એથલીટ, જે મુખ્ય દોડવીરો કરતા એક મિનિટથી વધુ પાછળ હતી, તેણે આશ્ચર્યજનક વિજય મેળવ્યો હતો. આ ઘટનાએ રમતગમત પ્રેમીઓ અને સત્તાવાળાઓ વચ્ચે ભારે રોષ પેદા કર્યો છે.

જેસ મેકક્લેઈન આ દોડમાં ખૂબ જ આરામદાયક રીતે આગળ વધી રહી હતી અને તેની પાછળ એડના કુર્ગટ અને એમ્મા હર્લી હતા. આ ત્રણેય દોડવીરો જીતની નજીક હતા ત્યારે જ ગાઈડ વાહને તેમને મુખ્ય કોર્સની બહાર કાઢી લીધા હતા. આ ભૂલની કિંમત આ અનુભવી ખેલાડીઓએ હાર સાથે ચૂકવવી પડી હતી. મેકક્લેઈન, જે સપ્ટેમ્બરમાં ટોક્યો ખાતે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં આઠમા ક્રમે રહી હતી, તેણે આ સ્પર્ધા ૯મા ક્રમે પૂર્ણ કરવી પડી હતી. તેવી જ રીતે હર્લી ૧૨મા અને કુર્ગટ ૧૩મા ક્રમે રહી હતી. જ્યારે



બીજી તરફ, મોલી બોર્ને પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને કેઈરી એલવુડ તથા એની રોડેનફેલ્સે પોડિયમ પૂર્ણ કર્યું હતું.

આ વિચિત્ર ઘટના બાદ અસરગ્રસ્ત ખેલાડીઓ દ્વારા કરવામાં આવેલી અપીલને યુએસએ ટ્રેક એન્ડ ફિલ્ડ દ્વારા ફગાવી દેવામાં આવી છે. સંસ્થાએ સ્વીકાર્યું છે કે દોડનો રસ્તો પૂરતો ચિહ્નિત કરવામાં આવ્યો ન હતો, તેમ છતાં પરિણામોમાં ફેરફાર કરવાનો ઈનકાર કર્યો છે. આ દોડ ૨૦૨૬ વર્લ્ડ રોડ રનિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાયર તરીકે પણ સેવા આપતી હતી. જોકે, સંસ્થાએ જણાવ્યું છે કે ટીમની સત્તાવાર પસંદગી મે મહિના સુધી કરવામાં આવશે નહીં, ત્યાં સુધી એટલાન્ટામાં બનેલી આ ઘટનાઓની કાળજીપૂર્વક સમીક્ષા કરવામાં આવશે.

આ વિવાદમાં અત્યારે જવાબદારી કોની છે તે અંગે ખેંચતાણ શરૂ થઈ છે. યુએસએ ટ્રેક એન્ડ ફિલ્ડ (USATF) એ ગાઈડ વાહનની જવાબદારી સ્થાનિક આયોજકો પર નાખી દીધી છે. સંસ્થાના જણાવ્યા અનુસાર, લીડ વાહનો સ્થાનિક આયોજન સમિતિ દ્વારા પૂરા પાડવામાં આવે છે અને તેનું સંચાલન કરવામાં આવે છે. આ બાબતે હવે એટલાન્ટા ટ્રેક ક્લબ સવાલોના ઘેરામાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આયોજકોની બેદરકારીને કારણે આટલી મોટી ચેમ્પિયનશિપની ગરિમાને ઠેસ પહોંચી છે. જેસ મેકક્લેઈન જેવા અનુભવી રમતવીરો માટે આ એક મોટો ફટકો છે. મહિનાઓની સખત મહેનત પછી માત્ર એક ડ્રાઈવરની ભૂલને કારણે ચેમ્પિયનશિપ ગુમાવવી એ આઘાતજનક છે. મીડિયા અહેવાલ મુજબ, મેકક્લેઈન હવે સંસ્થાની સમીક્ષાની રાહ જોઈ રહી છે કે શું તેના ચેમ્પિયનશિપના સપનાઓને બચાવી શકાય છે. આ ઘટનાએ સમગ્ર એથ્લેટિક્સ જગતમાં રમતની નિષ્પક્ષતા અને આયોજનની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. બીજી તરફ, પુરૂષોની દોડમાં વેસ્લી કિપ્ટુએ કોઈ પણ અડચણ વગર વિજય મેળવ્યો હતો.

ટિયાફો સામે સીધા સેટમાં જીત મેળવી ખિતાબ જીત્યો

# ઈટાલિયન સ્ટારનો મેક્સિકોમાં જાદુ ફ્લેવિયો કોબોલીનો ઐતિહાસિક વિજય



(એજન્સી) એકાપુલ્કો | તા. 02

મેક્સિકોના એકાપુલ્કોમાં રમાયેલી મેક્સિકન ઓપન ૨૦૨૬ની ફાઈનલમાં ઈટાલીના ઉભરતા સ્ટાર ફ્લેવિયો કોબોલીએ પોતાની ટેનિસ કારકિર્દીનું ત્રીજું એટીપી (ATP) ટાઈટલ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. શનિવારે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં વિશ્વના ૨૦મા નંબરના ખેલાડી કોબોલીએ અમેરિકાના ફ્રાન્સિસ ટિયાફોને સીધા સેટમાં ૭-૬ (૪), ૬-૪ થી પરાજય આપ્યો હતો. એરેના જીએનપી સેગુરોસ ખાતે બે કલાક અને નવ મિનિટ સુધી ચાલેલા આ જંગમાં ફ્લેવિયો કોબોલીનો ઐતિહાસિક વિજય તેની માનસિક મજબૂતી અને શાનદાર રમતનું પ્રમાણ છે. મેચની શરૂઆતથી જ બંને ખેલાડીઓ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. પ્રથમ સેટમાં ટિયાફોએ જોરદાર લડત આપી હતી અને ૫-૪ ના સ્કોર પર સેટ પોઈન્ટ બચાવીને સેટને ટાઈ બ્રેકર સુધી ખેંચ્યો હતો. જોકે, ટાઈ બ્રેકરમાં કોબોલીએ આક્રમક રમત બતાવી ૬-૪ ની લીડ મેળવી લીધી હતી અને ટિયાફોની ભૂલનો લાભ ઉઠાવી સેટ પોતાના નામે કર્યો હતો. મેક્સિકન ઓપન ૨૦૨૬ ફાઈનલનો આ પ્રથમ સેટ જ મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો હતો.

બીજા સેટમાં પણ રોમાંચ જળવાઈ રહ્યો હતો. કોબોલીએ શરૂઆતમાં જ ટિયાફોની સર્વિસ બ્રેક કરીને ૩-૨ ની લીડ મેળવી હતી. ટિયાફોએ લડત આપીને સ્કોર ૪-૪ ની બરાબરી પર લાવી દીધો હતો, પરંતુ કોબોલીએ તરત જ વળતો પ્રહાર કર્યો હતો. ઈટાલિયન ખેલાડીએ નવમી ગેમમાં ફરીથી બ્રેક મેળવીને ૫-૪ ની સરસાઈ મેળવી અને અંતે પોતાની સર્વિસ જાળવી રાખીને ટ્રોફી જીતી લીધી હતી.

### ડોનાલ્ડ ટ્રમ્પના દાવા પર ગંભીર સવાલો, પેન્ટાગોનનો ખુલાસો અમેરિકી રાજનીતિમાં ગરમાવો

# અમેરિકા પર ઈરાનના હુમલાનો કોઈ પ્લાન જ નહોતો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 02

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા જતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે એક ચોંકાવનારો ખુલાસો થયો છે, જેણે વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. પેન્ટાગોન દ્વારા અમેરિકી કોંગ્રેસને આપવામાં આવેલા ગુપ્ત રિપોર્ટમાં એ વાતનો પર્દાફાશ થયો છે કે ઈરાનનો અમેરિકા પર હુમલો કરવાનો કોઈ પ્રારંભિક પ્લાન જ નહોતો. આ અહેવાલ સીધી રીતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તે દાવાઓની વિરુદ્ધ છે જેમાં તેમણે ઈરાન તરફથી તાત્કાલિક જોખમ હોવાનું જણાવ્યું હતું. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈ વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી પહેલા તેહરાન તરફથી કોઈ આક્રમક ગતિવિધિના સંકેત મળ્યા નહોતા.

સૂત્રો દ્વારા અને મીડિયા અહેવાલ મુજબ, પેન્ટાગોનના વરિષ્ઠ અધિકારીઓએ બંધબારણે થયેલી બેઠકમાં સ્વીકાર્યું છે કે તેમની પાસે એવી કોઈ જાસૂસી માહિતી નહોતી જે સાબિત કરી શકે કે ઈરાન અમેરિકા પર વહેલા તે પહેલાના ધોરણે હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હતું. અગાઉ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા સતત એવો પ્રચાર કરવામાં આવતો હતો કે અમેરિકાના હિતો પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે અને ઈરાન ગમે ત્યારે હુમલો કરી શકે છે. પરંતુ હવે પેન્ટાગોનના આ આંતરિક અહેવાલે સરકારના જૂના દાવાઓ પર શંકાના વાદળો ઘેરા કર્યા છે અને વિપક્ષને પણ આક્રમક થવાની તક આપી છે.

પેન્ટાગોને કોંગ્રેસની બ્રીફિંગમાં સ્પષ્ટ કર્યું હતું કે ઈરાનની બેલેસ્ટિક મિસાઈલો અને તેના સમર્થિત સંગઠનો નિશ્ચિતપણે અમેરિકા માટે પડકારરૂપ હતા, પરંતુ તે સમયે કોઈ પણ પ્રકારના ઈન્ટેલિજન્સ રિપોર્ટમાં તાત્કાલિક હુમલાની વાત કરવામાં આવી નહોતી. ઈરાન પાસે આધુનિક શસ્ત્રાગાર હોવા છતાં, તેઓ અમેરિકા સાથે સીધા યુદ્ધમાં ઉતરવા માટે તત્પર હતા તેવા કોઈ પુરાવા જમીની સ્તરે જોવા મળ્યા નહોતા. આ





ખુલાસા બાદ હવે એ પ્રશ્ન ઉઠી રહ્યો છે કે શું ટ્રમ્પ વહીવટીતંત્રે જાણીજોઈને યુદ્ધ જેવો માહોલ ઉભો કર્યો હતો?

આ સમાચાર બહાર આવતા જ ઈરાન અને અમેરિકા-ઈઝરાયલના સંબંધોમાં નવો વળાંક આવ્યો છે. મીડિયા અહેવાલોમાં જણાવ્યા અનુસાર, ઈરાને પણ આ અહેવાલ બાદ પોતાનો પક્ષ મજબૂત બનાવ્યો છે. તેહરાન સતત કહેતું આવ્યું છે કે તેમનો હેતુ ક્યારેય આક્રમકતાનો નહોતો, પરંતુ માત્ર આત્મરક્ષણનો હતો. બીજી તરફ, અમેરિકામાં પણ આ મુદ્દે રાજકીય ખેંચતાણ શરૂ થઈ છે. સેનેટમાં અનેક સભ્યોએ ટ્રમ્પ સરકાર પાસે આ મામલે લેખિત સ્પષ્ટતા માંગી છે કે કયા આધારે તેમણે ઈરાન વિરુદ્ધ આટલા કડક પગલાં ભર્યા હતા.

આ ચોંકાવનારા અહેવાલની અસર માત્ર વર્તમાન ઘટનાક્રમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભવિષ્યમાં અમેરિકાની વિદેશ નીતિને પણ પ્રભાવિત કરી શકે છે. જો પેન્ટાગોન અને વ્હાઈટ હાઉસના મંતવ્યોમાં આટલો મોટો તફાવત હોય, તો તે અમેરિકાની સુરક્ષા વ્યવસ્થાની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. આગામી સમયમાં કોંગ્રેસમાં આ મુદ્દે વધુ સુનાવણી થઈ શકે છે, જેમાં વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવાની સંભાવના છે. પશ્ચિમ એશિયાના દેશો પણ આ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે કારણ કે આ વિસ્તારની શાંતિ અમેરિકાના નિર્ણયો પર નિર્ભર છે.

લોહીની હોળી ખેલાશે

## કેનેડામાં ગેંગવોરની દહેશત વચ્ચે અંધાધૂંધ ફાયરિંગ

(એજન્સી) ટોરન્ટો/મિસિસૌગા । તા. 02



કેનેડાની ધરતી પર ભારતીય ગેંગસ્ટરો વચ્ચેનો સીતારામ ગેંગવોર હવે આંતરરાષ્ટ્રીય ચિંતાનો વિષય બન્યો છે. ટોર્ન્ટો નજીક મિસિસૌગામાં એક યાર્ડ પર થયેલા તાજેતરના ફાયરિંગ બાદ કેનેડામાં ગેંગવોરની દહેશત ચરમસીમાએ પહોંચી છે. કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારાની ટોળકીએ આ હુમલાની જવાબદારી સ્વીકારીને લોરેન્સ બિશ્નોઈ ગેંગના નજીકના સાથીઓને ખુલ્લી ચેતવણી આપી છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ભારતથી હજારો કિલોમીટર દૂર પણ આ ગેંગસ્ટરો પોતાની રંજિશ પૂરી કરવા કોઈ પણ હદ વટાવી શકે છે. રોહિત ગોદારા ગેંગના સાથીદારો મહેન્દ્ર ડેલાના અને સની યામાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને સનસનાટી મચાવી દીધી છે. તેમણે દાવો કર્યો છે કે સની ડેસી નામના શખ્સના યાર્ડ પર ફાયરિંગ એટલા માટે કરવામાં આવ્યું કારણ કે તેણે ગેંગના ફોન કોલ્સને નજરઅંદાજ કર્યા હતા. રોહિત ગોદારા ગેંગની ધમકીમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, "આ તો માત્ર ટ્રેલર છે, જો ૨૪ કલાકમાં જવાબ નહીં મળે તો આખું પિક્ચર બતાવી દઈશું."

## ન્યૂઝ બ્રીફ

### ઈરાનમાં લોકશાહીનો ઉદય સરમુખત્યારશાહીના અંતની શરૂઆત થઈ



ઓન્ટારિયો/તેહરાન | ઈરાનના સર્વોચ્ચ નેતા આયતોલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુ બાદ સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ઈરાની સમુદાયમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે. કેનેડાના પૂર્વ ધારાસભ્ય અને જાણીતા કાર્યકર ગોલ્ડી ઘામારીએ દાવો કર્યો છે કે હાલમાં ઈરાની શાસન સામે અત્યાર સુધીનો સૌથી મોટો લોકજુવાળ ઉભો થઈ રહ્યો છે. ઈરાનમાં લોકશાહીનો ઉદય હવે માત્ર સમયની વાત છે અને દેશ આઝાદીના ઉંબરે આવીને ઊભો છે. ઘામારીએ ખામેનેઈની સરખામણી આધુનિક યુગના હિટલર સાથે કરતા જણાવ્યું કે, દાયકાઓથી અત્યાચાર સહન કરતી જનતા હવે આરપારના જંગ માટે તૈયાર છે. વિશ્વભરમાં વસતા ઈરાનીઓમાંથી લગભગ દસ ટકા લોકો ઈસ્લામિક શાસનના ડરથી દેશ છોડીને ભાગી ગયા હતા. હવે જ્યારે શાસન નબળું પડી રહ્યું છે, ત્યારે આ લાખો લોકો પોતાના વતનમાં પરત ફરીને એક બિનસાંપ્રદાયિક અને લોકશાહી રાષ્ટ્રના નિર્માણમાં મદદ કરવા ઈચ્છે છે. ઈસ્લામિક શાસન વિરુદ્ધ બળવો માત્ર ભૌતિક નથી, પરંતુ વૈચારિક પણ છે. ઘામારીના મતે, તેહરાનમાં જે લોકો શોક મનાવી રહ્યા છે તે શાસનના પગારદાર માણસો છે, જ્યારે સામાન્ય જનતા અંદરખાને ઉજવણી કરી રહી છે.

### મેદાન-એ-જંગમાં મોટી રાહત ઈરાનમાં ફસાયેલા વિદ્યાર્થીઓ માટે રાહત



તેહરાન | પશ્ચિમ એશિયામાં યુદ્ધની ભીષણ જ્વાળાઓ વચ્ચે ઈરાનમાં ફસાયેલા હજારો ભારતીય વિદ્યાર્થીઓ માટે આખરે રાહતના સમાચાર આવ્યા છે. ઈરાન સરકારે જાહેરાત કરી છે કે વિદેશી વિદ્યાર્થીઓ હવે જમીની સરહદો મારફતે દેશની બહાર નીકળી શકશે. હવાઈ માર્ગો બંધ હોવાને કારણે સર્જાયેલી મડાગાંઠ વચ્ચે આ નિર્ણયથી ઈરાનમાં ફસાયેલા વિદ્યાર્થીઓ માટે રાહત મળી છે. તેહરાને વધુમાં જણાવ્યું છે કે જે વિદ્યાર્થીઓ અત્યારે દેશ છોડશે, તેમની સત્રાંત પરીક્ષાઓ અને પીએચડી થીસીસના બચાવ માટે ભવિષ્યમાં નવી તારીખો જાહેર કરવામાં આવશે, જેથી તેમનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં. તેહરાન અને ઉર્મિયા જેવા શહેરોમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે. શ્રીનગરની એક વિદ્યાર્થીની આયશાએ પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, દર ૧૫ મિનિટે બોમ્બ ધડાકાના અવાજો સંભળાય છે અને ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ છે. જમીની સરહદેથી વતન વાપસી માટે અગાઉ યુનિવર્સિટીઓ સહકાર આપતી નહોતી, પરંતુ હવે બદલાયેલી પરિસ્થિતિમાં શૈક્ષણિક સંસ્થાઓએ પણ લવચીક વલણ અપનાવ્યું છે.

### ઈઝરાયલ પર રોકેટ મારો શરૂ થતા ખળભળાટ, આયતુલ્લા અલી ખામેનેઈનું નિધન યુદ્ધનું નિમિત્ત બન્યું

# હિઝબુલ્લાહની યુદ્ધમાં એન્ટ્રી મધ્ય પૂર્વમાં મહાસંગ્રામ

(એજન્સી) તહેરાન/તેલ અવીવ । તા. 02

મધ્ય પૂર્વમાં ચાલી રહેલું લોહિયાળ યુદ્ધ હવે એક અત્યંત વિનાશક અને નિર્ણાયક વળાંક પર આવી પહોંચ્યું છે. ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ એવી અપેક્ષા હતી કે ઈરાન કદાચ રક્ષણાત્મક વલણ અપનાવશે, પરંતુ હકીકત તેનાથી બિલકુલ ઉલટી જોવા મળી રહી છે. ખામેનેઈના સૌથી વફાદાર અને શક્તિશાળી સાથી ગણાતા લેબેનોનના સંગઠન 'હિઝબુલ્લાહ'એ હવે આ જંગમાં સત્તાવાર રીતે ઝંપલાવ્યું છે. હિઝબુલ્લાહની આ એન્ટ્રીએ ઈઝરાયલ અને અમેરિકાની ઉંઘ ઉડાવી દીધી છે. દાયકાઓ સુધી જે સંગઠનને ખામેનેઈએ હથિયારો અને ટ્રેનિંગ આપીને મજબૂત કર્યું હતું, તે હવે તેમના મોતનો બદલો લેવા માટે ઈઝરાયલ પર તૂટી પડ્યું છે.

હાઈફા શહેર પર રોકેટ મારો: ઈઝરાયલી સેના ચોંકી ઉઠી

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે લેબેનોન તરફથી ઈઝરાયલના મહત્વના બંદર શહેર હાઈફા પર શ્રેણીબદ્ધ રોકેટ હુમલા કરવામાં આવ્યા હતા. ઈઝરાયલી ડિફેન્સ ફોર્સિસ (IDF) એ પુષ્ટિ કરી છે કે હાઈફા શહેરને નિશાન બનાવીને છ જેટલા શક્તિશાળી રોકેટ દાગવામાં આવ્યા હતા. જોકે, ઈઝરાયલની અત્યાધુનિક સંરક્ષણ પ્રણાલીએ આ રોકેટોને હવામાં જ તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે, પરંતુ આ હુમલાએ ઈઝરાયલના સુરક્ષા કવચમાં ગાબડું પાડવાના સંકેતો આપ્યા છે. ૨૦૨૪ના સીઝફાયર પછી લેબેનોન સરહદેથી થયેલો આ પહેલો મોટો હુમલો છે, જે સાબિત કરે છે કે હવે યુદ્ધની જ્વાળા લેબેનોન સુધી પહોંચી ગઈ છે.





### ■ ઈરાન બદલાનો લાલ ઝંડો લહેરાવી યુદ્ધની કરી જાહેરાત

તહેરાન | મધ્ય પૂર્વના દેશોમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત સૈન્ય ઓપરેશનમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ બાદ ઈરાને બદલાની આગમાં સળગી રહ્યું છે. ઈરાને સત્તાવાર રીતે અમેરિકા અને ઈઝરાયેલ સામે ધાર્મિક યુદ્ધ એટલે કે 'જેહાદ'ની ઘોષણા કરી દીધી છે. આ જાહેરાતની સાથે જ તહેરાનની વિશ્વ પ્રસિદ્ધ જામકરાન મસ્જિદના ગુંબજ પર લાલ રંગનો ઝંડો લહેરાવવામાં આવ્યો છે. આ લાલ ઝંડો એ વાતનું પ્રતીક છે કે હવે ઈરાન શાંત બેસશે નહીં અને પોતાના સર્વોચ્ચ નેતાના મોતનો બદલો લેવા માટે કોઈપણ હદ સુધી જશે. ઈરાની સંસ્કૃતિ અને પરંપરા મુજબ, મસ્જિદના ગુંબજ પર લાલ ઝંડો લહેરાવવો એ અત્યંત ગંભીર સંકેત માનવામાં આવે છે. લાલ રંગ એ લોહી, ગુસ્સો અને ન્યાય માટેના બદલાનું પ્રતીક છે. તહેરાનની જામકરાન મસ્જિદ ઈરાનની સૌથી પવિત્ર અને મહત્વની મસ્જિદોમાંની એક ગણાય છે. જ્યારે આ મસ્જિદ પર આવો ઝંડો ફરકાવવામાં આવે છે, ત્યારે તેનો સીધો અર્થ એ છે કે રાષ્ટ્ર હવે યુદ્ધના મોડમાં છે અને જ્યાં સુધી અન્યાયનો બદલો લેવામાં નહીં આવે ત્યાં સુધી આ ઝંડો ઉતારવામાં આવશે નહીં. આ ઘટનાએ સમગ્ર વિશ્વમાં ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વગાડી દીધા છે.

## યુદ્ધની જ્વાળામાં અમેરિકા પર આતંકી હુમલાનું સંકટ ઘેરાયું તંત્ર એલર્ટ

વોશિંગ્ટન ડીસી | અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષના પગલે હવે યુએસ હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે અત્યંત ગંભીર ચેતવણી જારી કરી છે. અમેરિકી દળો દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ હવે વળતા પ્રહાર તરીકે અમેરિકા પર આતંકી હુમલાનું સંકટ વધી ગયું છે. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, દેશની ધરતી પર 'લોન-વુલ્ફ' (એકલા હાથે હુમલો કરનાર) અને મોટા પાયે સાયબર હુમલા થવાની પૂરેપૂરી શક્યતા છે. ખાસ કરીને ઈરાનના સર્વોચ્ચ નેતા આયતોલ્લાહના મોતના અહેવાલો જો સાચા સાબિત થશે, તો પરિસ્થિતિ વધુ સ્ફોટક બની શકે છે. સુરક્ષા બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે ટૂંકા ગાળામાં ઈરાન સમર્થિત હેકર્સ અમેરિકી નેટવર્ક પર હુમલા કરી શકે છે. આ હુમલાઓમાં સરકારી વેબસાઈટ્સને નિશાન બનાવવી અથવા સર્વર ઠપ કરી દેવા જેવી પ્રવૃત્તિઓ સામેલ હોઈ શકે છે. ઈરાન સાથે વધતા તણાવની ચેતવણી વચ્ચે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુરક્ષિત રાખવું એ હવે અમેરિકા માટે મોટો પડકાર બની ગયો છે.

## ઈરાનમાં સત્તા પરિવર્તનનો સંકેત શું 47 વર્ષ જૂના શાસનનો અંત આવશે

(એજન્સી) લંડન/તહેરાન । તા. 02

પશ્ચિમ એશિયામાં વધી રહેલા પ્રચંડ તણાવ વચ્ચે લંડનની પ્રતિષ્ઠિત એસ.ઓ.એ.એસ. (SOAS) યુનિવર્સિટીના નિષ્ણાતોએ એક અત્યંત મહત્વનું નિવેદન આપ્યું છે. ઈરાન પર થયેલા તાજેતરના સૈન્ય હુમલાઓ બાદ હવે ઈરાનમાં સત્તા પરિવર્તનનો સંકેત સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. વિદ્વાન બરઝીન વાઘમરના મતે, આ સંઘર્ષની શરૂઆત ગઈકાલે નહીં, પરંતુ ૧૯૭૯માં ઈસ્લામિક રિપબ્લિકની સ્થાપના સાથે જ થઈ ગઈ હતી. ઈરાનનું વર્તમાન શાસન પોતાના જ નાગરિકોના લોહીનું તરસ્યું હોવાના ગંભીર આરોપો સાથે હવે 'કામ પૂરું કરવાનો' સમય આવી ગયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

દિવંગત સર્વોચ્ચ નેતા આયતોલ્લાહ ખામેનેઈના શાસનકાળ દરમિયાન ઈરાને માત્ર પોતાના દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર પડોશી દેશોમાં પણ અસ્થિરતા



ફેલાવી છે. નિષ્ણાતોનું માનવું છે કે જ્યાં સુધી તેહરાનમાં સત્તાનું માળખું નહીં બદલાય, ત્યાં સુધી પશ્ચિમ એશિયામાં શાંતિની આશા ઠગારી જ રહેશે. જોકે, પેલેસ્ટાઈન જેવા મુદ્દાઓ હજુ પણ રહેશે, પરંતુ ઈરાનનું બદલાતું સ્વરૂપ પ્રાદેશિક સ્થિરતા માટે અનિવાર્ય છે. તાજેતરમાં થયેલા સંયુક્ત હુમલામાં ખામેનેઈ અને તેમના પરિવારના મોતના અહેવાલો બાદ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાની જનતાને આહવાન કર્યું છે કે આ તેમની પાસે સરકાર બદલવાની છેલ્લી તક છે.

## પાકિસ્તાન અફઘાનિસ્તાન સરહદ યુદ્ધ રાવલપિંડી ધણધણ્યું

### નૂરખાન એરબેઝ પર હુમલો અત્યંત ગંભીર, ડ્યુરન્ડ લાઇન પર તણાવ ચરમસીમાએ પહોંચ્યો

(એજન્સી) ઇસ્લામાબાદ/કાબુલ । તા. 02

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલો લોહિયાળ સંઘર્ષ હવે કાબૂ બહાર જઈ રહ્યો હોય તેવું જણાય છે. તાલિબાન શાસિત અફઘાનિસ્તાને પાકિસ્તાનના અત્યંત સંવેદનશીલ ગણાતા રાવલપિંડી સ્થિત 'નૂર ખાન એરબેઝ' પર ભયાનક હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. આ હુમલા બાદ બંને દેશો વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ, જે ડ્યુરન્ડ લાઇન તરીકે ઓળખાય છે, ત્યાં ભારે ગોળીબાર અને હવાઈ હુમલા ચાલુ છે. તાલિબાનના ટોચના મંત્રીઓએ દાવો કર્યો છે કે તેમના લડાયકો સરહદ ઓળંગીને પાકિસ્તાની પ્રદેશમાં ઘૂસી ગયા છે, જેના કારણે ઈસ્લામાબાદમાં ફફડાટ વ્યાપી ગયો છે.

તાલિબાન સરકારના સત્તાવાર નિવેદન મુજબ, આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા અગાઉના હવાઈ હુમલાના વળતા જવાબ તરીકે કરવામાં આવી છે. અફઘાનિસ્તાને માત્ર રાવલપિંડીના એરબેઝને જ નહીં, પરંતુ બલૂચિસ્તાનના ક્વેટામાં આવેલી ૧૨મી કોરના મુખ્યાલય અને ખૈબર પખ્તુનખ્વાના મોહમ્મદ ક્ષેત્રમાં આવેલા સૈન્ય કેમ્પને પણ નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે. આ હુમલાઓ એટલા તીવ્ર હતા કે પાકિસ્તાની સેનાને પાછળ હટવાની ફરજ પડી હોવાનો દાવો અફઘાન સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, પાકિસ્તાની વાયુસેનાએ વળતો પ્રહાર શરૂ કરી દીધો છે. સામે



